ગુજરાત સમાચાર
રવિવાર, ૨૯-૧૧-૨૦૨૬

રવિપૂર્તિ

www.gujaratsamachar.com



મહિલા પહેલવાન મનીષા ભાનવાલાએ દિવંગત પિતાનું સ્વપ્ન સાકાર કર્યું



ગાર્ગી - યાજ્ઞવલ્ક્ય સંવાદ : અક્ષર બ્રહ્મની સંકલ્પના અને ભૌતિકવિજ્ઞાન

ઓસ્ટ્રેલિયાના જેમ્સ હેરીસને 64 વર્ષમાં 1000થી વધુ વખત પ્લાઝ્મા ડોનેટ કરીને 24 લાખ બાળકોના જીવ બચાવ્યા છે

મેન વીથ ગોલ્ડન આર્મ



આ પણે સામાન્ય રીતે હીરોની કલ્પના કરીએ ત્યારે આંખ સામે કોઈ અસાધારણ શક્તિ ધરાવતી વ્યક્તિનું ચિત્ર ઊભું થાય છે. કોઈ બહાદુર સૈનિક, કોઈ મહાન વૈજ્ઞાનિક, કોઈ સમાજસેવક કે પછી લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવનાર મહાનુભાવ! પરંતુ ક્યારેક હીરો આપણા જેવા જ સામાન્ય માણસોમાંથી જન્મે છે. તેની પાસે ન કોઈ વિશેષ સત્તા હોય છે, ન અસાધારણ સંપત્તિ કે ન કોઈ ચમત્કારિક શક્તિ. તેની પાસે હોય છે માત્ર સંવેદનશીલ હૃદય, બીજાના દુ:ખને સમજવાની ક્ષમતા અને કોઈની મદદ માટે સતત કંઈક કરતા રહેવાની તૈયારી. ઓસ્ટ્રેલિયાના જેમ્સ હેરિસનની કહાની આ વાતનું જીવંત ઉદાહરણ છે. સોયથી ડરતા આ માણસે પોતાના જીવનનાં લગભગ ૬૪ વર્ષ રક્તદાન અને પ્લાઝ્મા ડોનેશન માટે સમર્પિત કર્યા અને અંદાજે ૨૪ લાખ નવજાત બાળકોના જીવનને સુરક્ષિત કરવામાં મદદરૂપ બન્યા.

હોરાઈઝન

ભવેન કચ્છી

નવું જીવન મળ્યું

વર્ષ ૧૯૫૧ની વાત છે. ઓસ્ટ્રેલિયાનો ૧૪ વર્ષનો એક કિશોર જેમ્સ હેરિસન હોસ્પિટલના પલંગ પર હતો. તેની છાતીનું મોટું ઓપરેશન થયું હતું અને ડોક્ટરોએ તેની એક ફેફસાંની પેશી દૂર કરી હતી. ઓપરેશન બાદ તેની જિંદગી બચાવવામાં અજાણ્યા લોકોના રક્તનું મહત્ત્વનું યોગદાન હતું. સારવાર દરમિયાન તેને ૧૩ યુનિટ રક્ત ચડાવવામાં આવ્યું હતું. તે ૧૩ દાતાઓને જેમ્સ ક્યારેય ઓળખી શકવાનો નહોતો. તેમનાં નામ પણ કદાચ તેને ક્યારેય જાણવા મળવાનાં નહોતાં. પરંતુ આ અજાણ્યા લોકોએ સ્વેચ્છાએ કરેલા રક્તદાનને કારણે એક કિશોરને નવું જીવન મળ્યું હતું.

સ્વસ્થ થયા પછી તેના પિતા રેગે તેને સમજાવ્યું કે તારી જિંદગી બચાવવામાં અજાણ્યા લોકોના રક્તદાનનો કેટલો મોટો ફાળો છે. આ લોકોએ કોઈ અપેક્ષા વિના, કોઈ ઓળખાણ વિના, કોઈ વળતરની આશા રાખ્યા વિના તારા માટે રક્ત આપ્યું છે. કોઈ અજાણી વ્યક્તિનું જીવન બચાવવા માટે પોતાનું રક્ત આપવું એ કેટલી મોટી માનવતા છે!

પિતાની પ્રેરણા

પિતાની આ વાત જેમ્સના મનમાં ઊંડે સુધી ઉતરી ગઈ. તેણે નક્કી કર્યું કે જ્યારે તે ૧૮ વર્ષનો થશે ત્યારે પોતે પણ રક્તદાન કરવાનું શરૂ કરશે. અજાણ્યા લોકોએ તેના માટે જે કર્યું હતું તેનું ઋણ કદાચ ક્યારેય ચૂકવી શકાય તેમ નહોતું, પરંતુ તે પણ કોઈના જીવનમાં ઉપયોગી બની શકે તો એ જ તેના માટે સૌથી મોટી કૃતજ્ઞતા હશે.

જોકે, આ નિર્ણયમાં એક રસપ્રદ વિરોધાભાસ હતો. જેમ્સને સોયનો ભારે ડર લાગતો હતો. ઈન્જેક્શન લેવાની વાત આવે તો પણ તે અસ્વસ્થ થઈ જતો. તેમ છતાં ૧૯૫૪માં ૧૮ વર્ષનો થતાં જ તેણે પોતાનું વચન નિભાવ્યું. સોયનો ડર બાજુ પર રાખીને તે રક્તદાન કેન્દ્ર પહોંચ્યો અને રક્તદાન કર્યું. ત્યારે તેને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે તેનો આ નાનકડો નિર્ણય એક દિવસ લાખો પરિવારોના જીવનમાં આશાનું કિરણ બની રહેશે.

જીવનરક્ષક બન્યા

થોડાં વર્ષો પછી ડોક્ટરોને જેમ્સના લોહીમાં એક અસાધારણ બાબત જાણવા મળી. તેના લોહીના પ્લાઝ્મામાં એક અત્યંત દુર્લભ પ્રકારની એન્ટિબોડી હતી. આ એન્ટિબોડીનો ઉપયોગ કરીને 'એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્યુલિન' નામની દવા તૈયાર કરી શકાય તેમ હતી. આ દવા એક ગંભીર તબીબી સમસ્યા સામે રક્ષણ આપવામાં ઉપયોગી સાબિત થઈ, જેને 'રિસસ ડિસીઝ' અથવા Rh અસંગતતા સંબંધિત રોગ તરીકે ઓળખવામાં આવે છે.

આ સમસ્યાને સમજવા માટે ગર્ભાવસ્થાની એક જટિલ પરિસ્થિતિ સમજવી જરૂરી છે. કેટલીક સ્ત્રીઓનું રક્ત Rh નેગેટિવ હોય છે, જ્યારે તેમના ગર્ભમાં રહેલા બાળકનું રક્ત Rh પોઝિટિવ હોઈ શકે છે. આવી સ્થિતિમાં માતાની રોગપ્રતિકારક શક્તિ ક્યારેક બાળકના લાલ રક્તકણો સામે એન્ટિબોડી બનાવવાનું શરૂ કરે છે. ખાસ કરીને ત્યાર પછીની ગર્ભાવસ્થામાં આ એન્ટિબોડીઝ બાળકના રક્તકણોને નુકસાન પહોંચાડી શકે છે. તેના પરિણામે બાળકને ગંભીર એનિમિયા થઈ શકે છે, મગજને નુકસાન પહોંચી શકે છે, ગર્ભમાં જ બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.

આજથી દાયકાઓ પહેલાં આવી સ્થિતિ અનેક પરિવારો માટે ચિંતાજનક હતી. ગર્ભાવસ્થા દરમિયાન બાળકને ગુમાવવાનો ભય માતા-પિતા માટે અત્યંત પીડાદાયક હતો. એન્ટી-ડી દવાની શોધ અને તેના ઉપયોગથી આ જોખમને અટકાવવામાં મોટી સફળતા મળી. Rh નેગેટિવ માતાના શરીરમાં હાનિકારક એન્ટિબોડી બનતી અટકાવવામાં આ દવા મદદરૂપ બની.

> 'હું કંઈ બહુ મોટુ કામ નથી કરતો, કોફી અને બિસ્કિટ સાથે થોડો સમય ડોક્ટર સાથે વિતાવું છું'

પ્લાઝ્માનો દાતા

જેમ્સના લોહીના પ્લાઝ્મામાં રહેલી દુર્લભ એન્ટિબોડી આ દવાના વિકાસ માટે અત્યંત ઉપયોગી હતી. ડોક્ટરોએ તેને સમજાવ્યું કે તેના પ્લાઝ્મા દ્વારા આવી દવા તૈયાર કરવામાં મદદ મળી શકે છે, જે અસંખ્ય ગર્ભસ્થ બાળકોને ગંભીર જોખમમાંથી બચાવી શકે છે.

ડોક્ટરોએ જેમ્સને સામાન્ય રક્તદાનને બદલે પ્લાઝ્મા ડોનેશન કરવાની વિનંતી કરી. પ્લાઝ્મા ડોનેશનની પ્રક્રિયા સામાન્ય રક્તદાન કરતાં લાંબી અને થોડી વધુ સમય માગતી હતી. દરેક વખતે લગભગ ૯૦ મિનિટ સુધી દાનની પ્રક્રિયામાં રહેવું પડતું અને નિયમિત અંતરે કેન્દ્ર પર આવવું પડતું.

જેમ્સ ઇચ્છે તો ના પાડી શકતો હતો. ૧૮ વર્ષની ઉંમરે કરેલું વચન તે નિભાવી ચૂક્યો હતો. પરંતુ જ્યારે તેને સમજાયું કે તેના પ્લાઝ્માથી અજાણ્યા પરિવારોનાં બાળકોને સુરક્ષિત રાખી શકાય છે ત્યારે તેણે બીજી વાર વિચાર કર્યો નહીં. તેણે પ્લાઝ્મા ડોનેશન ચાલુ રાખવાનો નિર્ણય લીધો.

અને શરૂ થઈ માનવતાની એક અસાધારણ યાત્રા, જે લગભગ ૬૪ વર્ષ સુધી ચાલી.

સેવાની ભાવના

સમય પસાર થતો ગયો. જેમ્સે રેલવેમાં ક્લાર્ક તરીકે નોકરી કરી. જીવનમાં અનેક ઉતારચઢાવ આવ્યા. વર્ષ ૨૦૦૫માં તેની પત્ની બાર્બારાનું અવસાન થયું. વ્યક્તિગત જીવનની મુશ્કેલીઓ અને બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પણ તેણે પ્લાઝ્મા ડોનેશન ચાલુ રાખ્યું. નિવૃત્તિ પછી પણ આ ક્રમ અટક્યો નહીં.

પૌત્રનો બચાવ

જેમ્સના જીવનમાં આ સેવાનો એક અત્યંત અંગત અને ભાવુક પ્રસંગ પણ જોડાયેલો હતો. તેની પુત્રી ટ્રેસીએ ગર્ભાવસ્થા દરમિયાન એન્ટી-ડીની સારવાર લીધી હતી. જે દવાના વિકાસમાં તેના પિતાના પ્લાઝ્માનું યોગદાન હતું, એ જ દવાએ તેની પુત્રીની ગર્ભાવસ્થાને સુરક્ષિત બનાવવામાં મદદ કરી. તેના પરિવારની આગામી પેઢી સુધી આ યોગદાનની અસર પહોંચી હતી. તેનો પૌત્ર સ્કોટ પણ આ તબીબી વારસાથી જોડાયેલા પરિવારના સભ્યોમાંનો એક હતો.

આ ઘટના જાણે જીવનનું એક સુંદર વર્તુળ પૂરું કરતી હોય એવી લાગે છે. એક સમયે અજાણ્યા લોકોએ જેમ્સને રક્ત આપીને તેનું જીવન બચાવ્યું હતું.

ત્યારબાદ જેમ્સે પોતાના રક્તના પ્લાઝ્મા દ્વારા લાખો અજાણ્યા બાળકોના જીવનને સુરક્ષિત કરવામાં મદદ કરી. અને અંતે એ જ તબીબી પ્રગતિનો લાભ તેના પોતાના પરિવારને પણ મળ્યો.

અસાધારણ યોગદાન

જેમ્સ હેરિસનને સમય જતાં 'મેન વિથ ધ ગોલ્ડન આર્મ' તરીકે ઓળખવામાં આવવા લાગ્યો. તેના પ્લાઝ્મામાં રહેલી દુર્લભ એન્ટિબોડીનું મહત્ત્વ એટલું વિશેષ હતું કે ઓસ્ટ્રેલિયામાં તેની મદદથી તૈયાર થતી એન્ટી-ડી દવાના વિકાસ અને ઉત્પાદન માટે તેનું યોગદાન અત્યંત મહત્ત્વનું બન્યું.

મે ૨૦૧૮માં ૮૧ વર્ષની ઉંમરે તેણે પ્લાઝ્મા ડોનેશનમાંથી નિવૃત્તિ લીધી. ત્યાં સુધીમાં તે કુલ ૧,૧૭૩ વખત રક્ત અથવા પ્લાઝ્મા દાન કરી ચૂક્યો હતો. ઓસ્ટ્રેલિયાના અંદાજ મુજબ તેના યોગદાનથી આશરે ૨૪ લાખ બાળકોને સુરક્ષિત રાખવામાં મદદ મળી હતી. આ આંકડો જ તેની સેવાની વિશાળતાનો પરિચય આપે છે.

તેના અંતિમ ડોનેશનનો પ્રસંગ અત્યંત ભાવુક હતો. એન્ટી-ડી સારવારથી જેમનાં બાળકોને લાભ થયો હતો તેવી અનેક માતાઓએ તેને મળીને આભાર વ્યક્ત કર્યો. તેમના માટે જેમ્સ માત્ર એક રક્તદાતા નહોતો. તેમનાં બાળકોને સુરક્ષિત જીવનની શરૂઆત કરવામાં મદદ કરનાર એક અજાણ્યો દેવદૂત હતો.

લોકો તેને હીરો ગણી પૂજતા હતા પણ તેને પોતાનામાં કોઈ અસાધારણતા દેખાતી નહોતી. તે કહેતા કે હું તો માત્ર ડોનેશન સેન્ટર જતો, આરામથી ખુરશી પર બેસતો, કોફી અને થોડો નાસ્તો લેતો અને પછી ઘરે પાછો આવી જતો. તેમાં કોઈ મોટી વાત નથી!

આટલી મોટી સેવા છતાં પ્રસિદ્ધિ કે સન્માન મેળવવાની કોઈ લાલસા નહીં. કદાચ સાચી માનવતાની ઓળખ જ આ છે.

૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ જેમ્સ હેરિસનનું ૮૮ વર્ષની વયે ઊંઘમાં શાંતિપૂર્ણ અવસાન થયું. તેની વિદાય સાથે એક અસાધારણ માનવતાની યાત્રાનો અંત આવ્યો, પરંતુ તેણે આપેલો વારસો ક્યારેય સમાપ્ત થવાનો નથી. લાખો પરિવારોમાં આજે પણ તેનાં યોગદાનની અસર જીવંત છે.

ઓસ્ટ્રેલિયા સરકારે ૧૯૯૯માં તેનું રાષ્ટ્રીય મેડલ આપી સન્માન કર્યું હતું. વિજ્ઞાનીઓએ લેબોરેટરીમાં જ એન્ટી બોડી વિક્સાવવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે જેનું નામ પણ 'જેમ્સ ઈન અ જાર' આપવામાં આવ્યું છે.

જ્ઞાન પોસ્ટ

આપણે ઘણી વાર માનીએ છીએ કે દુનિયા બદલવા માટે અસાધારણ વ્યક્તિ બનવું પડે. જેમ્સ હેરિસન આપણને શીખવે છે કે દુનિયાને વધુ સારી બનાવવા માટે અસાધારણ વ્યક્તિ હોવું જરૂરી નથી. સામાન્ય માણસ પણ અસાધારણ સંવેદના, કરુણા અને જવાબદારી સાથે એવું કામ કરી શકે છે જેની અસર પેઢીઓ સુધી રહે.

કોર્પોરેટ ક્ષેત્રને સકંજામાં લેતી જાસૂસીની જાળ



વિશ્વની કોઈપણ બિઝનેસ સ્કૂલ કે મેનેજમેન્ટ કોલેજોમાં એક વાત ખાસ શીખવાડવામાં આવે છે કે ધંધા-ઉદ્યોગ-વેપારનો મૂળભૂત હેતુ નાણાં કમાવવાનો છે. જો કે આ કોઈ સંસ્થા પૈસા બનાવવાનાં ઉદ્યમ કે નફો કમાવવા માટેની સાચી પદ્ધતિ શીખવાડતી નથી. પરિણામે ઉદ્યોગપતિઓ, વેપારીઓ પૈસા કમાવવા અનીતિના માર્ગે ચાલે છે. યેનકેન પ્રકારે પોતાનો પ્રોફીટ વધારવાના કાવાદાવામાં રચ્યાપચ્યા રહે છે.

તાજેતરમાં જ અમેરિકામાં બનેલી ઘટનાએ આખા જગતના કોર્પોરેટ ક્ષેત્રે એનવિડિયા કંપનીના સીઈઓને સંડોવતું જાસૂસી પ્રકરણ ઉજાગર કર્યું છે.

એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ અને સિંગાપોર સ્થિત ડેટા સેન્ટર કંપની મેગાસ્પીડના પૂર્વ અધિકારી એલિસ હુઆંગ સાથેના કથિત પ્રેમ સંબંધને લઈને વિવાદ સામે આવ્યો હતો. એલિસ હુઆંગના સંબંધો ચીની ગુપ્તચર એજન્સીઓ સાથે હોવાની શંકા હતી, કે શું એલિસ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ચિપ ડિઝાઈન સંબંધિત ગુપ્ત માહિતી બેઈજિંગ સુધી પહોંચી છે.

હોટલાઈન

ભાલચંદ્ર જાની

૨૦૨૧માં અમેરિકાની ફેડરલ જ્યુરીએ ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલયના વરિષ્ઠ અધિકારી યાન્જુન ઝુને આર્થિક જાસૂસી અને વેપારી રહસ્યો ચોરવાના પ્રયાસ બદલ દોષિત જાહેર કર્યા હતા. આ ઈતિહાસનો પ્રથમ એવો કિસ્સો હતો જેમાં ચીનના કોઈ સક્રિય ગુપ્તચર અધિકારીને પ્રત્યાર્પણ દ્વારા અમેરિકા લાવીને કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવી અને સજા કરવામાં આવી હોય.

ચીનાઓ વર્ષો સુધી એવી બડાઇ મારતા હતા કે અમે ક્યારેય કોઇ શત્રુ પાસેથી સિક્રેટ કઢાવવા મોહમાયા, સેક્સી ગતકડાં અજમાવતા નથી. આવા બધા તરકટ તો અમેરિકાની ગુપ્તચર સંસ્થા સીઆઇએ અને રશિયાની કે.જી.બી.ને મુબારક. પરંતુ હકીકત એ છે કે ચાઇનીઝ ઇન્ટેલિજન્સ એજન્સીએ રાજદ્વારી નેતાઓ કે ઉદ્યોગપતિઓ પાસેથી ખાનગી માહિતી કઢાવવા લલનાઓની મોહજાળ પાથરી છે.

એક અમેરિકન ગુપ્તચર કહે છે કે ચીનની મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ સિક્યુરીટી, જે ઇન્ટેલિજન્સ ઓપરેશનનો કારભાર પણ સંભાળે છે તેણે વર્ષોથી મહિલા જાસૂસોનું અલગ નેટવર્ક બનાવ્યું છે. જેમાં ઘણીખરી બિઝનેસમાં પારંગત છે. એનવિડિયાના જેન્સેન હુઆંગ પાસેથી ધંધાદારી સિક્રેટ ઓકાવી ચીનને બાતમી પહોંચાડનારી એલિસ હુઆંગ પણ ચાઇનીઝ બિઝનેસ વુમન હતી. આ સમયે એલિસ સિંગાપુરની ડેટા સેન્ટર કંપની મેગાસ્પીડના ઉચ્ચ અધિકારી હતી અને જ્યારે તેનો ઉપયોગ જાસૂસી માટે કરવાનો નિર્ણય લેવાયો ત્યારે ચીની નેતાઓએ પહેલીવાર ૨૦૨૪માં તાઇપેઇ (તાઇવાન) ખાતેની એક બિઝનેસ મિટિંગમાં એનવિડિયાના સીઇઓ જેન્સન સાથે એલિસની મિટિંગ ગોઠવી હતી. ત્યાં આ ચીની રૂપસુંદરીએ તેનીવાક્છટાથી જેન્સનને પ્રેમજાળમાં ફસાવ્યો હતો. પછી તો શું થયું એ જગજાહેર છે. વર્ષો પૂર્વે રશિયાએ પૂર્વ જર્મનીના 'રોમિયો' સ્ત્રૌણ જેવા દેખાતા યુવાનોની જાસૂસ તરીકે ભરતી કરી હતી. આ યુવકોએ સુંદર સ્ત્રીનો સ્વાંગ સજી પશ્ચિમ યુરોપિયન દેશોમાં વિવિધ દેશના રાજદ્વારીઓને બહેલાવી- ફોસલાવી માહિતી એકત્ર કરવાની કામગીરી બજાવવાની રહેતી.

ચીનની સ્પાઇંગ કરામત જરા લાંબી રહેતી એટલે કે જે વેપારી, ઉદ્યોગપતિ કે સરકારી અફસરને પોતાની ચુંગાલમાં ફસાવવાનો હોય તેને પોતાના મોહપાશમાં જકડીને વાત મહિલા જાસૂસ લગ્ન સુધી પહોંચાડતી. અરે, લગ્ન સુદ્ધા કરી લેતી. કેટલીકવાર તો આવાં જાસૂસી કારનામા પાર પાડવા પેકિંગની ઓપેરા સિંગરોને કામે લગાડાતી. હવે એક નજર ભારત તરફ કરીયે. ભારતમાં પણ ઔદ્યોગિક જાસૂસીનો વ્યાપ ખૂબ વધી ગયો છે.

એક વાત સમજી લો દેશ વિદેશના જાસૂસોને માત્ર ભારતના રોકેટમથક કે સંરક્ષણ સંસ્થાનોની ગતિવિધિઓ જાણવામાં જ રસ છે. એવું નથી. ભારતમાં પગદંડો જમાવવા મલ્ટીનેશનલ કંપનીઓએ ઔદ્યોગિકક્ષેત્રે પણ જાસૂસની જાળ બિછાવી છે. ધંધા ઉદ્યોગમાં સ્પર્ધા વધી જતાં હવે તો આપણી દેશી કંપનીઓ પણ એકબીજાના 'બિઝનેસ સિક્રેટ' જાણવા જાસૂસીનો આશરો લે છે.

ભારતમાં અર્થતંત્રના ઉદારીકરણની સાથે મલ્ટીનેશનલ કંપનીઓનો ઘસારો વધી ગયા પછી ધંધા ઉદ્યોગમાં તીવ્ર હરીફાઈ જોવા મળે છે. તાજેતરના સમયમાં વધુ ને વધુ વિદેશી કંપનીઓ ભારતીય પેઢીઓ સાથે ધંધો વિકસાવવામાં રસ ધરાવતી હોવાને કારણે પણ કોર્પોરેટ ઇન્ટેલિજન્સનું પ્રમાણ વધ્યું છે. થોડાં મહિના પહેલાં યુરોપની એક વેન્ચર ફંડ કંપનીએ એક ભારતીય કંપની ટેકઓવર કરવી હતી ત્યારે તેણે આ દેશી પેઢીની તમામ વિગતો જાણવા દિલ્હીની એક ડિટેક્ટીવ એજન્સીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. દોઢ મહિનાની અંદર આ જાસૂસોએ ભારતીય કંપનીનો પૂરો રિપોર્ટ વેન્ચર ફંડ કંપનીને આપ્યો ત્યાર પછી જ યુરોપિયન કંપનીએ ભારતીય કંપની સાથે સમજૂતી કરાર પર સહીસિક્કા કર્યા હતા.

આજે પણ ટેલિકૉમ્યુનિકેશન, પાવર, ઑટોમોબાઈલ ઉદ્યોગમાં પડેલી કંપનીઓ પોતાના હરિફની હિલચાલ પર નજર રાખવા ખાનગી જાસૂસોની સહાય લે છે. ધંધાદારી સ્પર્ધાને લીધે ઘણી કંપનીઓ તેમની હરીફ કેટલો નફો કરે છે, તેનું ટર્નઓવર કેટલું છે, માર્કેટિંગની નીતિ શું છે, તે નવા કયા પ્લાન્ટ નાંખવાની છે, નવું ક્યું મોડલ બજારમાં મૂકવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે વગેરે માહિતી શક્ય તેટલી ઝડપથી મેળવવા જાસૂસીનો આશરો લે છે. જાસૂસીના આ પ્રકારને કોર્પોરેટ ક્ષેત્રમાં 'ઈન્ડસ્ટ્રીયલ એસપીઓનેજ' (ઔદ્યોગિક જાસૂસી) કહે છે. જોકે હવે આ પ્રકારની જાસૂસી કોર્પોરેટ ઈન્ટેલિજન્સ તરીકે વધુ ઓળખાય છે. અમેરિકા અને યુરોપના મૂડીવાદી દેશમાં તો વર્ષોથી મુક્ત ઔદ્યોગિક વાતાવરણ હોવાથી ત્યાં દરેક કંપનીઓ તીવ્ર હરીફાઈ વચ્ચે ટકી રહેવા મરણિયો જંગ ખેલતી હોય છે. તેમને માટે ઔદ્યોગિક જાસૂસીનો આશરો લેવાનું સાવ સામાન્ય ગણાય. પ્રતિસ્પર્ધીને હંફાવવા માટે તેના ધંધામાં વિક્ષેપ પાડવો, અડપલાં કરવા વગેરે પ્રવૃત્તિઓને ત્યાં 'મન્કી બિઝનેસ' (વાનરવેડા) તરીકે ઓળખાવાય છે. ઔદ્યોગિક જાસૂસી પણ આવી જ એક કૂટનીતિનો ભાગ છે.

આપણા દેશમાં જાણીતી કહેવાય તેવી ખાનગી ધોરણે ચાલતી ૨૦૦૦ વધુ ડિટેક્ટીવ એજન્સીઓ છે. આ એજન્સીઓ સલામતી રક્ષકો પૂરા પાડવા ઉપરાંત ધંધાદારી ધોરણે જાસૂસી કરવાનું કામ પણ કરે છે. દિલ્હીની એક ડિટેક્ટીવ એજન્સીના એક સિનિયર અધિકારીના જણાવ્યા મુજબ હવે વધુને વધુ કંપનીઓ તેમની હરીફ કંપનીઓ વિશેની ખાનગી માહિતી એકત્ર કરવાનું કામ ડિટેક્ટીવ એજન્સીઓ પાસે કરાવે છે.

ઉદાહરણ રૂપે પાટનગરની એક ઓટોમોબાઈલ સ્પેર પાર્ટ્સ બનાવતી કંપનીના સંચાલકોએ શહેરની એક ખાનગી જાસૂસી સંસ્થાનો સંપર્ક સાધ્યો. અને એવી ઓફર મૂકી કે તેમના ૨૦ ગુપ્તચરોને સિક્યોરિટી ગાર્ડ રૂપે બીજી એક ઓટોમોબાઈલ સ્પેર પાર્ટ્સ બનાવતી કંપનીના ચંડીગઢ ખાતેના પ્લાન્ટમાં ગોઠવીને જરૂરી માહિતી એકઠી કરવામાં મદદરૂપ બને. દિલ્હીની ઓટોમોબાઈલ કંપની કરતાં ચંદીગઢવાળી કંપનીનું બજાર ઘણું મોટું હતું. અને દિલ્હીની કંપની આ બજારમાં ભાગ પડાવવા ઈચ્છતી હતી. તેથી તેણે સિક્યુરિટી એજન્સીના માલિકને જણાવ્યું કે તમારા એજન્ટો મારફત તમારે ચંદીગઢની કંપનીમાંથી થોડા થોડા સમયના અંતરે અમુક માહિતી આપતા રહેવાનું. તેના બદલામાં તમને દર મહિને માતબર રકમની ફી આપવામાં આવશે. દિલ્હીની કંપનીને જે માહિતી એજન્ટો મારફતે જોઈતી હતી તે ચંદીગઢની કંપનીના ગોડાઉનમાં પડેલા સ્ટોકની વિગતો, માલ કોને અને ક્યારે મોકલવામાં આવે છે તેની વિગતો અને શક્ય હોય ત્યારે એકાદ-બે સ્પેર પાર્ટ્સના નમૂના લાવી દિલ્હીની કંપનીને આપવા!

સિક્યુરિટી એજન્સીના નામે બોગસ એજન્સીઓ તો ડબલ ક્રોસ એજન્ટ જેવું કામ પણ કરે છે. કંપનીના રહસ્યો અકબંધ રાખવા ભાડે રખાયેલા સિક્યુરિટી ગાર્ડ જ બીજી કંપનીને રસ પડે એવાં રહસ્યો અને ખાનગી માહિતી જણાવી દેતા હોય છે.

છેલ્લાં બે-ત્રણ વર્ષમાં ભારતમાં ઠંડાપીણાં, બ્લેડ, ટેલિવિઝન, મોટરકાર, મોટર સાયકલ, સેલફોન, સિગારેટ, ટેક્સટાઈલ્સ અને કમ્પ્યુટરના ધંધામાં ગળાકાપ હરીફાઈ જામી છે. તેને કારણે દરેક કંપનીઓ પોતાનું વેચાણ અને નફો વધારવા જાતજાતની રીતરસમો અજમાવે છે. દરેક ધંધામાં સૌથી સફળ નીવડેલી કંપનીની સફળતાનું રહસ્ય શું છે તે જાણવા બીજી કંપનીઓ હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. કોઈ કંપનીના સેલ્સમેનેજર અથવા પ્રોડક્શન મેનેજર ખૂબ હોંશિયાર હોયતો બીજી કંપની તેને પોતાની કંપનીમાં જોડાવા ઘણી લાલચો આપે છે.

તમને યાદ હશે.. થોડાં વરસ પૂર્વે હૈદ્રાબાદ સેન્ટ્રલ ફૂડ ટેક્નોલોજી રિસર્ચ ઈન્સ્ટિટ્યુટે કોકોકોલાના જેવો ટેસ્ટ ધરાવતું '૭૭' નામનું પીણું વિકસાવ્યું. ત્યારબાદ આ પીણાંની ફોર્મ્યુલા તૈયાર કરનાર નિષ્ણાતને પ્યોર ડ્રિંક્સ કંપનીએ પોતાના કેમ્પમાં ખેંચી લઈ 'કેમ્પાકોલા' ને કસદાર બનાવી હતી.

અમેરિકાની કોકોકોલા કંપની તેમનું આ જગવિખ્યાત પીણું બનાવવા કઈ ફોર્મ્યુલા વાપરે છે તેનું રહસ્ય જાણવા દુનિયાભરની કેટલીય કોલ્ડ્રિંક્સ બનાવનારી કંપનીઓએ પ્રયત્ન કર્યો છે. પ્રતિસ્પર્ધા પેપ્સી કંપનીએ કોકના પીણાંનો લાક્ષણિક સ્વાદ શેને આભારી છે તે જાણવા જાસૂસીના શક્ય એટલા બધા જ કીમિયા અપનાવ્યા છતાં આજ સુધી કોકોકોલાની ફોર્મ્યુલા મેળવી શક્યા નથી.

ભારતમાં પાર્લેના ગ્લુકોઝ બિસ્કિટ તથા એક સમયના પ્રખ્યાત પાનપરાગ બ્રાન્ડના પાનમસાલાની ફોર્મ્યુલા હજુ સુધી કોઈ જાણી શક્યું નથી. કારણ કે આ પ્રોડક્ટની રચનાનું રહસ્ય માત્ર એક પરિવાર પુરતું સીમિત રખાયું છે.

વર્ષો પૂર્વે ઔદ્યોગિક જાસૂસીના ઈતિહાસમાં જગવિખ્યાત કમ્પ્યુટર ઉત્પાદક કંપની ઈન્ડસ્ટ્રીયલ બિઝનેસ મશીન્સ (આઈ.બી.એમ.) સાથે એક જાપાની કંપનીએ કરેલી ઠગાઈ જાણવા જેવી છે. ૧૯૮૧માં અમેરિકાની આઈ.બી.એમ. કંપનીએ સ્થાનિક ગુપ્તચર સંસ્થા એફ.બી.આઈ.સમક્ષ ફરિયાદ નોંધાવી કે તેમની કમ્પ્યુટરને લગતી ઉચ્ચ ટેક્નોલોજીની વિગતો કોઈ તફડંચી કરી રહ્યું છે. આ ફરિયાદ મળ્યા પછી કેલિફોર્નિયામાં સીલીકોન વેલી ખાતે એફ.બી.આઈ.એ ગ્લેનમાર એસોસિએટ્સ નામની કમ્પ્યુટર સલાહકાર તરીકેની પેઢીની સ્થાપના કરી.

આ બાજુ જાપાનની કમ્પ્યુટર કંપની હીટાચી કોઈપણ કિંમતે આઈ.બી.એમ.ના કમ્પ્યુટર સિસ્ટમ ૩૩૮૦ વિશે માહિતી મેળવવા ઈચ્છતી હતી. તે જાણ્યા પછી એફ.બી.આઈ. એ છટકું ગોઠવ્યું. હીટાચીના એક વરિષ્ઠ ઈજનેર કેન્જી હયાસીની મુલાકાત એફ.બી.આઈ. દ્વારા સ્થાપાયેલી ગ્લેનમાર એસોસિએટ્સ પેઢીના એજન્ટ એલન ગેરેન્ટ્સ સાથે થઈ. હીટાચી કંપનીના ઈજનેરને ખબર ન હતી કે એલેન ગેરેટ્સન એફ.બી.આઈ.નો જાસૂસ છે. તેથી ઈજનેરે તેને દસ લાખ ડોલરની ઓફર કરી બદલામાં ગેરેટ્સને આઈ.બી.એમ.ના કમ્પ્યુટર અંગેની ગુપ્ત બાતમી ધરાવતું પુસ્તક કેન્જીને લાવી આપ્યું. આ સોદો થઈ રહ્યો હતો ત્યારે એફબીઆઈએ કેન્જીની ધરપકડ કરી. અમેરિકામાં કોઈ પ્રકારની

> **ચીનાઓ વર્ષો સુધી એવી બડાઇ મારતા હતા કે અમે ક્યારેય કોઇ શત્રુ પાસેથી સિક્રેટ કઢાવવા મોહમાયા, સેક્સી ગતકડાં અજમાવતા નથી**

અનુસંધાન પાનાનં ૦૬ પર

સત્તા કરતાં કાયદો બળવાન!

પારિજાતનો પરિસંવાદ

ડૉ. કુમારપાળ દેસાઈ

દુનિયા આખી 'પ્રજાના અવાજ'ની વાત કરે છે, પણ આ પ્રજાનો અવાજ એટલે શું? એ એવો અવાજ કે જેને સરમુખત્યારો પોતાના દમનની એડી હેઠળ કચડી નાખે છે, એ એવો અવાજ કે જેનો સરકારી તંત્ર ભારોભાર ઉપહાસ કરે છે અને ન્યાયતંત્રને લાંબા વિલંબથી સંભળાય છે. પ્રજાનો અવાજ એ એક 'મીથ' બની ચૂક્યો છે. વળી વિચિત્રતા તો એ છે કે જેનો પરાજય કરનારાઓ જ એનો સૌથી વધુ જયનાદ કરતા હોય છે. એ અવાજને લિંગ કે જાતિને નામે ગોળીએ દેવામાં આવે છે. શિક્ષણમાં એને વર્ગખંડની બહાર બેસાડી રાખવામાં આવે છે અને ક્યાંક થોડોક પણ અવાજ સંભળાય તો સત્તાધીશો કે સરમુખત્યારો એનું ગળું ટૂંપી દે છે. પોલીસો એના પર બેરહમીથી ત્રાસ આપે છે. કારાવાસની અંધારી કોટડીમાંથી દિવસનું અજવાળું કદી જુએ નહીં, તેવા પેંતરા અજમાવે છે.

આજે એ અવાજ સંભળાય નહીં, તે માટે સાયરનોથી ગાજતી ભીષણ બોંબવર્ષા કરવામાં આવે છે. આવા દબાયેલા પીડિતો અને વ્યથિત પ્રજાના અવાજને અભિવ્યક્ત કરવા માટે નાવી પિલ્લેએ બીડું ઝડપ્યું. એ વકીલ હતા, પણ પીડિત જનતાના ભેરુ બની રહ્યા. એ ન્યાયાધીશ ખરા પણ હંમેશા સત્યને પક્ષે રહીને જાતિ, ધર્મ, લિંગ કે રાજકીય સત્તાના આધારે કોઈને અન્યાય થવો ન જોઈએ એનો અવાજ સતત બુલંદ બનાવતા રહ્યા.

યુદ્ધ અને સંઘર્ષ દરમિયાન સ્ત્રીઓ અને બાળકોને સૌથી વધુ સહેવું પડે છે અને બળાત્કારની બેહિસાબ ઘટનાઓ બને છે, ત્યારે એને આંતરરાષ્ટ્રીય ગુના તરીકે ઓળખવા માટે એમણે સફળ કાર્યવાહી કરી. કોઈ દેશ કે વ્યક્તિ ગમે તેટલી શક્તિશાળી હોય, પણ કોઈ પણ સત્તા કરતા કાયદો મોટો છે, એવું નિર્ભિકતાથી કહ્યું અને અદાલતની કામગીરીથી કરી બતાવ્યું. એમણે એક સ્વપ્ન આપ્યું કે, 'કાયદો, માનવગૌરવ અને જવાબદારી વિના કાયમી શાંતિ સ્થાપી શકાતી નથી.'

એમને અશ્વેત મહિલા તરીકે વકીલાતની નોકરી મળવામાં મુશ્કેલી પડતા તેમણે પોતાની વકીલાતની પેઢી શરૂ કરી. એના પહેલા પગલે જ એમના પરિવાર પર ભયનો ઓથાર ફરી વળ્યો. એમના પતિ પરંજોથિ એન્થની પિલ્લે જે 'ગેબી પિલ્લે'ના નામે ઓળખાતા હતા. તેમના પર આફત આવી. નાવી પિલ્લેની માફક તેઓ પણ રંગભેદના વિરોધી હતા. દક્ષિણ આફ્રિકાની રંગભેદી સરકારે ૧૯૭૧ની ૧૯મી ફેબ્રુઆરીએ ગેબી પિલ્લેની અટકાયત કરી. એ સમયે દક્ષિણ આફ્રિકાની રંગભેદી સરકાર 'ટેરિરીઝમ એક્ટ' દ્વારા ઇચ્છે તેને રાજકીય વિરોધી ઠેરવીને કારાવાસમાં ધકેલી દેતી હતી.

વળી એ વ્યક્તિને લાંબા સમય સુધી અટકાયતમાં રાખવાની અને પૂછપરછ કરવાની પોલીસને ઘણી વ્યાપક સત્તા હતી. પોલીસની સુરક્ષા શાખાએ ગેબી પિલ્લેની લાંબી પૂછપરછ કરી, જાતજાતના દબાણ લાવ્યા, પરિવારને તબાહ કરી નાખવાની ધમકીઓ આપી, એમની સાથે દુર્વર્તન કરીને એમનું નિવેદન મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ ગેબી પિલ્લે સહેજે ચળ્યા નહીં કે નમ્યા નહીં. આમાં પોલીસ ફાવી નહીં એટલે વળી 'યુનિટી મૂવમેન્ટ'ના સભ્યો સામેના કેસમાં સાક્ષી તરીકે આવીને એમને ખોટી જુબાની આપવાનું કહેવામાં આવ્યું. ગેબી પિલ્લુએ એનો ઇન્કાર કર્યો. સરકારી તંત્રને સાથ નહીં આપવાને માટે ગેબીની ફરી અટકાયત કરવામાં આવી.

રંગભેદની ક્રૂર નીતિઓ, સરકારનું અમાનવીય દમન, ચોતરફ ભયનો માહોલ, પોલીસોની યાતના વચ્ચે નાવી પિલ્લેએ કાયદા દ્વારા રાજસત્તાને નમાવવાની શક્તિ બતાવી

આ સમયે નાવી પિલ્લુએ નેટલ પ્રાંતની સુપ્રીમ કોર્ટમાં તાત્કાલિક અરજી કરી અને અદાલતને કહ્યું કે સુરક્ષા પોલીસ એમના પતિ પર ત્રાસ વરસાવે નહીં. તેમજ ખોટી રીતે પૂછપરછ કરવાની પદ્ધતિનો ઉપયોગ કરીને વ્યક્તિને માનસિક અને શારીરિક રીતે ભાંગી નાખે નહીં, નાવી પિલ્લેનો સત્યનો અવાજ ગાજી ઊઠ્યો. એણે કહ્યું કે, 'પોલીસને અટકાયત કરવાનો અધિકાર છે, પરંતુ મનફાવે તેમ વ્યક્તિને માનસિક કે શારીરિક ત્રાસ આપવાનો અધિકાર મળતો નથી.' અને આ માટે એમણે આવી ધમકી અને દુર્વ્યવહારનો ભોગ બનેલા કેદીઓનાં નિવેદનો કોર્ટ સમક્ષ રજૂ કર્યા અને સાથોસાથ પોતાના પતિની સુરક્ષા નિશ્ચિત કરવાનું કહ્યું.



પોલીસને ઝૂકવું પડ્યું. ગેબી પિલ્લેને અટકાયતના સ્થળેથી ખસેડવામાં આવશે નહીં એવી બાંહેધરી આપવી પડી. હકીકતમાં પોલીસની પૂછપરછની પદ્ધતિ સામે નાવી પિલ્લેએ વ્યક્તિના રક્ષણ માટે પ્રયાસ કર્યો. એણે માત્ર પોતાના પતિને માટે અરજી નહોતી કરી, પરંતુ માનવઅધિકારના પ્રશ્ન સાથે એને સાંકળીને ૧૯૭૩માં રોબિન આયર્લેન્ડના રાજકીય કેદીઓને કાનૂની સલાહ અને વકીલની મદદ મેળવવાના અધિકાર માટે લડત આપી.

આ સમયે નાવી પિલ્લેએ દલીલ કરી કે કાયદો માત્ર સરકાર કે સત્તાધીશોનાં રક્ષણ માટે નથી, પરંતુ સરકારની સત્તાથી પીડિત વ્યક્તિઓનાં રક્ષણ માટે પણ છે. એ સમયે દક્ષિણ આફ્રિકાની શ્વેત સરકાર આનાથી ભારે ભીંસમાં આવી ગઈ. એણે નાછૂટકે આ સિદ્ધાંતને સ્વીકારવો પડ્યો અને સમય જતાં આંતરરાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધાંતે માનવ રક્ષણના અધિકારનું કામ કર્યું.

જે સમયે દક્ષિણ આફ્રિકાની શ્વેત સરકારના શાસનમાં રાજકીય કેદીઓ માટે કોઈ વકીલ મેળવવો મુશ્કેલ હતો, અરે! ક્યારેક તો કોઈ વકીલને મળવું પણ શક્ય નહોતું - એવા સમયે નાવી પિલ્લેના સંઘર્ષે એક નવી હવા જગાવી. જેલની ભયાવહ પરિસ્થિતિ, અધિકારીઓનું દમનકારી વર્તન અને કેદીઓનાં અધિકારો અંગે એક નવી જાગૃતિ આણી. જ્યાં પારાવાર અન્યાય, અસહ્ય દમન, તન અને મન ભાંગી નાખે એવી યાતના અને કશીય કાર્યવાહી વિનાની લાંબા સમયની અટકાયત એ જ વાસ્તવિકતા હતી, ત્યાં નાવી પિલ્લેએ દક્ષિણ આફ્રિકાની રોબિન આયર્લેન્ડના જેલ અધિકારીઓ સામે કાનૂની કાર્યવાહી કરી. એનો હેતુ એ હતો કે સરકાર વિરોધી હોય કે રાજકીય કેદી હોય, પણ વ્યક્તિના અધિકારોની અવગણના થઈ શકે નહીં અને નાવી પિલ્લેએ અદાલતમાં રાજકીય કેદીઓને માટે કાનૂની સલાહ મેળવવાના અધિકાર અપાવવામાં સફળતા મેળવી.

એ સમયે દક્ષિણ આફ્રિકામાં શ્વેત લઘુમતી સરકારે જુદા જુદા કાયદાઓ દ્વારા અશ્વેત બહુમતી પ્રજાના મૂળભૂત અધિકારો છીનવી લીધા હતા. એમને દેશની સંસદ કે સરકારમાં મત આપવાનો અધિકાર નહોતો, એમને પછાત વિસ્તારના નાગરિકો જાહેર કરવામાં આવ્યા હતા, શહેરની બહાર અત્યંત ગંદકીથી ભરેલા અને કશીય સુવિધા વિનાના વિસ્તારમાં એમને રહેવું પડતું હતું. શ્વેત લોકોનાં વિસ્તારમાં જવા માટે 'પાસબુક' રાખવી પડતી હતી. પાસબુક ન હોય, તો ધરપકડ અને સજા થતી. અશ્વેત બાળકો માટે અલગ શાળાઓ હતી. બસો, ટ્રેનો, હોસ્પિટલ, બગીચા, દરિયાકિનારા, જાહેર શૌચાલયો અને બેસવાની બેંચો અલગ રાખવામાં આવતી હતી. શ્વેત અને અશ્વેત વચ્ચે લગ્ન કે પ્રેમના સંબંધ પર પ્રતિબંધ હતો. આવી પરિસ્થિતિ સામે જે કોઈ અવાજ ઉઠાવે એના પર અમાનવીય અત્યાચાર ગુજારીને વર્ષો સુધી જેલમાં પૂરી રાખવામાં આવતો હતો અથવા તો ક્રૂરતાથી હણી નાખવામાં આવતા હતા.

રંગભેદ વિરોધી જાહેર વિરોધ પ્રદર્શન થાય. તો તેમાં સેંકડો નિર્દોષ લોકોને ઠાર કરવામાં આવતા હતા. આમ દક્ષિણ આફ્રિકાના નિવાસીને પોતાની જન્મભૂમિમાં જ કાળમીંઢ ગુલામીની બદતર હાલતમાં જીવવું પડતું હતું. તમે કલ્પના કરો કે આવા સમયે અશ્વેત પ્રજાના અધિકારો અને રાજકીય સ્વતંત્રતા માટે ઝઝૂમતી નાવી પિલ્લેની નિર્ભયતાને સલામ કરવી પડે. આવી પરિસ્થિતિમાં નાવી પિલ્લેને પહેલો જ કેસ ૧૯૬૬માં ફિલિસ નાયડુનો લડવાનો આવ્યો. દક્ષિણ આફ્રિકાના શિક્ષક, વકીલ અને રંગભેદ વિરોધી કાર્યકર એવા ભારતીય મૂળના ફિલિસ નાયડુ રંગભેદી સરકારની ભેદભાવભરી નીતિઓનો વિરોધ કરતા હતા.

આ સમયે રંગભેદમાં માનનારી દમનકારી અને દક્ષિણ આફ્રિકાની સરકાર વિરોધી વ્યક્તિની હિલચાલ, એના સંપર્કો, જાહેર સભાઓમાં એની હાજરી અને રાજકીય પ્રવૃત્તિઓની ચાંપતી તપાસ રાખી એના પર જુદા જુદા નિયંત્રણ મૂકતી હતી. ફિલિસ નાયડુ પર પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવાના નિયમનું પાલન ન કરવાનો આરોપ મુકવામાં આવ્યો.

અનુસંધાન પાનાનં ૦૬ પર

મનઝરૂખો

સત્તરમી સદી દરમિયાન ઈંગ્લેન્ડમાંથી રાજાશાહી દૂર કરનાર સેનાપતિ લિવર ઓલિવર ક્રોમવેલ સીધાસાદા ધાર્મિક મનોવૃત્તિવાળા સદ્‌ગૃહસ્થ હતા, પરંતુ સંજોગોએ એમના જીવનમાં એવો પલટો આણ્યો કે તેઓ ઉચ્ચ કક્ષાના રાજનીતિજ્ઞ બન્યા. એમણે રાજાશાહી દૂર કરીને ઈંગ્લેન્ડને કોમનવેલ્થ અર્થાત્ પ્રજાસત્તાક જાહેર કર્યું અને સમય જતાં તેઓ દેશનો વહીવટ ચલાવવા માટેની સમિતિના ચેરમેન બન્યા. વહીવટીતંત્ર અને નાણાતંત્રમાં સુધારા કર્યા અને ઈંગ્લેન્ડના વેપારનો વિકાસ કર્યો. દેશના નૌકાદળને મજબૂત બનાવ્યું.

ઈંગ્લેન્ડના વેપારી હરીફો હોલેન્ડ અને સ્પેનને પરાજય આપ્યો અને આ રીતે સમગ્ર યુરોપમાં મજબૂત શાસક તરીકે ઓલિવર ક્રોમવેલે પ્રતિષ્ઠા સંપાદન કરી. આ સમયે ઓલિવર ક્રોમવેલ વીરતાથી પ્રભાવિત થઈને એક ચિત્રકાર એમની પાસે આવ્યો. એણે કહ્યું, "હું આપનું ચિત્ર દોરવા માગું છું." ક્રોમવેલે પ્રસ્તાવનો સ્વીકાર કરતાં ચિત્રકાર પ્રસન્ન થયો. ક્રોમવેલ જેટલો સાહસિક અને વીર હતો, એટલો જ કુરૂપ હતો. એના ચહેરા પર એક ઘણો મોટો મસો હતો, જેને કારણે એનો દેખાવ વિચિત્ર અને અતિ બેડોળ લાગતો હતો. ચિત્રકારે આ સમર્થ શાસકની તસવીર બનાવી, પરંતુ જાણી જોઈને એમાંથી ચહેરાને બેડોળ બનાવનારો મસો દૂર કરી દીધો.

તસવીરમાં ક્રોમવેલ અત્યંત સુંદર લાગતો હતો. ચિત્રકાર જ્યારે ચિત્ર લઈને ક્રોમવેલ પાસે ગયો, ત્યારે એ જોઈને ક્રોમવેલે કહ્યું, "તેં ખૂબ સુંદર કલાકૃતિનું સર્જન કર્યું છે, પરંતુ તે મારી નથી. બીજાની હોય તેવી લાગે છે."

ચિત્રકાર ઓલિવર ક્રોમવેલની વાતનો મર્મ પારખી ગયો. બીજે દિવસે બીજી તસવીર લઈને એમની પાસે પહોંચ્યો. આ તસવીર જોઈને ક્રોમવેલ પ્રસન્ન થયા અને બોલ્યા, "હા, બસ, આ મારું ચિત્ર છે. વ્યક્તિમાં પોતાની ખામીઓને જોવાની અને સ્વીકાર કરવાની હિંમત હોવી જોઈએ."

ભારતની સૌપ્રથમ વર્લ્ડ ચેમ્પિયન મહિલા પહેલવાનની સંઘર્ષમય સફર

મહિલા પહેલવાન મનીષા ભાનવાલાએ દિવંગત પિતાનું સ્વપ્ન સાકાર કર્યું

Sports ફન્ડા

રામકૃષ્ણ પંડિત

સખત મહેનત અને લગન સાથે કરેલી મહેનત ખેલાડીને અણધારી સફળતા અને સિદ્ધિના શિખર સુધી પહોંચવાનો રાજમાર્ગ બની રહે છે. પરિસ્થિતિ અને દુનિયાએ ફેંકેલા પડકારોની વચ્ચે પણ એકધારી ગતિથી આગળ વધતા રહેવું જરુરી છે. પ્રયાસ ગમે તેટલો મોટો હોય કે નાનો પણ સાતત્યની સાથે કરવામાં આવે તો ગમે તેવા પડકારોનો સામનો કરીને આગળ વધવાની કુશળતા કેળવી શકાય છે. જેમ નદીના વહેણની અસરના કારણે પથ્થરો પણ લીસ્સા અને ગોળાકાર બની જતા હોય છે, તેવી જ રીતે સતત સ્વાધ્યાય થકી પ્રતિભાને વૈશ્વિક સ્તર સુધી વિસ્તારી શકાય છે.

હરિયાણાની ૨૯ વર્ષની મહિલા પહેલવાન મનીષા ભાનવાલાએ પણ અડગ મનોબળ અને સખત મહેનત થકી ફ્રિસ્ટાઈલ કુસ્તીમાં વિશ્વવિજેતાનો ખિતાબ હાંસલ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. મનીષાનું નામ એકાદ મહિના પહેલા ભાગ્યે જ કોઈને ખબર હશે, પણ કઝાકિસ્તાનની રાજધાની અસ્થાનામાં ઓક્ટોબર-૨૦૨૬ના ઉત્તરાર્ધમાં યોજાયેલી કુસ્તીની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તેના ભાગ્યનો જાણે ઉદય થયો હતો. તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૫૯ કિગ્રાની નોન-ઓલિમ્પિક કેટેગરીની ઈવેન્ટની ફ્રિસ્ટાઈલ કુસ્તીમાં ભાગ લીધો હતો અને તેમાં સુવર્ણ ચંદ્રક જીતવાની સાથે ભારતીય રમત ઈતિહાસમાં આગવું સ્થાન મેળવી લીધું હતુ.

મનીષા ભારતીય રમત ઈતિહાસની સૌપ્રથમ મહિલા વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન બની હતી, જ્યારે ઓવરઓલ તેને પુરુષ પહેલવાન સુશીલ કુમાર પછી બીજો ક્રમ મળ્યો હતો. સુશીલે ૨૦૧૦માં રશિયામાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપની ફ્રિસ્ટાઈલ કુસ્તીની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તે ભારતીય કુસ્તી ઈતિહાસમાં વિશ્વવિજેતા બનનારો સૌપ્રથમ પહેલવાન બન્યો હતો. સુશીલ કુમાર તો વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતવા અગાઉ ઓલિમ્પિક ચંદ્રક મેળવી ચૂક્યો હતો. જ્યારે મનીષાએ તો તેની તમામ હરિફોને આંચકો આપતાં ઐતિહાસિક સુવર્ણ સિદ્ધિ થકી પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક માટેનો મુકાબલો ભારે રોમાંચક અને દિલધડક રહ્યો હતો. અમેરિકાની પહેલવાન એબિગેલ નેટ્ટેએ ફાઈનલમાં આક્રમક શરુઆત કરતાં ભારતીય પહેલવાનને હાર તરફ ધકેલી હતી. એક તબક્કે એબિગેલે ૬-૧થી સરસાઈ મેળવી લીધી હતી. જોકે બ્રેક બાદ કોચ વિરેન્દ્ર દહિયાના માર્ગદર્શનની સાથે મનીષા બાજી પલ્ટી નાંખવાના ઈરાદા સાથે ઉતરી હતી અને તેણે આખરી ત્રણ જ મિનિટમાં પાસું પલ્ટી નાંખ્યું હતુ અને હરિફ ખેલાડીને ૮-૬થી ધોબી પછાડ આપતાં સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો.



ભારતે તેની પોતિકી કહેવાય તેવી કુસ્તીની સાથે હોકી તેમજ કબડ્ડી જેવી રમતોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સફળતા મેળવવા માંડી છે. તેની સાથે ભૂતકાળની ગૌરવપ્રદ વિરાસતને પુનઃજિવીત કરવાની આશા પણ જગાવી છે અને આ સિલસિલામાં મનીષાની સિદ્ધિ અત્યંત મહત્વની કહી શકાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલા કુસ્તી ચેમ્પિયનશિપનું આયોજન ૧૯૮૭થી થતું આવ્યું છે. જોકે ભારતને આટલા વર્ષોમાં આ પહેલી વખત મહિલા કુસ્તીમાં સુવર્ણ સિદ્ધિ મળી છે.

કુસ્તી તરફ આકર્ષાયેલી મનીષાને પ્રેક્ટિસ માટે જોડીદાર ન મળતાં માતા મીના દેવી કુસ્તી શીખ્યા અને પુત્રીની તાલીમને આગળ ધપાવી

અગાઉ ૨૦૨૧માં નોર્વેના ઓસ્લોમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતની મહિલા પહેલવાન અંશુ મલિક ૫૭ કિગ્રા વજન વર્ગની ફાઈનલમાં પ્રવેશી હતી, પણ તેને રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. આ પછી ૨૦૨૬માં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતની મહિલા પહેલવાનોએ શાનદાર દેખાવ કર્યો હતો અને ત્રણ પહેલવાન ફાઈનલમાં પ્રવેશી હતી. જોકે નીલમ સિરોહી અને કાજલ ઢોચકને ફાઈનલમાં હાર મળતાં રજત સફળતા પ્રાપ્ત થઈ હતી. જ્યારે મનીષાએ સુવર્ણચંદ્રક જીતવાની સાથે ભારતની સૌપ્રથમ મહિલા વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન તરીકેના ખાલી રહેલા સિંહાસનના ઈંતજારનો અંત આણી દીધો હતો.

મનીષાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો આ ત્રીજો સુવર્ણ અને ઓવરઓલ નવમો ચંદ્રક હતો. તેણે કારકિર્દીની ત્રીજી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેતા પહેલીવાર ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય રમત જગતમાં રાતોરાત છવાઈ ગયેલી મનીષાની પહેલવાન તરીકેની કારકિર્દીનો પ્રારંભ માત્ર ફિટનેસ સુધારવાના ઈરાદાથી થયો હતો. કુસ્તી અને બોક્સિંગની રમત માટે જાણીતા હરિયાણાના રોહતકમાં જન્મેલી મનીષાનું બાળપણ જિન્દમાં પસાર થયું. તેના પિતા સુરેશની ખુબ જ ઈચ્છા હતી કે, મનીષાની ફિટનેસમાં સુધારો થાય આ કારણે તેમણે તેને મોટા પુત્ર રિન્કુની સાથે કબડ્ડીના કોચિંગમાં મુકી. ભાઈ-બહેન ગામની નજીક આવેલી નિદાની સ્પોર્ટ્સ એકેડમીમાં તાલીમ મેળવતા. આ દરમિયાન જ મનીષા કબડ્ડીના બદલે કુસ્તીમાં રસ લેવા માંડી.

પિતા સુરેશ ભાનવાલાએ પુત્રીનો રસ જોઈને તેને તે જ એકેડમીમાં કુસ્તીની તાલીમ માટે મુકી. જ્યાં પ્રાથમિક તાલીમ પુરી થઈ. ઘણી વખત મનીષાની સાથે પ્રેક્ટિસ કરવા માટે અન્ય કોઈ મહિલા ઉપલબ્ધ ન બનતી. પુત્રીની ખાતર તેની માતા મીનાએ કુસ્તીના દાવ શીખ્યા અને પુત્રીને પ્રેક્ટિસ કરાવી. સ્થાનિક સ્તરની સફળતા બાદ તેને વધુ તાલીમ માટે સમર ગોપાલપુર ગામમાં આવેલી સ્વ. દેવીલાલની એકેડમીમાં પ્રવેશ મેળવી લીધો અને ત્યારથી તેની કુસ્તીની પદ્ધતિસરની તાલીમ શરુ થઈ ગઈ. ધીરે-ધીરે મનીષાની પ્રતિભામાં નિખાર આવતો ગયો તેમ તેમ તેની તાલીમ વધુ પડકારજનક બનતી ગઈ. આ પછી તેને રોહતકમાં છોટુ રામ સ્ટેડિયમમાં મનદીપ સૈની પાસે વધુ તાલીમ મળી. મનીષાને સતત તેના પિતા વધુને વધુ આગળ વધવાની પ્રેરણા આપતાં રહેતા.

વર્ષ ૨૦૧૩માં શરૂ થયેલી મનીષાની તાલીમની સફરે તેને આંતરરાષ્ટ્રીય ફલક પર પહોંચાડી. ત્રણ જ વર્ષની તાલીમ બાદ તેણે ૨૦૧૬માં ગુવાહાટીમાં યોજાયેલી સાઉથ એશિયન ગેમ્સમાં ૬૦ કિગ્રામાં સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. જોકે ઈજાના કારણે તેની કારકિર્દીમાં ચડાવઉતાર આવતા રહ્યા. પરિવારે પોતે આર્થિક સંઘર્ષ વેઠીને પણ મનીષાની કારકિર્દીને સતત આગળ ધપાવી. કોરોના કાળ પછી વર્ષ ૨૦૨૨માં તેની પસંદગી એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ માટે થઈ હતી.

મોંગોલિયામાં મનીષાનો મુકાબલો હતો, તે અગાઉ જ તેના પિતા સુરેશનું અવસાન થયું. પિતાના અવસાનના સમાચાર મનીષા માટે વજ્રાઘાત સમાન હતા. તેની પાસે સ્વદેશ પરત ફરવાનો પણ વિકલ્પ હતો. જોકે, તેણે પિતાનું સ્વપ્ન સાકાર કરવાના ઈરાદાથી સ્પર્ધામાં ઉતરવાનું નક્કી કર્યું. તેને મોટાભાઈ રિન્કુએ આ નિર્ણય લેવામાં મદદ કરી અને એશિયન ચેમ્પિયનશિપમાં તેણે કાસ્યચંદ્રક જીતવામાં સફળતા મેળવી. તેણે આ ચંદ્રક તેના પિતાને અર્પણ કર્યો. જોકે વધુ મહેનત કરીને વિશ્વવિજેતા બનવાનું પિતાનું સ્વપ્ન સાકાર કરવા માટે કમર કસી.

અનુસંધાન પાનાનં ૦૬ પર

સાદગીની સ્વીકૃતિ...

ગપસપ

રવિ ઈલા ભટ્ટ

સાપુતારાના ઢોળાવો અને ડાંગના ગાઢ જંગલોની વચ્ચે વસેલા એક નાનકડા ગામ આહવાથી જ્યારે અવની અમદાવાદ ભણવા માટે આવી, ત્યારે તેની આંખોમાં આકાશને આંબવાના સપના હતા, પરંતુ હૃદયમાં થોડો અજાણ્યો ડર પણ હતો. બચપણથી જ ડાંગની ભીની માટીની સુગંધ, વહેલી સવારના ધુમ્મસ, ઝરણાઓના ખળખળ વહેતા પાણી અને પક્ષીઓના કલરવ વચ્ચે ઉછરેલી અવની માટે અમદાવાદનું આધુનિક અને દોડતું જીવન સાવ અજાણ્યું હતું.

અમદાવાદની યુનિવર્સિટી રોડ પર આવેલી પ્રતિષ્ઠિત કોલેજના વિશાળ કેમ્પસમાં જ્યારે તેણે પહેલો પગ મૂક્યો, ત્યારે ત્યાંની ઝાકઝમાળ, મોંઘીદાટ ગાડીઓ અને વિદ્યાર્થીઓની ફેશનેબલ જીવનશૈલી જોઈને તે ઘડીભર તો સ્તબ્ધ થઈ ગઈ હતી. સાદા સુતરાઉ કુરતા, ખભે લટકતી સાદી કાપડની બેગ અને આંખોમાં નિર્દોષતા લઈને આવેલી અવની આ હાઈ-ફાઈ દુનિયામાં જાણે કોઈ અલગ જ ગ્રહ પરથી આવી હોય તેવી લાગતી હતી.

કોલેજના પહેલા અઠવાડિયાથી જ અવનીને સમજાઈ ગયું હતું કે આ શહેરમાં ટકી રહેવું સહેલું નથી. અવની ભણવામાં અત્યંત તેજસ્વી હતી, પરંતુ તેની બોલવાની ઢબમાં દક્ષિણ ગુજરાતની ડાંગી લઢણ અને સાદગી સ્પષ્ટ વર્તાતી હતી. તેના જ ક્લાસમાં રિયા અને તેની મિત્રોનું એક જૂથ હતું જેમણે અવનીની સાદગીને તેની નબળાઈ સમજી લીધી હતી.

જ્યારે પણ પ્રોફેસર કોઈ પ્રશ્ન પૂછતા અને અવની જવાબ આપવા ઊભી થતી, ત્યારે તેના ઉચ્ચારણો સાંભળીને પાછળની બેન્ચ પરથી દબાયેલા હાસ્યનો અવાજ સંભળાતો. ક્યારેક તેના કપડાં પર કટાક્ષ થતો, તો ક્યારેક તેની હેરસ્ટાઈલની મજાક ઉડાવવામાં આવતી. શરૂઆતમાં અવની આ બધી વાતોને હસી કાઢતી અને પોતાના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરતી, પરંતુ જ્યારે આ મજાક રોજિંદી બની ગઈ, ત્યારે તેના આત્મવિશ્વાસ પર ઊંડી અસર પડવા લાગી. ધીમે ધીમે અવનીએ ક્લાસમાં બોલવાનું જ બંધ કરી દીધું. તે હંમેશા છેલ્લી બેન્ચ પર ખૂણામાં બેસતી અને બ્રેક પડતાની સાથે જ સીધી લાઈબ્રેરીમાં જતી રહેતી, જેથી કોઈની નજરે ન ચડે.

એક બપોરે કોલેજની કેન્ટીનમાં ભારે ભીડ હતી. અવની એક ખૂણાના ટેબલ પર બેસીને પોતાના ઘરેથી લાવેલો નાસ્તો કરી રહી હતી. અચાનક રિયા અને તેની બહેનપણીઓ ત્યાં આવી પહોંચ્યા.

રિયાએ અવનીના ટિફિન તરફ જોઈને મોઢું બગાડ્યું અને મોટેથી કહ્યું, 'અરે જુઓ તો ખરા, આ ગામડાની છોકરી અહીં પણ પોતાના જંગલનું ખાવાનું લઈને આવી છે. તને આ શહેરની ફેશન અને રહેણીકરણી શીખતા તો આખી જિંદગી નીકળી જશે.

આ સાંભળીને આસપાસ બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓ પણ હસવા લાગ્યા. અવનીની આંખોમાં આંસુ આવી ગયા. અપમાનની લાગણીથી તેને રડવું આવી ગયું. તેણે ચૂપચાપ પોતાનું ટિફિન બંધ કર્યું, પોતાની નોટબુક સમેટી અને નીચી નજરે ત્યાંથી ઊભી થઈને જવા લાગી.

તે હજુ બે ડગલાં જ ચાલી હતી કે સામેથી કોલેજના સિનિયર અને બાસ્કેટબોલ ટીમના કેપ્ટન દેવાંશનો ભેટો થયો. દેવાંશ આ બધું દૂરથી જોઈ રહ્યો હતો. તે અવનીની સામે આવીને ઊભો રહ્યો અને પછી શાંત છતાં મક્કમ અવાજે રિયા તરફ જોઈને બોલ્યો, 'કોઈની સાદગી કે તેની ભાષાની મજાક ઉડાવવાથી કોઈ મોડર્ન કે કૂલ નથી બની જતું રિયા. સાચી આધુનિકતા વિચારોમાં હોય છે, કપડાં કે અંગ્રેજી બોલવામાં નહીં. જો તમને કોઈની વાત પસંદ ન હોય, તો તેને નીચું બતાવવાને બદલે પોતે ચૂપ રહેતા શીખવું જોઈએ.'



'મારા માટે તો આ કોલેજ અને આ અમદાવાદ ત્યારે જ સાર્થક થયું જ્યારે તું મારી જિંદગીમાં આવી. તારી સાદગીએ મને જીવનનો સાચો અર્થ શીખવ્યો છે.'

દેવાંશના વ્યક્તિત્વ અને તેના અવાજમાં રહેલી ગંભીરતા જોઈને રિયા અને તેનું ગ્રુપ શરમાઈ ગયું અને કોઈ પણ જવાબ આપ્યા વિના ત્યાંથી ચાલ્યું ગયું. કેન્ટીનમાં સન્નાટો છવાઈ ગયો. દેવાંશે અવની તરફ જોયું, જે હજુ પણ આંસુ લૂછી રહી હતી. દેવાંશે હળવું સ્મિત કરીને કહ્યું, 'આંસુ લૂછી નાખ અને આ ગરમાગરમ ચા પી લે, તારો નાસ્તો તો અધૂરો જ રહી ગયો.' અવનીએ કૃતજ્ઞતાભરી નજરે દેવાંશ સામે જોયું અને ધીમેથી આભાર માન્યો. ઘણા દિવસો પછી તે દિવસે અવનીના ચહેરા પર સાચું સ્મિત આવ્યું હતું.

આ ઘટના પછી અવની અને દેવાંશ વચ્ચે એક અનોખો સેતુ બંધાયો. દેવાંશ અમદાવાદના એક સુશિક્ષિત અને સંસ્કારી પરિવારમાંથી આવતો હતો, જેને દેખાડા કરતા માણસની અંદરની લાગણીઓ વધુ સ્પર્શતી હતી. હવે તેઓ અવારનવાર કોલેજની લાઈબ્રેરીમાં મળવા લાગ્યા. દેવાંશ અવનીને અંગ્રેજીના અઘરા શબ્દો સમજવામાં અને રેફરન્સ બુક્સ શોધવામાં મદદ કરતો, તો બદલામાં અવની તેને સાપુતારાના વાદળો, ડાંગના આદિવાસી લોકનૃત્યો અને કુદરતના ખોળે વીતેલા પોતાના બાળપણની રસપ્રદ વાતો સંભળાવતી. દેવાંશ અવનીની વાતોમાં ખોવાઈ જતો. તેને લાગતું કે અમદાવાદના કોંક્રિટના જંગલમાં અવની જાણે તાજી હવાની એક લહેરખી લઈને આવી છે.

એક સાંજે દેવાંશ અવનીને સાબરમતી રિવરફ્રન્ટના શાંત કિનારે લઈ ગયો. આથમતા સૂરજના કેસરી કિરણો નદીના પાણી પર પડી રહ્યા હતા. દેવાંશે અવનીને કહ્યું, 'અવની, અમદાવાદ ભલે બહારથી ઘોંઘાટિયું લાગે, પણ જો તું તેને પ્રેમથી જોઈશ તો આ શહેર તને ક્યારેય પારકું નહીં લાગવા દે. બસ, તું તારી જાતને કોઈના માટે બદલવાનો પ્રયાસ ન કરતી. તારી આ સાદગી જ તારી સૌથી મોટી તાકાત છે.'

અવનીએ નદીના વહેતા પાણી તરફ જોતા વિચાર્યું કે આ વિશાળ શહેરમાં તેને કોઈ એવું મળ્યું છે જે તેને બદલવા નથી માંગતું, પરંતુ તે જેવી છે તેવી જ સ્વીકારે છે. ધીમે ધીમે દેવાંશને અવનીની નિર્દોષતા અને નાની-નાની વાતોમાં ખુશી શોધવાની આદત ગમવા લાગી હતી, તો અવનીને દેવાંશનો એ સ્વભાવ સ્પર્શી ગયો હ

રેશમડંખ

ભાવના પટેલ

'મા આઆઆ, ધ્યાન ક્યાં છે તારું?' આહુતિ થોડા ઊંચા અવાજે બોલી. શ્યામા એના ઉંચા અવાજથી એકદમ ચોંકીને આહુતિની સામે જોવા લાગી.

આંખોના ઈશારાથી જ શ્યામાને મગમાંથી છલકાઈને ટેબલ પર રેલાયેલો ચાનો રેલો બતાવતા આહુતિ બોલી 'ટેબલનું નસીબ હમણાંથી તો જોરદાર છેને કાંઈ, રોજે એને ચા મળી રહી છે! બાકી તો ટેબલના નસીબમાં ચા, દાળ કે શાકના ટપકાંઓ જ લખાયેલાં હોય છે'.

આ સાંભળીને શ્યામાએ અછડતુ હસીને ઢોળાયેલી ચા પર ટીશ્યુ પેપર દબાવ્યા અને ફટાફટ નાસ્તો કરવા લાગી.

બટાકા પૌઆની એક પછી એક ચમચી મોઢામાં ઓરતી જતી શ્યામાને આહુતિ ચૂપચાપ જોઈ રહી હતી.

પાંચ જ મિનિટમાં નાસ્તો પતાવીને પોતાની ખાલી પ્લેટ લઈને ખુરશીમાંથી ઊભી થતા શ્યામા બોલી 'કેમ તારે નાસ્તો નથી કરવો?'

'યુ આર ઇન લવ? મા તને કોઈ ગમી ગયું છે?' આહુતિ શ્યામાની સામે જોતા બોલી.

આ સાંભળતા જ શ્યામાના હાથમાંથી પ્લેટ છટકીને ફરસ પર પડીને તૂટી ગઈ.

શ્યામાએ એક ક્ષણ આહુતિની આંખોમાં જોયું પછી ફટાક કરતી તે જમીન પર ઉભડક પગે બેસીને વેરાયેલા કાચના ટુકડાઓ વીણતા બોલી 'એક તો આજે મારે મોડું થયું છે, આ બધો કેઓસ થઈ રહ્યો છે અને તનેય આજે જ મારી મશ્કરી કરવાનું સુજે છે? તારે કોલેજ નથી જવાનું?'

આહુતિ ખુરશીમાંથી ઊભી થઈને શ્યામા પાસે આવી અને તેના હાથમાં રહેલા કાચના ટુકડાઓ લઈને ટેબલ પર મૂકી દીધા. શ્યામાનો હાથ પકડીને તેને પાછી ખુરશીમાં બેસાડીને બાજુની ખુરશી પર બેસતા તે બોલી 'ના, આજે મારે કોલેજ નથી જવું, તારે પણ ઓફિસ નથી જવાનું. આપણે બન્ને ગપ્પા મારીશું'.

'ઓફિસ મારા પપ્પાની નથી, મારું કામ કોણ કરશે?'

'તારું કામ મેઘા કરી લેશે, સિમ્પલ'. આહુતિ માની આંખોમાં જોતા બોલી.

આવું સાંભળતા જ શ્યામાનો ચહેરો રૂની પૂણી જેવો સફેદ થઈ ગયો. તેણે પોતાની આંખો ઝુકાવી દીધી.

પોતાની આંગળીઓથી માના ચહેરાને ઊંચો કરીને તેની આંખોમાં જોતા આહુતિ બોલી 'મમ્મી, તે એવું કોઈ જ કામ નથી કર્યું કે તારે આંખો ઝુકાવી દેવી પડે. તારી જિંદગીની દરેક વાત તે મને કરી છે, આ વાત કેમ ના કરી? એની વે, આઈ એમ સો-સો-સો મચ હેપી મા'.

'તને કંઈ રીતે ખબર પડી?' શ્યામા ધીરેથી બોલી.

'ઓહહ, એ કંઈ બહુ ઈમ્પોર્ટન્ટ નથી, એ મેઘા વિશે જાણવું વધારે ઈમ્પોર્ટન્ટ છે. મેઘને તે મેઘા બનાવી દીધો! સ્માર્ટ ગર્લ'. આમ કહીને આહુતિ ખડખડાટ હસી પડી. પછી શ્યામાના હાથ પર વહાલથી હાથ પસવારતા બોલી. આપણને તો એમનું નામ બહુ જ ગમી ગયું હો. મેઘ, કેટલું સુંદર નામ છે'.

'સમિધ જાણે છે?' શ્યામા ધીરેથી બોલી. તેનો સ્ત્રી સહજ સંકોચ હજુયે દૂર નહોતો થયો.

'હું પણ ક્યાં હજુ કંઈ જાણું છું? તું અમને કહે તો ખબર પડે ને'.

'સાચું બોલને હેતુ, સમુ જાણે છે આ વિશે?' શ્યામાના મોં પર, તેના અવાજમાં ટેન્શન સ્પષ્ટ વરતાઈ રહ્યું હતું.

'પહેલાં તુ રિલેક્સ થા, પાણી પી લે.' આમ કહીને આહુતિએ ટેબલ પર પડેલી બોટલમાંથી પાણીનો ગ્લાસ ભરીને શ્યામાને આપ્યો.

શ્યામાએ પાણી પી લીધું પછી આહુતિ બોલી 'તારા એ લકીમેનનો ફોટો તો બતાવ મને'.

'સમુને નહિ ગમે, એને હું જાણુને.' શ્યામાના અવાજમાંથી હજુયે ટેન્શન નહોતુ ગયું.

'યે સબ તો પ્રેમ કરને સે પહેલે સોચના ચાહિએ થાના સાબજી' આહુતિ ઠાવકાઈથી બોલી.

આહુતિની વાત સાંભળીને શ્યામાના ચહેરા પરનું ટેન્શન વધી ગયું.

આ જોઈને આહુતિ શ્યામાના બંને હાથને પોતાના હાથમાં લેતા પ્રેમભર્યા અવાજે બોલી 'જસ્ટ કીડીંગ મા. સમુ તારું બચ્ચું છે, એ તારો માલિક નથી સમજી. તારી લાઈફ છે, ડિસીઝન પણ તારું જ હોવું જોઈએ. તારે કશા માટે કોઈનીયે પરમિશન લેવાની જરૂર નથી.

મા તે બધી જ જવાબદારીઓ નિભાવી છે. હવે તને તારી જિંદગી તારી રીતે જીવવાનો પૂરેપૂરો હક છે. સમુ કંઈ અણસમજુ નથી, એ પણ તારી ખુશી જ ઈચ્છશે. તું એમની સાથે લગ્ન કરી લે'.

'એ એના પાપા સાથે બહુ જ અટેચ્ડ છે. સમુ એ જગ્યા કોઈનેય નહિ આપે, હું એને બરાબર ઓળખું છુ'.

'ઓ ભાઈ, તારે સમુ માટે બાપ નથી લાવવાનો, તારા માટે પતિ લાવવાનો છે. તારા પતિને એણે બાપ માનવો કે નહિ એ એનો વિષય છે, એની પર જ છોડને. એને બધું કહેવાથી તું મને રોકી રહી છે, બાકી જે બાપના નામની માળા જપે છે એના નામ પર એ ક્યારનો થુંકતો હોત'.

'ના હો, એને ક્યારેય એ વ્યક્તિના ચીટીંગ વિશે જાણ ના થવી જોઈએ. મને વચન આપ, તું એને ક્યારેય એ વિશે કશું જ નહિ કહે. નહિ તો એ તૂટી જશે'. શ્યામા આહુતિના હાથને સજ્જડ પકડતાં બોલી.

'મા, આ વાત પર તું મારી પાસે પાંચસો વાર વચન માંગી ચૂકી છો અને હજાર વાર કસમ ખવડાવી ચૂકી છો. દરેક વખતે તારો એક જ રાગ હોય છે, સમુ તૂટી જશે. હવે એ કંઈ નાનો કિકલો નથી, પૂરો અઢાર વર્ષનો છે'. આહુતિ અકળાઈને બોલી.

'વિશ્વાસ તૂટે ત્યારે શું થાય એની મને બરાબર ખબર છે. અઢાર વર્ષે વિશ્વાસ તૂટે કે એંસી વર્ષના હોવ ત્યારે તૂટે, દુઃખની માત્રા તો સરખી જ હોય છે'. શ્યામા છતને તાકતા બોલી. તેના મોં પર વિષાદની છાયા ફરી વળી હતી. તેની નજર સામે અતિત ખડો થઈ ગયો હતો.

કેટલીયે કાકલુદી કરવાં છતાંયે, બાળકોનો વાસ્તો આપવા છતાંયે ધવલ એને છોડીને ચાલી ગયો હતો. જતાં- જતાં તોછડાઈથી એણે કહેલું, બાળકો તારે જોઈતા'તા, તે બાળકો માટે જીદ કરેલી તો હવે તું જ એને રાખ. શ્યામાને છોડવાના કારણમાં એણે કહેલું, અત્યારનું છોડ, તું મને લગ્ન વખતેય પસંદ નહોતી.

એના હેન્ડસમ પતિએ એને માત્ર મન અને હૃદયથી જ ખાલી નહોતી કરી, એને ધનથી પણ સાવ ખાલી કરીને ગયો હતો એ માણસ!

એ બંનેના જોઈન્ટ એકાઉન્ટમાંથી શ્યામાના પપ્પાએ લગ્ન વખતે આપેલા પચ્ચીસ લાખ રૂપિયાની એફડી અને શ્યામાની તમામ બચત ખાલી કરીને લઈ ગયો હતો.

સામેનુ પાત્ર પસંદ ના હોવાં છતાયે એ જ માણસ લગ્ન કરે જેનો પહેલેથી જ ચીટીંગ કરવાનો પ્લાન હોય. એવા ધુતારા માણસ પાછળ રડવાનો કોઈ જ મતલબ નહોતો. એણે બંને બાળકો માટે જીવવાનું હતું. સમિધ નાનપણથી જ ધવલ સાથે બહુજ અટેચ્ડ હતો. ન્હાવાનુ, ખાવાનું, સુવાનુ બધું એ ધવલ સાથે જ કરતો. ધવલ ક્યારેક ના પાડે તો જીદ કરીને, રડીને પણ એ ધવલની સાથે જ ન્હાતો, ખાતો અને સુતો.



શ્યામાના પપ્પાના લાખ સમજાવવા છતાંયે શ્યામા ધવલ પર કેસ કરવા રાજી નહોતી થઈ કારણકે એ નહોતી ઈચ્છતી કે સમિધના કુમળા મગજમાં એવું ઠસાઈ જાય કે એના પપ્પા એને તરછોડીને ચાલી ગયા છે.

થોડા દિવસો તો શ્યામાએ બાળકોને પપ્પા બહારગામ ગયા છે એવું કહ્યા કર્યું, પરંતુ ધવલ વગર સમિધને હિજરાતો જોઈને એણે એક નિર્ણય કર્યો.

એ નિર્ણય પ્રમાણે શ્યામાએ પહેલા વાત ફેલાવી કે ધવલને દુબઈમાં બહુ જ સારી નોકરી મળી છે, મહિના પછી વાત ફેલાવી કે ધવલનો દુબઈમાં એક્સિડન્ટ થયો છે, જેમાં કારની સાથે એ પણ સળગી ગયો છે.

ધવલનું ફેમિલી સાઉદી અરેબિયા રહેતું હતું. ધવલના ચાલી ગયા પછી એના ફેમિલી સાથે કોઈ કોન્ટેક્ટ નહોતો. એ લોકો કદી અહિ આવવાના નહોતા કે જેથી તેની વાત પર કોઈ સવાલ કરે.

એ વાતના મહિના પછી તેણે પૂના છોડી દીધું અને સુરત મમ્મી-પપ્પા સાથે રહેવા આવી ગઈ. આહુતિ ત્યારે સાડા છ વર્ષની હતી અને સમિધ સાડા ત્રણ વર્ષનો હતો.

મમ્મી-પપ્પાના સાથ સહકારથી તેણે જી.પી.એસ.સીની પરીક્ષા પાસ. આજે એ ક્લાસ વન ઓફિસર છે.

આ ચૌદ વર્ષમાં શ્યામા આખી બદલાઈ ગઈ છે, પરંતુ સમિધની બાબતમાં એની માન્યતા આજ પણ એ જ છે. એની પાછળનું કારણ એ છે કે સમિધ આજે પણ એના પપ્પાને એટલો જ પ્રેમ કરે છે. સુતી વખતે એની બાજુમાં ધવલનો ફોટો હોય છે.

અતિતની સાથે સમિધનું એ દ્રશ્ય યાદ આવતાં જ પોતાના માથાને ઝટકાવીને અતિતને ખંખેરી નાખીને વર્તમાનમાં આવતાં શ્યામા બોલી 'અત્યારે રણજીમાં એ સારું પ્રદર્શન કરી રહ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમમાં સામેલ થવાનું એનું સપનું છે. સમુને બધું કહી દેવાથી તે ડિસ્ટર્બ જ થવાનો, એને ડિસ્ટર્બ કરીને એનું નુકસાન જ કરવાનું ને? નેવર. તું મને વચન આપ'.

'ઓ.કે. બાબા ઓ.કે. પાંચસોને એકમીવાર વચન આપું છું અને એક હજારને એકમીવાર કસમ ખાવ છું કે તારા સમુને કંઈ નહીં કહું, પણ સામે મારી એક શરત છે. તારે તારી આખી લવસ્ટોરી મને કહેવી પડશે. બોલ છે કબૂલ?' આહુતિ નટખટ અંદાજથી બોલી.

આ સાંભળીને શ્યામાના ગાલ પર મુગ્ધા જેવી લાલી ફરી વળી. ત્યાર પછી મા-દીકરી ક્યાંય સુધી વાતો કરતા રહ્યા.

મેઘ બી.એસ.એન.એલ.માં કોન્ટ્રાક્ટર છે. મૂળ યુ.પી.નો છે. તેનું ફેમિલી બધું ત્યાં જ રહે છે. અહિ એ એકલો જ રહે છે. તેના ડિવોર્સ થઈ ગયેલા છે. મેઘ બહુજ જોલી અને માયાળુ છે. તેના હસમુખા સ્વભાવે ધીરે-ધીરે તે ગમવા લાગ્યો. ધવલના વાણી-વર્તનથી આળા થયેલાં એના મન પર તે ખરેખર મેઘ બનીને વરસ્યો હતો. શ્યામાના જન્મદિવસે મેઘે તેને પ્રપોઝ કર્યું. એ પ્રપોઝલને તે ઠુકરાવી શકી નહિ. શ્યામાએ આ બધી જ વાતો વિસ્તારથી આહુતિને કહી. સમિધને બધું કહેવાની, તેને સમજાવવાની જવાબદારી આહુતિએ લઈ લીધી.

આહુતિએ સમિધને બધી વાત કરી, બંને જણા મેઘને મળ્યાં. ત્યાર પછી મેઘ દરેક વિકેન્ડ પર કોઈને કોઈ પ્રોગ્રામ બનાવી દેતો. ક્યારેક મૂવી, ક્યારેક ડિનર, તો ક્યારેક લોંગડ્રાઈવ.

એક દિવસ શ્યામા ઓફિસ ચાલી ગઈ પછી સમિધે આહુતિને પૂછ્યું 'દીદી, મેઘ અંકલ મમ્મી માટે રાઈટ ચોઈસ છે?'

આ સાંભળીને આહુતિ ભડકી હતી 'કેમ આવું પૂછેછે તું? ઓફકોર્સ રાઈટ ચોઈસ છે. મમ્મી કેટલી ખુશ છે એ જોને'.

'મમ્મી આખી જિંદગી ખુશ રહે એટલે પૂછું છું. ખબર નહિ કેમ, પણ મારી ગટ ફિલિંગ મને કંઈક જુદું જ કહી રહી છે. હી ઈઝ નોટ રાઈટ ચોઈસ ફોર મમ્મી. હું જેટલી વાર એમને મળું છું એટલી વાર મને એવું લાગે છે કે એ માણસ પોતાને જેવો પ્રેઝન્ટ કરે છે એવો રીયલમાં છે નહિ.

'ટારઝન માણસને ઓળખવામાં બહુ જ હોશિયાર છે. એ માત્ર તારી પરીક્ષા લઈ રહી હતી. તારા પગ પર જો, માત્ર ઉઝરડા જ પડ્યા છે. ખરેખર એ તને નહોર મારતી તો તારા પગને એવી રીતે ફાડી નાખતી કે કોઈ ડોક્ટર તારો પગ સીવી શકતો નહિ...'

આ સાંભળીને આહુતિને કહેવાનું મન થઈ ગયું કે જેના ફોટાને તું રોજ સોડમાં લઈને સુવે છે, એના માટે તારી ગટ ફિલિંગ શું છે? મમ્મી સાચું જ કહેતી હતી કે સમુ પપ્પાની જગ્યા કોઈનેય નહિ આપે. બાકી આટલા સારા માણસ પર શંકા કરવાનું કોઈ કારણ જ નથી.

આહુતિએ સમિધને કડક અવાજે કહી દીધું 'તું જે કહે છે તેનો કોઈ પુરાવો છે તારી પાસે? નહિ તો પછી ચૂપ રહે'.

અંતે એ દિવસ આવી ગયો. મેઘ આજે પહેલી વાર ઘરે ડિનર માટે આવી રહ્યો હતો. શ્યામા અને આહુતિ તેની તૈયારીઓમાં લાગ્યા હતા.

મેઘ સાંજે છ વાગ્યે આવ્યો. આવીને તેણે આહુતિને ડાયમન્ડની ઈયરિંગ ગિફ્ટ આપી. સમિધને બ્રાન્ડેડ વોચ આપી. ત્યારબાદ શ્યામાની સામે ઘુંટણ પર બેસીને પોતાના બંને હાથને શ્યામા તરફ લંબાવતા ભાવુક થઈને બોલ્યો 'શામુ, તું મારી સાથે લગ્ન કરીશ?'

તેના એક હાથમાં ઓર્કિડનો મોટો બુકે હતો અને બીજા હાથમાં સોલિટેરની રીંગ હતી. શ્યામાનુ હૃદય ખુશીથી ભરાઈ ગયું. તેણે પોતાની ડોકને બે વાર નમાવીને મેઘના પ્રેમનો સ્વીકાર કર્યો હતો.

ત્યારબાદ મેઘનો હાથ પકડીને તેને પ્રેમથી ઊભો કરીને પોતાના ડાબા હાથની રિંગ ફિંગરને મેઘ તરફ લંબાવી હતી. મેઘે શ્યામાની આંગળીમાં રિંગ પહેરાવી દીધી. સમિધ અને આહુતિએ તાળીઓ પાડીને એ ક્ષણને વધાવી હતી.

સમિધ દરેક મોમેન્ટના ફોટા પાડી રહ્યો હતો. શ્યામા અને મેઘ બંને ખુશખુશાલ હતાં. મેઘે એના સ્વભાવ પ્રમાણે અવનવી વાતો કરીને, મજાક કરીને બધાને હસાવ્યા હતા.

ડિનર પત્યા પછી આઈસ્ક્રીમ ખાતી વખતે સમિધે મેઘને પૂછ્યું 'અંકલ તમે કાયમ આવી રીતે હસતા હો છો અને હસાવતા હો છો. તમને ક્યારેય ગુસ્સો નથી આવતો?'

આ સાંભળીને આહુતિને ફાળ પડી હતી. તે સમિધને જાણતી હતી, હવે સમુડો કંઈક કર્યા વગર નહિ રહે.

મેઘ હસતા બોલ્યો 'હસે એનું ઘર વસે. ગુસ્સો કરવાથી શું મળે? મને ક્યારેય ગુસ્સો નથી આવતો'.

'ક્યારેક તો આવ્યો હશે ને અંકલ?'

'ના બેટા, મને યાદ છે ત્યાં સુધીના ભૂતકાળમાં તો નથી આવ્યો.'

'ત્યારેતો તમે સાચા અર્થમાં કુલમેન કહેવાવ હો અંકલ!'

'થેંક્સ બેટા. મારો ગુસ્સો નહિ કરવાનું કારણ મારા પપ્પા છે. એ દરેક વાતે ગુસ્સો કરતાં. ગુસ્સાને લીધે એમની જિંદગી, એમના સંબંધો ખરાબ થતા જોયા ત્યારથી નક્કી કર્યું કે હું કદીયે ગુસ્સો કરીશ નહિ'.

'નાઈસ, અંકલ હું એક જ મિનિટમાં આવ્યો'. આમ કહીને સમિધ બેકયાર્ડ બાજુ ગયો. પાછો આવ્યો ત્યારે એના હાથમાં એક બિલ્લી હતી.

'અંકલ આને મળો, એનું નામ ટારઝન છે. એની મા જેરી એને સાવ નાની હતી ત્યારે અહી મૂકી ગઈ હતી. ત્યારથી તે અમારી ફેમિલી મેમ્બર જ છે'. આમ કહીને તે ટારઝનને નીચે ઉતારીને બોલ્યો 'ટારઝન, અંકલને શેકહેન્ડ કરો.

'મતલબ એ સ્ટ્રીટ કેટ છે?' મેઘે પૂછ્યું.

અનુસંધાન પાનાનં ૦૬ પર

ડિસેમ્બર પછી ક્યાં?



ટ્રાવેલ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

મોન્સૂન શબ્દ અરબી મૌસિમ એટલે કે ઋતુ પરથી આવ્યો છે. સદીઓ સુધી હિંદ મહાસાગરના નાવિકો પવનોને જ કેલેન્ડર માનતા. ઉનાળાના પવનો વહાણોને ભારત લાવતા, અને શિયાળાના ઊલટા પવનો પાછા ઘરે લઈ જતા. પોતાની ઋતુની રાહ જોવાની, અને પછી સઢ ખોલવાના.

આ કેલેન્ડર મને ડિસેમ્બરની રજાઓને કારણે યાદ આવ્યું. આપણે લગભગ બધા એક જ પખવાડિયામાં, એક જ જગ્યાઓએ ફરવા નીકળીએ છીએ. અને દુનિયાનો સૌથી રસપ્રદ સમય ચૂકી જઈએ છીએ. ડિસેમ્બર પછી ભીડ ઓસરે છે, ભાવ હળવા થાય છે, અને પ્રકૃતિએ પ્રવાસનના જન્મ પહેલાં નક્કી કરેલા સમયપત્રક પ્રમાણે અદ્ભુત ઘટનાઓ બને છે. આવી છ ઘટનાઓની વાત કરું.

ઊલટી દિશામાં વહેતું સરોવર: કંબોડિયાનું ટોનલે સાપ દક્ષિણ-પૂર્વ એશિયાનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર છે, અને એ કંઈક અનોખું કરે છે. અડધું વર્ષ એને મેકોંગ સાથે જોડતી નદી સરોવરમાંથી બહાર વહે છે. ચોમાસામાં મેકોંગ છલકાય, ત્યારે પ્રવાહ ઊલટો થઈ નદી સરોવરમાં વહેવા લાગે છે. આશરે ૨,૫૦૦ ચોરસ કિલોમીટરનું સરોવર ફૂલીને ૧૫,૦૦૦ ચોરસ કિલોમીટરનું થઈ જાય છે, અને કિનારાનાં તરતાં ગામો પણ ઉપર આવે છે.

ખ્મેર સામ્રાજ્ય આ જ ધબકાર આસપાસ વિકસ્યું. સરોવરની ઉત્તરે અંગકોરમાં એની રાજધાની હતી, જ્યાં બારમી સદીમાં સૂર્યવર્મન બીજાએ ભગવાન વિષ્ણુને સમર્પિત વિરાટ અંગકોર વાટ મંદિર બંધાવ્યું, જે પછીથી બૌદ્ધ તીર્થ બન્યું. ભારતીય પ્રવાસી માટે આ હૃદયસ્પર્શી અનુભવ છે, કારણ કે બંગાળની ખાડીની પેલે પારના શિલ્પીઓએ અહીંની દીવાલો પર રામાયણ અને મહાભારતનાં દૃશ્યો કંડાર્યાં છે. નવેમ્બરથી ફેબ્રુઆરીના ઠંડા, સૂકા મહિના જવા માટે શ્રેષ્ઠ છે, અને માર્ચના વસંત સંપાત (ઇક્વિનોક્સ) આસપાસ સૂર્ય બરાબર મધ્ય શિખર ઉપરથી ઊગે છે, જે લગભગ નવસો વર્ષ પહેલાં મંદિરની રચનામાં જ વણી લેવાયું હતું.

દર શિયાળે ઓસરી જતો દરિયો: આપણા ગુજરાતમાં ભૂગોળ ઊલટી રીતે કામ કરે છે. ચોમાસામાં અરબી સમુદ્રનું પાણી કચ્છના રણને છીછરા, ઝગમગતા સરોવરમાં ફેરવી દે છે. પાનખરમાં પાણી ઓસરે, તેમ ક્ષિતિજ સુધી મીઠાનું ચમકતું સફેદ પડ રહી જાય છે. ધોરડોની ટેન્ટ સિટીમાં રણ ઉત્સવ ૧ નવેમ્બર ૨૦૨૬થી ૭ માર્ચ ૨૦૨૭ સુધી ચાલે છે, અને જાન્યુઆરી-ફેબ્રુઆરીની પૂનમની રાતોએ સફેદ રણ ચાંદનીમાં ઝળહળી ઊઠે છે.

કચ્છની એક વાર્તા એનાથીય જૂની છે. રણમાં ધોળાવીરામાં આશરે ૪,૫૦૦ વર્ષ જૂના હડપ્પીય નગરના અવશેષો છે, જેને ૨૦૨૧માં યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરી. સૂકા પ્રદેશમાં પાણીનું એકેએક ટીપું સાચવતાં જળાશયો અને નહેરો એની જળ-ઇજનેરીની ઓળખ છે. ક્યારેક પાણીમાં ડૂબતી અને ક્યારેક પાણી વિના જીવતી ધરતી પર ખીલેલું આ નગર બતાવે છે કે માણસ હંમેશાં પોતાની ભૂગોળ વાંચતાં શીખ્યો છે.

જન્મનો સમય નક્કી કરતાં મેદાનો: જાન્યુઆરીના અંતથી માર્ચ સુધી ટાન્ઝાનિયાના દક્ષિણ સેરેંગેટીમાં પ્રકૃતિની સૌથી સમયબદ્ધ ઘટના બને છે. નવેમ્બરના વરસાદ પછી વાઇલ્ડબીસ્ટનાં ટોળાં ન્ડુટુનાં ઘાસનાં મેદાનોમાં આવે છે, અને બે-ત્રણ અઠવાડિયાંમાં પાંચ લાખ જેટલાં બચ્ચાં જન્મે છે. ફેબ્રુઆરીની ટોચે એક જ દિવસમાં આઠ હજાર જેટલા જન્મનો અંદાજ છે.

જગ્યા પણ સંયોગ નથી. આ મેદાનો ન્ગોરોંગોરોના પહાડોમાંથી આવેલી જ્વાળામુખીની રાખવાળી જમીન પર છે, અને એમાં ઊગતું ઘાસ દૂધ પિવડાવતી માતાઓને જોઈતાં ખનિજોથી ભરપૂર છે. ખુલ્લાં મેદાનોમાં શિકારી છુપાઈને આવી શકતા નથી. અને બધાં બચ્ચાં એકસાથે જન્મે, તો એક સિંહ કેટલાં ખાઈ શકે? મોટા ભાગનાં બચી જાય છે. હજારો વર્ષોમાં ઘડાયેલી આ વ્યૂહરચના કોઈ પણ સવારે જીપમાંથી જોઈ શકાય.

અંતરમાંથી બનેલો બરફ: હોક્કાઇડોની ઠંડી ભૂગોળની દેન છે. સાઇબિરિયાથી થીજેલી હવા નીચે આવે છે, જાપાન સમુદ્રના ગરમ પાણી પરથી ભેજ ભેગો કરે છે, અને ટાપુ પર બરફ બનીને વરસે છે. ફેબ્રુઆરી સુધીમાં સાપોરોમાં લગભગ એક મીટર બરફ જામી જાય છે.

અને શહેર એનો મજાનો ઉપયોગ કરે છે. ૧૯૫૦માં વિદ્યાર્થીઓએ ઓડોરી પાર્કમાં, જ્યાં લોકો રસ્તાનો બરફ ઠાલવતા, ત્યાં બરફની છ પ્રતિમાઓ બનાવી. પચાસ હજાર લોકો જોવા આવ્યા. આજે સાપોરો સ્નો ફેસ્ટિવલમાં વીસ લાખથી વધુ મુલાકાતીઓ આવે છે, અને એની ૭૭મી આવૃત્તિ ૪થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન યોજાશે, જ્યાં ઇમારત જેટલી ઊંચી હિમપ્રતિમાઓ રોશનીમાં ઝળહળે છે. શરૂઆત હતી મુઠ્ઠીભર વિદ્યાર્થીઓ અને નકામા બરફના ઢગલાથી.



...આપણે લગભગ બધા એક જ પખવાડિયામાં, એક જ જગ્યાઓએ ફરવા નીકળીએ છીએ. અને દુનિયાનો સૌથી રસપ્રદ સમય ચૂકી જઈએ છીએ...

યોજનાથી વસેલું શહેર, અને યોજના વિનાનો ઉત્સવ: જાન્યુઆરીમાં જયપુર પુસ્તકાલય બની જાય છે, અને એ કેટલું અણધાર્યું છે એ જાણવા જેવું છે. ખગોળપ્રેમી સવાઈ જયસિંહ બીજાએ ૧૮ નવેમ્બર ૧૭૨૭ના રોજ આમેરના પહાડો પરથી રાજધાની ખસેડીને, વિદ્વાન સ્થપતિ વિદ્યાધર ભટ્ટાચાર્યની મદદથી, ચોક્કસ ગ્રીડ પર જયપુર વસાવ્યું. ૧૮૭૬માં પ્રિન્સ ઑફ વેલ્સના સ્વાગતમાં શહેર આતિથ્યના રાજપૂતી રંગ, ગુલાબીમાં રંગાયું. આજે કોટવાળું શહેર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ છે, અને જયસિંહની વેધશાળા જંતર મંતર પણ, જ્યાં ૨૭ મીટર ઊંચી પથ્થરની સૂર્યઘડિયાળ આજે પણ સમય બતાવે છે.

ચોકસાઈપ્રેમી રાજાને આજના જાન્યુઆરીના જયપુરને જોઈ નવાઈ લાગત. જયપુર લિટરેચર ફેસ્ટિવલ ૨૦૦૬માં ફક્ત ૧૮ લેખકો સાથે શરૂ થયો, અને આજે એ પૃથ્વી પરનો સૌથી મહાન સાહિત્ય શો અને દુનિયાનો સૌથી મોટો નિશુલ્ક સાહિત્ય ઉત્સવ ગણાય છે, જ્યાં લાખો મુલાકાતીઓ આવે છે. એની ૨૦મી આવૃત્તિ ૧૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન હોટેલ ક્લાર્ક્સ આમેરમાં યોજાશે. પ્રવેશ નિશુલ્ક છે, પણ રજિસ્ટ્રેશન જરૂરી. સંયોગ એવો કે આ જ વર્ષે જયપુર પોતે ૩૦૦ વર્ષનું થાય છે. જાન્યુઆરીમાં રાજસ્થાન સૌથી મહેરબાન હોય છે, ઠંડી સવાર, સોનેરી બપોર. આયોજિત શહેરમાં અનાયોજિત વાતચીત સાંભળવાનો આ જ શ્રેષ્ઠ સમય.

મહોરું પહેરતું શહેર: શિયાળામાં વેનિસનો મિજાજ બદલાઈ જાય છે. પ્રવાસીઓ ઓછા થાય છે, નહેરો પર ધુમ્મસ છવાય છે, અને જાન્યુઆરીના અંતે આખું શહેર મહોરાં પહેરી લે છે. વેનિસ પોતાના કાર્નિવલનાં મૂળ ૧૧૬૨માં શોધે છે, જ્યારે ગણરાજ્યે એક્વિલેઆના પેટ્રિઆર્ક પરની જીત સેન્ટ માર્ક્સ સ્ક્વેરમાં ઉજવી હતી. પણ એને પ્રસિદ્ધ બનાવ્યો મહોરાંએ. યુરોપના સૌથી કડક વર્ગભેદવાળા સમાજમાં મહોરા પાછળ દરજ્જો છુપાવીને ઉમરાવ અને સામાન્ય માણસ એકબીજા સાથે ભળી શકતા. કાર્નેવાલે એટલે લૅટિનમાં માંસનો ત્યાગ, કારણ કે આ લેન્ટના ઉપવાસ પહેલાંની છેલ્લી મોજ છે.

૧૭૯૭માં ગણરાજ્યના પતન સાથે કાર્નિવલ પર પ્રતિબંધ મુકાયો, અને લગભગ બે સદી શહેર શાંત રહ્યું. ૧૯૭૯માં એ પાછો ફર્યો, અને આજે દર વર્ષે આશરે ત્રીસ લાખ મુલાકાતીઓ આવે છે. ૨૦૨૭નો કાર્નિવલ ૯ ફેબ્રુઆરીએ પૂરો થશે. માસ્કડ બૉલની ટિકિટ સેંકડો યુરોની છે, પણ શેરીઓ, પોશાકો અને નહેરો મફત છે. વહેલી સવારે, ભીડ પહેલાં શહેરમાં ફરો, જ્યારે મહોરાંધારી આકૃતિઓ ધુમ્મસમાં એવી રીતે સરકે છે, જાણે ગણરાજ્યનું પતન ક્યારેય થયું જ ન હોય.

તમારો ડિસેમ્બર પછી પસંદ કરો: આ છયે જગ્યાઓમાં સામાન્ય વાત છે સમય. દરેક જગ્યા પોતાના સમયે શ્રેષ્ઠ છે, અને દરેકની વાર્તા એની ઋતુમાં જ સમજાય છે. બધી સસ્તી નથી, એ પણ સાચું. સેરેંગેટી, સાપોરો અને વેનિસ પોતે જ પીક સીઝનની ઘટનાઓ છે, અને ભાવ પણ એવા જ. પણ મુદ્દો એ કે આ બધી ડિસેમ્બરની દોડધામથી બહાર છે, અને આદતથી નહીં, કારણથી તારીખો પસંદ કરનારને વળતર આપે છે. ડિસેમ્બરમાં હું શ્રીલંકાના દક્ષિણ કિનારે જઈ રહ્યો છું, જ્યાં સૂકી ઋતુ ડિસેમ્બરથી એપ્રિલ સુધી ચાલે છે. કેરળનાં બૅકવૉટર્સથી જાન્યુઆરીના ખાડીના દેશો સુધી, આવી ઘણી જગ્યાઓ છે.

પસંદગીની સૌથી સરળ રીત છે મંઝિલથી નહીં, વાર્તાથી શરૂઆત કરવી. પૂછો કે ફેબ્રુઆરીમાં એવું શું બને છે, જે બીજા કોઈ સમયે ન બને, અને એ જોવા નીકળી પડો. મેં જણાવેલી કે રહી ગયેલી જગ્યાઓમાંથી તમારી પસંદગી કઈ? મને neil@veenaworld.com પર લખો, અને ચાલો વાતચીતની શરૂઆત કરીએ.

જાણો અજાણ્યું: વીણા વર્લ્ડ પર ફ્લાઇટ બુકિંગ શરૂ થયું ત્યારથી હું એરલાઇન્સની વાતોમાં ખોવાતો રહું છું. લેખ ઋતુથી શરૂ થયો, તો એરલાઇન્સની ઋતુઓની વાત કરું.

એરલાઇન્સ વર્ષને બે ભાગમાં વહેંચે છે. સમર સીઝન માર્ચના છેલ્લા રવિવારથી ઑક્ટોબરના છેલ્લા રવિવાર સુધીના સાત મહિના, અને વિન્ટર સીઝન બાકીના પાંચ. આ તારીખો યુરોપના ઘડિયાળ-પરિવર્તન સાથે જોડાયેલી છે. આ વર્ષે વિન્ટર સીઝન ૨૫ ઑક્ટોબરથી ૨૭ માર્ચ ૨૦૨૭ સુધી છે.

દરેક ટાઇમટેબલ અને સ્લૉટ સીઝન પ્રમાણે નોંધાય છે. બદલાવના દિવસે રૂટ શરૂ કે બંધ થાય છે અને હજારો ફ્લાઇટ્સના સમય બદલાય છે. વર્ષમાં બે વાર, નેવુંથી વધુ સ્લૉટ કો-ઑર્ડિનેટર્સ અને ૨૫૦થી વધુ એરલાઇન શેડ્યુલર્સ IATA ની કૉન્ફરન્સમાં, જૂન અને નવેમ્બરમાં મળીને, દરેક એરપોર્ટની ક્ષમતા પ્રમાણે આયોજન ગોઠવે છે.

એટલે જ કોઈ રૂટ એક સીઝનમાં હોય અને બીજીમાં ગાયબ, કે રોજની ફ્લાઇટ અઠવાડિયે થોડી વાર ઊડે. ડિસેમ્બર પછીનો પ્રવાસ લગભગ આખો વિન્ટર શેડ્યુલમાં આવે છે, જે અંગકોર વાટના સંપાત-સૂર્યોદયના અઠવાડિયા પછી પૂરો થાય છે.

પ્રકૃતિની પોતાની ઋતુઓ છે, અને એરલાઇન્સની પોતાની. મળીએ આવતા અઠવાડિયે...

Book your Flights & Hotels Anywhere Around the World
veenaworld.com
ફ્લાઇટ ડીલ્સ • હોટેલ ડીલ્સ
ગ્રુપ ટૂર્સ • પ્રાઇવેટ હોલિડેઝ
વુમન્સ સ્પેશિયલ • સિનિયર્સ સ્પેશિયલ
હનીમૂન સ્પેશિયલ • કૉર્પોરેટ ટ્રાવેલ (MICE)



તમારી જાપાન ટૂર આજે જ પસંદ કરો. ચેરી બ્લોસમ ટૂર્સ ઝડપથી ફુલ થઈ રહી છે! પૂરું પેમેન્ટ કરીને મેળવો 'ફુલ પેમેન્ટ બેનિફિટ', અથવા ટ્રાવેલ લોનના સરળ EMI સાથે જાપાન ફરવાનું તમારું સપનું સાકાર કરો. વૂમન્સ સ્પેશિયલ અને સિનિયર્સ સ્પેશિયલ ટૂર્સ પણ ઉપલબ્ધ છે.

બેસ્ટ ઓફ જાપાન (7D)	સ્પ્લેન્ડર્સ ઓફ જાપાન (8D)	વંડર્સ ઓફ જાપાન (9D)	માર્વેલ્સ ઓફ જાપાન (11D)	જાપાન અલ્પાઇન રુટ (10D)	જાપાન+યુઝાવા સ્નો સ્પેશલ (9D)
230K-250K (J&L Price)	266K-295K (J&L Price)	285K-305K (J&L Price)	330K-395K (J&L Price)	305K-320K (J&L Price)	255K-265K (J&L Price)
295K-315K (Ex-Amd)	331K-360K (Ex-Amd)	350K-380K (Ex-Amd)	385K-460K (Ex-Amd)	355K-360K (Ex-Amd)	310K-320K (Ex-Amd)

Email: travel@veenaworld.com | www.veenaworld.com | Ahmedabad: 887 997 7200 | Vadodara: 887 997 3900
*T & C Apply



જાપાન
તમે ક્યારે જઈ રહ્યા છો?
જાપાનની દરેક ઋતુ અલગ, દરેક ઋતુ સુંદર! વીણા વર્લ્ડનું ઉત્તમ આયોજન, વિશ્વાસપાત્ર સેવાઓ, લોકપ્રિય, તત્પર ટૂર મેનેજર, સફર આનંદદાયક જ બનશે! તો ચિંતા શેની?
ચલો, બૅગ ભરો, નિકલી પડો!
વીણા વર્લ્ડ સાથે જાપાન, તમારી મનપસંદ સીઝનમાં.
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

ગાર્ગી - યાજ્ઞવલ્ક્ય સંવાદ :

અક્ષર બ્રહ્મની સંકલ્પના અને ભૌતિકવિજ્ઞાન

અગોચર વિશ્વ

દેવેશ મહેતા

પ્રાચીન ભારતના વૈદિક અને ઉપનિષદ કાળના ભારતીય તત્વદર્શનના સૌથી તેજસ્વી બ્રહ્મવાદિની વિદ્વાનોમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અને વિદુષી ગાર્ગી અગ્રગણ્ય સ્થાને રહેલા છે. ઋષિ વાચકનુના પુત્રી અને ઋષિ ગર્ગના વંશ સાથે સંબંધ ધરાવતા ગાર્ગી વેદો અને તત્વજ્ઞાનમાં એટલા નિષ્ણાત હતા કે મિથિલાના રાજા જનકની વિદ્વત સભામાં તેમને અગ્રસ્થાન અપાયું હતું. બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયમાં રાજા જનકની સભાનો તે ઐતિહાસિક પ્રસંગ નિરૂપિત છે, જ્યાં વિદુષી ગાર્ગીએ મહાન ઋષિ યાજ્ઞવક્લ્ય સાથે બ્રહ્માંડના મૂળ આધાર અને અસ્તિત્વને લગતો અત્યંત ગૂઢ શાસ્ત્રાર્થ કર્યો હતો.

આ શાસ્ત્રાર્થમાં ગાર્ગીએ કાપડના વણાટના તાણા-વાણાના રૂપકનો ઉપયોગ કરી, તેમાં 'ઓતપ્રોત' શબ્દનો પ્રયોગ કરી સૃષ્ટિના અંતિમ આધારની શોધ કરી હતી. સંવાદના પ્રથમ તબક્કામાં તેમણે જળથી શરૂ કરીને ક્રમશઃ વાયુ, અંતરિક્ષ, સૂર્ય, ચંદ્ર, દેવ, ઇન્દ્ર, પ્રજાપતિ અને બ્રહ્મલોક સુધીની સૂક્ષ્મ શૃંખલા પર પ્રશ્નો પૂછ્યા હતા. જ્યારે તેઓ બ્રહ્મલોકથી પણ આગળનો આધાર તર્કથી પૂછવા લાગ્યા ત્યારે યાજ્ઞવલ્ક્યએ તેમને એમ કહીને શાંત કર્યા કે પરમ સત્ય કેવળ શુષ્ક તર્કની સીમાથી પર છે.



તે પછી સભાના વિદ્વાનોની સંમતિ લઈ ગાર્ગી ફરી ઊભા થયા અને યાજ્ઞવલ્ક્યને બે નિર્ણાયક પ્રશ્નોનો પડકાર ફેંકતા કહ્યું કે જો તેઓ આ બન્ને પ્રશ્નોનો ઉત્તર આપી દેશે તો બ્રહ્મવિદ્યાના શાસ્ત્રાર્થમાં કોઈ તેને હરાવી નહીં શકે. યાજ્ઞવલ્ક્યએ તેમને તે પ્રશ્નો પૂછવા કહ્યું હતું. 'સા હોવાચ - યદૂર્ધ્વ યાજ્ઞવલ્ક્ય દિવો યદવાક્ પૃથિવ્યા યદન્તરા દ્યાવા પૃથિવી ઈમે યદ્‌ભૂતં ચ ભવચ્ચ ભવિષ્યચ્ચેત્યાચક્ષતે કસ્મિંસ્તહોતં ચ પ્રોતં ચેતિ ॥ સ હોવાચ - આકાશે તદોતં ચ પ્રોતં ચેતિ ॥ ગાર્ગીએ કહ્યું - 'હે યાજ્ઞવલ્ક્ય ! જે સ્વર્ગથી ઉપર છે, જે પૃથ્વીથી નીચે છે, જે આ બન્નેની વચ્ચે છે તથા જેને ભૂત, વર્તમાન અને ભવિષ્ય કહેવામાં આવે છે તે સર્વ શેમાં તાણા-વાણાની જેમ ઓત-પ્રોત (વણાયેલું) છે ? યાજ્ઞવલ્ક્યે ઉત્તર આપ્યો - હે, ગાર્ગી ! તે બધું આકાશમાં ઓતપ્રોત (વણાયેલું) છે.

તરત જ ગાર્ગીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે સ્વયં આ આકાશ શેમાં વણાયેલું છે? તેના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્યએ 'અક્ષર' અર્થાત્ અવિનાશી બ્રહ્મનું વર્ણન કરતાં કહ્યું કે તે તત્ત્વ ન સ્થૂળ છે ન સૂક્ષ્મ, ન નાનું છે ન મોટું. અને ઇન્દ્રિયો તથા મનની પકડથી સર્વથા પર છે. 'યાજ્ઞવલ્ક્યએ કહ્યું - હે ગાર્ગી! બ્રહ્મજ્ઞાની પુરુષો તે તત્વને અક્ષર (અવિનાશી બ્રહ્મ) કહે છે. તે ન સ્થૂળ છે, ન સૂક્ષ્મ છે, ન નાનું છે, ન મોટું છે. ન તે (અગ્નિની જેમ) લાલ છે, ન (જળની જેમ) દ્રવ છે, ન તે છાયા છે, ન અંધકાર, ન વાયુ છે ન આકાશ. તે અસંગ (નિર્લેપ) રસહીન, ગંધહીન, નેત્રહીન, કાનહીન, વાણીહીન અને મનથી પર છે. તે ન અંદર છે, ન બહાર, ન તે કોઈને ખાય છે ન કોઈ તેને ખાઈ શકે છે. અર્થાત્ તે પૂર્ણતઃ અવિનાશી છે. આ ઉપરાંત યાજ્ઞવલ્ક્યએ સમજાવ્યું કે આ અક્ષર તત્વના જ ચુસ્ત નિયમોમાં સૂર્ય અને ચંદ્રમા, નક્ષત્રો, સમગ્ર સૃષ્ટિ અને કાળચક્ર નિયમિત ચાલે છે.

ગાર્ગી અને યાજ્ઞવલ્ક્યનો આ પ્રાચીન સંવાદ અર્વાચીન ભૌતિકવિજ્ઞાન અને બ્રહ્માંડ વિજ્ઞાન (Cosmology) ના સિદ્ધાંતો સાથે અદ્‌ભુત વૈચારિક સમાનતા ધરાવે છે. ગાર્ગીએ પૂછ્યું હતું કે સ્વર્ગ-પૃથ્વી અને ભૂત-વર્તમાન-ભવિષ્યકાળ શેમાં તાણાવાણાની જેમ વણાયેલા છે ? યાજ્ઞવલ્ક્યએ જવાબ આપ્યો હતો કે આ બધું જ 'આકાશ'માં વણાયેલું છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંત (General Theory of Relativity) પ્રમાણે આખું બ્રહ્માંડ આકાશ-સમયના તાણાવાણાના વણાટ (Fabric of Spacetime) ના જેવું છે. સમય (ભૂત-વર્તમાન-ભવિષ્ય) અને સ્થાન (દિક્) જુદા જુદા નથી પણ એક જ બનાવટનો ભાગ છે, જેમાં બધા ગ્રહો અને આકાશગંગાઓ ટકેલી છે.

શાસ્ત્રાર્થના પ્રથમ ચરણમાં ગાર્ગી સ્થૂળ તત્વ (જળ)થી શરૂ કરીને ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મતર લોક (વાયુ, અંતરિક્ષ, સૂર્ય, બ્રહ્મલોક) તરફ આગળ વધે છે. આધુનિક પાર્ટિકલ ફિઝિક્સ પણ પદાર્થના સ્થૂળ રૂપથી સૂક્ષ્મ રૂપ તરફ જાય છે. પદાર્થથી અણુ (Molecules), અણુથી પરમાણુ (Atoms), પરમાણુથી ઉપ-પારમાણ્વિક કણ (Quarks, Electrons) અને અંતે ક્વૉન્ટમ ફિલ્ડસ. જેમ ઉપનિષદમાં કહેવાયું છે તેમ ક્વૉન્ટમ થિયરી પણ કહે છે કે બધા કણો અદ્રશ્ય ઊર્જા-ક્ષેત્રોના તરંગો માત્ર છે.

યાજ્ઞવલ્ક્ય અનુસાર આકાશ પણ જે અંતિમ આધાર પર ટકેલું છે તે અક્ષર (અવિનાશી બ્રહ્મ) છે જે નથી સ્થૂળ કે નથી સૂક્ષ્મ, નથી નાનું કે નથી મોટું અને જે ઇન્દ્રિયાતીત છે. ભૌતિકવિજ્ઞાની આજે એકીકૃત ક્ષેત્ર સિદ્ધાંત (Unified Field Theory) ની વાત કરે છે, જે બ્રહ્માંડની બધી મૂળભૂત શક્તિઓનો એક જ સ્રોત હોય. તે ઉપરાંત ક્વૉન્ટમ વેક્યુમ/ઝીરો પોઈન્ટ એનર્જી)ની અવધારણા દર્શાવે છે. કે જેને આપણે ખાલી જગ્યા (Space/Time) સમજીએ છીએ તે વાસ્તવમાં શૂન્ય નથી, પણ ઊર્જાના એક અદ્રશ્ય અને અવિનાશી ક્ષેત્રથી ભરેલી છે, જ્યાંથી બધા કણો ઉત્પન્ન થાય છે.

યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે કે આ અક્ષરના નિયમ (પ્રશાસન)થી સૂર્ય અને ચંદ્ર એમની કક્ષાઓમાં ટકી રહે છે. સમય (નિમેષ, દિવસો, ઋતુઓ) ચાલે છે અને નદીઓ વહે છે. એટલે કે એક અદ્રશ્ય મૂળ સિદ્ધાંત આખા બ્રહ્માંડને અરાજકતાથી બચાવી વ્યવસ્થામાં બાંધી રાખે છે. ક્વૉન્ટમ ફિઝિક્સ પણ કહે છે - 'બ્રહ્મમાંડનું અસ્તિત્વ અને સ્થિરતા કેટલાક અત્યંત સૂક્ષ્મ અને અપરિવર્તનીય ભૌતિક સ્થિરાંકો (Fundamental Constants) જેમકે ગુરુત્વાકર્ષણ સ્થિરાંક, પ્રકાશની ગતિ) પર ટકેલી છે. જો એમનામાં નાનો અમથો કે સૂક્ષ્મ જેટલો પણ ફેરફાર થઈ જાય તો પરમાણુ તૂટી જાય અને ગ્રહ કે તારાનું નિર્માણ ના થાય, પદાર્થોની રચના પણ ના થાય. યાજ્ઞવલ્ક્યની આ વાત ગુરુત્વાકર્ષણ અને ખગોળવિજ્ઞાનના અટલ નિયમોનો નિર્દેશ કરે છે. આમ, ગાર્ગી અને યાજ્ઞવલ્ક્યના સંવાદમાં ભૌતિકવિજ્ઞાનના અનેક સિદ્ધાંતોના સંકેતો જોવા મળે છે.

યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે કે આ અક્ષરના નિયમ (પ્રશાસન)થી સૂર્ય અને ચંદ્ર એમની કક્ષાઓમાં ટકી રહે છે. સમય (નિમેષ, દિવસો, ઋતુઓ) ચાલે છે અને નદીઓ વહે છે...

પ્રેમનાં વૃક્ષોને મૂળિયાં સહિત ઉખેડી નાખતો આવેશ!

જાણ્યું છતાં અજાણ્યું

મુનીન્દ્ર

ગૃહસ્થાશ્રમના મધુર કાવ્ય સમાન રામાયણનાં બે દ્રશ્યો સ્મરણપટ પર તરવરે છે! એક છે રામને વનવાસ મળ્યો. દશરથ રાજાનું મૃત્યુ થયું. મામાને ત્યાં ગયેલો ભરત પાછો આવે છે અને અયોધ્યામાં પગ મૂકતાં ભરતને બધું જ સૂમસામ દેખાય છે. માતા કૈકેયીને પૂછે છે, તો ખબર પડે છે કે એના પિતા રાજા દશરથ મૃત્યુ પામ્યા છે અને એ જ કૈકેયી એને કહે છે કે રામ પિતાની આજ્ઞાથી વનમાં ગયા, સીતા અને લક્ષ્મણ પણ એમની સાથે ગયા છે. વિશેષમાં કૈકેયી ગર્વભેર કહે છે કે એને માટે અયોધ્યાનું રાજપાટ અને રામને ચૌદ વર્ષનો વનવાસ રાજા દશરથ પાસેથી માગી લીધા છે, માટે હવે તું અયોધ્યાનો રાજા છે.

આ સાંભળતાં જ ભરત ગુસ્સે થઈને કહે છે કે, ''પિતા પરલોક ગયા અને રામ વનમાં ગયા, પછી હવે અહીં જીવીને મારે શું કામ છે? તું દૂર હટ. તું મારી મા નથી. શું કરું, રામ તને માતા કહે છે, નહીં તો હમણાં જ હું તને બોલતી બંધ કરી દઉં.'' અને ભરત પાગલ થયો હોય તેમ જોરથી ચીસો પાડે છે. અહીં ભરતનો આવેશ દ્રષ્ટિગોચર થાય છે.

આવી જ રીતે બીજું દ્રશ્ય છે રામને વનમાં મળવા માટે ભરત આવે છે, ત્યારે લક્ષ્મણ દૂરથી ધૂળ ઊડતી જોઈને વિચારે છે કે કોઈ સેના આવી રહી છે અને પછી રથ પર ફરકતો અયોધ્યાનો ધ્વજ જોઈને વિચારે છે કે ભરત સેના લઈને વનવાસ વેઠતા રામને હેરાન કરવા માટે આવ્યો લાગે છે. તેથી તે રામ પાસે દોડી જઈને કહે છે,

''આજે કાં ભરત નહીં, કાં હું નહીં'' અને ત્યારે રામ એને શાંત પાડતા કહે છે, ''જરી ઠંડો પડ, શાંત થા. તું ભરતને ઓળખવામાં ભૂલ કરે છે.''

માનવીય આવેશના આ બે પ્રસંગોમાં લાગણીની સાથે આવેશ ભરેલો છે. રામાયણની તમામ ઘટનાઓમાં શ્રી રામ સદૈવ સ્વસ્થ લાગે છે. કદાચ ઋષિ વાલ્મીકિએ જોયું હશે કે ભારતવર્ષની પ્રજા લાગણીથી ભરેલી આવેગશીલ અને આવેશશીલ છે. એને લાગણીના પૂરમાં ઘસડાઈ ઘસડાઈને આવેશનો ભોગ બનવાને બદલે લાગણીના આવેશોને સ્વસ્થતાથી પાર પાડવાનો ઉપદેશ રામકથા મારફતે આપ્યો છે.

આવેશ એક ઝંઝાવાત જેવો છે. જે ઘરના સબંધોમાં વાવેલાં પ્રેમનાં વૃક્ષોને મૂળિયાં સહિત ઉખેડી નાખે છે. એ વ્યક્તિને વર્તમાનમાં તો હાનિ કરે છે, પરંતુ એના ભવિષ્યને પણ અંધકારમય બનાવે છે

વ્યક્તિનું જીવન વિચાર, લાગણી અને આવેશ એ ત્રણથી ચાલતું હોય છે. એમાં પણ એના મનમાં કોઈ આવેશ આવે અને પછી એ આવેશ એના આખાય ચિત્તને ઘેરી લે, ત્યારે એની સ્થિતિ ઘણી કફોડી બને છે. એકવાર



મહાવીર સ્વામીને દંશ આપનારા ચંડકૌશિક નામના સર્પમાં દંશમાં તો વિષ હતું, પરંતુ એની આંખમાં પણ વિષ હતું. આથી જેના પર એની દ્રષ્ટિ પડતી, તે વિષથી મૃત્યુ પામતા

મનમાં એ આવેશનો ધમધમાટ જાગે પછી ઉલ્કાપાત જ. એ જે વ્યક્તિ પર ગુસ્સે થયો એટલે એ આખી દુનિયા ભૂલીને આવેશભર્યા ગુસ્સા સાથે એ વ્યક્તિ પર તૂટી પડશે. આવેશના આ સમયે એને એના પરિણામનો ખ્યાલ હોતો નથી. કોઈ ફાઈવસ્ટાર હોટલમાં જઈને વ્યક્તિ એક પછી એક વાનગીનો ઓર્ડર આપે, ત્યારે એને વાનગી આરોગવામાં ભારે મજા આવે છે અને એ વાનગીથી એ હૃષ્ટપુષ્ટ થતો જાય છે, મોજમાં ઝૂમવા લાગે છે. એવું જ આવેશોનું છે. આવેશ આવે એટલે માણસ એમાં ડૂબી જાય છે. કામ કે વિકારનો આવેશ હોય, તો એની મોજમસ્તીમાં પરોવાઈ જાય છે. ઈર્ષાનો આવેશ હોય તો એ સામી વ્યક્તિ પર વધુને વધુ દોષારોપણ કરવાની મજા માણતો રહે છે.

આમ, આવેશ વ્યક્તિને બહેકાવે છે. ફાઈવસ્ટાર હોટલમાં વાનગી ખાવાની મજા પડે, પરંતુ જ્યારે બિલ આવે ત્યારે ખબર પડે, એ જ રીતે આવેશનો અનુભવ એ ઘડીએ વ્યક્તિને ચિત્તરંજક, મનોરંજક કે દેહરંજક લાગતો હોય છે, પરંતુ એનું પરિણામ આવે ત્યારે એને એનાથી થયેલા અનિષ્ટનો ખ્યાલ આવે છે. પછી એનું વળતર ગુસ્સાના આવેશને ચૂકવવાનું હોતું નથી, પરંતુ તમારે પોતે ચૂકવવાનું હોય છે.

જીવનમાં અનિયંત્રિત આવેશોને કારણે ઘણીવાર વ્યક્તિને એની મોટી કીંમત ચૂકવવી પડે છે. કોઈ આવેશને વશ થઈને કશુંક એવું બોલી નાખે છે કે જેને કારણે એનો મધુર સબંધ ઝેર જેવો બની જાય છે. કોઈ આવા આવેશને વશ થઈને પોતાની નોકરી ખોઈ બેસે છે, તો કોઈ પોતાનું સ્વાસ્થ્ય ગુમાવે છે. આમ જુદા જુદા આવેશો જૂદું જૂદું પરિણામ લાવતા હોય છે, પરંતુ આ બધામાં એક વાત એટલી નક્કી હોય છે કે આવા આવેશને કારણે વ્યક્તિનું ભવિષ્ય અંધકારમય બને છે. આથી જીવનમાં આવતા વાસના કે વૃત્તિના આવેશના પોષણને બદલે એને શિસ્તબદ્ધ બનાવવાની જરૂર છે અને એ આવેશ પર આત્મસંયમની લગામ મૂકવાથી એ આવેશોમાંથી તમે બહાર આવી શકશો. 'જેવું વાવો, તેવું લણો' તે વાત તમારા આવેશભર્યા વર્તનને માટે તદ્દન સાચી છે.

ઘણી વ્યક્તિઓ તો પ્રત્યેક ક્ષણે માત્ર તીવ્ર આવેશ પર જીવતી હોય છે. એમને વાસનાનો આવેશ આવે, તો એ બધી વિવેકદ્રષ્ટિ બાજુએ મૂકીને એને માટે તડફડાટ કરતી હોય છે અને એ જ આવેશ એ વ્યક્તિને બળાત્કાર સુધી દોરી જાય છે. એવી જ રીતે જો ક્રોધનો આવેશ જાગે, તો વ્યક્તિ સતત ક્રોધાયમાન રહે છે અને એનો મનમાં ધૂંધવાતો ક્રોધ જ્યારે વાણી કે વર્તનરૂપે આવેશ સહિત બહાર નીકળે છે, ત્યારે એ ઘણી મોટી હાનિ પહોંચાડે છે. આ સમયે વ્યક્તિ એની આસપાસનું જગત ભૂલી જાય છે. સ્નેહ, પ્રેમ, મૈત્રી જેવા ભાવો એને દેખાતા નથી અને માત્ર એ આવેશથી પોતાનો ક્રોધ પ્રગટ કરતો રહે છે.

મહાવીર સ્વામીને દંશ આપનારા ચંડકૌશિક નામના સર્પમાં દંશમાં તો વિષ હતું, પરંતુ એની આંખમાં પણ વિષ હતું. આથી જેના પર એની દ્રષ્ટિ પડતી, તે વિષથી મૃત્યુ પામતા. આકાશમાં ઊડતાં પક્ષીઓ પર એની નજર પડે અને એ નજરના દંશથી-દ્રષ્ટિવિષથી- પક્ષીઓ મરી જતા. આ પ્રતીકનો અર્થ જ એ છે કે ક્રોધ એ વ્યક્તિની વાણીમાં જ નહીં, બલ્કે એના સમગ્ર વ્યક્તિત્વમાં ઓગળી ગયો હોય છે. આવી જ રીતે માણસના જીવનમાં આવતા આવેશો એ એના જીવનના ઘણા અવરોધોનું કારણ બનતા હોય છે.

તમે રમકડાં માટે જીદ કરતા બાળકને જોયો છે. એ બાળક એટલી બધી જીદ કરે છે કે તમારે એની આગળ નમતું જોખવું પડે છે અને જો તમે એને એ રમકડું ન આપો, તો એ બીજી કોઈ વસ્તુ લઈને ફેંકી દેશે. તોડફોડ કરશે, ગુસ્સો કરશે, જોરથી રડશે, ઘરમાંથી ભાગી જશે. બાળપણમાં આવા આવેશો સહજ હોય છે, પરંતુ વ્યક્તિ મોટી થાય અને પેલાં બાળકોની જેમ ઉધમાત મચાવે તે કેવું? બાળકની માફક એ ઘરમાં તોડફોડ શરૂ કરી દે, તે કેવું? આવા અનિયંત્રિત આવેશને કારણે આજે અનેક ઘરોમાં આપણે જોઈએ છીએ કે ગુસ્સે થયેલો પતિ એ એના હાથમાં જે કંઈ વસ્તુ હોય, તે એની પત્ની પર ઝીંકતો હોય છે, એને તમાચો મારતો હોય છે કે એના પર પ્રહાર કરતો હોય છે.

અમેરિકા જેવા પ્રગતિશીલ ગણાતા દેશમાં પણ આજે પત્નીને માર મારવાની ઘટના પુષ્કળ પ્રમાણમાં બને છે. આનું કારણ એટલું કે એ વ્યક્તિને પોતાના આવેશોને ઓગાળીને સ્વસ્થતા કેમ ધારણ કરવી, તે શીખવા મળ્યું નથી. આવેશો પ્રમાણે ચાલતો બાળક જેમ પોતાનું રમકડું કે ઘરની ચીજવસ્તુ તોડી નાખે છે, એ જ રીતે આવેશશીલ માણસ પણ પોતાની જાતને નુકસાન કરે છે.

આજના સમયમાં કુટુંબો વધુને વધુ નાનાં થવાં લાગ્યા છે. એક સમયે સંયુક્ત કુટુંબમાં યુવાનને પોતાનો આવેશ પ્રગટ કરવા માટે ઘણાં આધારસ્થાનો હતાં. એ મોટાભાઈને વાત કરી શકતો, પિતાને વાત કરી શકતો, એથી આગળ વધી દાદાને વાત કરી શકતો. આજે આવા આવેશોનું ઉત્સર્જન કરવાની અનુકૂળતા કુટુંબમાં રહી નથી અને તેને પરિણામે પતિનો આવેશ પત્નીના દુઃખનું કારણ બને છે અને એથીય વિશેષ તો એ આવેશનું પરિણામ દિવસો સુધી એ દંપતિને અનુભવવું પડે છે.

આવેશ એક ઝંઝાવાત જેવો છે. જે ઘરના સબંધોમાં વાવેલાં પ્રેમનાં વૃક્ષોને મૂળિયાં સહિત ઉખેડી નાખે છે. એ વ્યક્તિને વર્તમાનમાં તો હાનિ કરે છે, પરંતુ એના ભવિષ્યને પણ અંધકારમય બનાવે છે, આથી જ ઋષિ વાલ્મીકિએ રામના જેવું વ્યક્તિત્વ આ પ્રજાને આપ્યું, જે જીવનની કોઈપણ ક્ષણે કે પળે આવેશથી દોરવાતું નથી અને સતત સ્વસ્થતા ધારણ કરીને જીવનની ઘટનાઓને સ્વીકારે છે.

દિવાળી વેકેશનમાં ભારે આહાર પછીનું હળવું ડિટોક્ષ મેન્યુ

શોધ સંશોધન

વસંત મિસ્ત્રી

દિવાળીના ઉત્સવમાં ખૂબ મીઠાઈઓ ખાધી, તળેલા ચોળાફળી, પાપડી, ઘૂઘરા અને સક્કરપારા ખાધા. ઊજાગરા પણ ખૂબ કર્યા. મોડી રાત્રે અને વહેલી સવારે ફટાકડા ફોડી પ્રદૂષણ વધાર્યું એટલે શ્વાસમાં થોડી તકલીફ થવા માંડી.

ચામડી પર પણ એલર્જી-સર્જીત લાલ ચાઠાં દેખાવા માંડ્યા. શરીરના વિવિધ ચક્રોનું સંતુલન ખોરવાઈ ગયું.

હવે સ્માર્ટ 'ડિટોક્ષ' વિના સામાન્ય થવું મુશ્કેલ છે. આપણે બ્લોટિંગ ઘટાડવું છે. આપણે સ્કીનનો ચળકાટ વધારવો છે, શરીરમાં પાણીની માત્રા સમી કરવી છે અને ખોરવાયેલા ઊંઘના ચક્રને ફરી પાટે ચઢાવવું છે. લાંબા ઉપવાસથી એસિડિટી વધશે અગ્રગણ્ય ડર્મેટોલોજીસ્ટ અને ડાયેટિશ્યનની સલાહ અનુસાર આપણે કેટલાંક સરળ ઉપાયોથી ફરી સ્વાસ્થ્ય પામીશું. અહીં તીવ્ર આહાર-અંકુશ કે મોંઘા ''સ્કીન કેર'' ક્રીમની જરૂર નથી.

સરળ આહાર તમને ઝડપથી સ્વસ્થ કરશે. હવે સવારે ઊઠીને હૂંફાળું પાણી પીઓ. ૪ બાદામ અને ૨ અખરોટ ખાવ નાસ્તામાં પૌંઆ, ઈડલી, સંભાર કે ચણાના લોટના પૂડા લો.

લંચમાં દાળ, ભાત, ૧-૨ રોટલી અને શાક તેમજ સલાડ લો. ૮૦ ટકા પેટ ભરીને ખાવ. એટલે પાચન ઝડપથી થશે.



હળવો આહાર, હાઈડ્રેશન, ત્વચાની કાળજી અને ઊંઘ પર થોડું ધ્યાન આપશો એટલે ફરી પાછા એનર્જી સભર જીવનશૈલીમાં ગોઠવાઈ જશો

સાંજે ડિનરમાં મગની ખીચડી, વેજ સૂપ પનીર અથવા દાળ સબ્જી લો. સૂવાના ૨/૩ કલાક પહેલાં ડિનર પૂરો કરો.

રાત્રે ૭ થી ૯ કલાકની ઊંઘ લો. અને હા વહેલી સવારે ઊંડા શ્વાસમાં ધ્યાન રાખી યોગ કરો. શરીરને હળવેથી સ્ટ્રેચ કરો. થોડા હળવા પુશ-અપ્સ કરો. આનાથી રક્તનું પરિભ્રમણ સુધરશે અને ''ડોપામાઈન'' સ્ત્રાવથી સારી ફિલિંગ આવશે.

તમારી બગડેલી ત્વચાને સ્વસ્થ કરવા ''ક્લીન્સીંગ'' કરો અને ત્વચા પર મોઈસ્ચરાઈઝર લગાડો. બ્રોડ સ્પેક્ટ્રમ એસપીએફ ૩૦-૫૦ સનસ્ક્રીનનો ઉપયોગ કરો. સવારની આ ક્રિયા કર્યા પછી સાંજે મેકઅપ દૂર કરી મોઈસ્ચરાઈઝર લગાડો. માફક હોય તો હળવા હાઈડ્રાટિંગ સિરમનો ઉપયોગ કરો.

દિવસ દરમ્યાન બે વાર તડબૂચ, કાકડી, પાઈનેપલ જેવા ફળો ખાવ. આહારમાં પ્રોટીન તો હોવા જ જોઈએ તાજા શાકભાજી અને ફાઈબર લો. ૨૦-૩૦ મિનિટનો સવાર-સાંજ વોક લો.

વિશિષ્ટ પીણાઓ પીને તમારા લિવર કે ત્વચાને ''ડિટોક્ષ'' કરવાની જરૂર નથી. નિષ્ણાંતોના મતે તમારા શરીરમાં તેમની પોતાની જ 'ડિટોક્ષ' સિસ્ટમ છે એટલે તેને કાર્યશીલ થવાની તક આપો.

ટૂંકમાં હળવો આહાર, હાઈડ્રેશન, ત્વચાની કાળજી અને ઊંઘ પર થોડું ધ્યાન આપશો એટલે ફરી પાછા એનર્જી સભર જીવનશૈલીમાં ગોઠવાઈ જશો.

પ્રોબાયોટિકને આહારમાં સ્થાન આપો. એક ન્યુટ્રીશનિસ્ટના મતે આપણી પાચનક્રિયા કુદરતી રીતે જ મેટાબોલિક કચરાને બહાર ફેંકે છે. થોડું સલાડ અને હળવા ખોરાકથી પ્રારંભ કરો. દૂધી, દાળ-ખીચડી અન કાકડીનું રાઈતું, પ્રિબાયોટિક અને પ્રોબાયોટિક્સનું અદ્‌ભુત કોમ્બિનેશન છે. દિવાળી પછી એર ક્વૉલિટી ઈન્ડેક્ષ (AQI) ૧૫૦ની ઉપર રહે છે એટલે પર્યાવરણ નિષ્ણાંતો ''એરપ્યોરિફાયર'' વસાવી, ઘરની હવા શુધ્ધ રાખવાની હિમાયત કરે છે....!

બેડરૂમની ''એરપ્યોરિફાઈડ'' હવામાં ૮-૯ કલાકની ઊંઘ લઈ તમે ફ્રેશ ઊઠી શકો છો.

વિષાદ વચ્ચે ખડખડાટ હસવું પણ વિદ્રોહ છે

લેન્ડસ્કેપ

સુભાષ ભટ્ટ

મારી આગળ ન ચાલતા કદાચ હું તમને અનુસરીશ નહીં. મારી પાછળ ન ચાલતા કદાચ હું તમને ક્યાંય દોરી નહીં જાઉં. મારી સાથે ચાલો, મારા મિત્ર બની રહો...

આલ્બેર કામુ
(ઈ.સ. ૧૯૧૩-૧૯૬૦)

અસ્તિત્વવાદી જીવન-દર્શન આજે પણ સૌને આકર્ષે છે તેનું કારણ એ છે કે તે વ્યાખ્યાન કે અભ્યાસખંડોથી વધારે 'પેરિસના કાફે દ ફ્લોર' અને 'કાફે દ ડ્યુ મેગોટ્સમાં વધારે ચર્ચાયું છે. ત્યાં સંવાદો અને વિવાદો થયા, ત્યાં મૈત્રી અને વૈમનસ્ય પણ થયા. અહીં ત્રણ મિત્રો મળતા : જ્યોં પોલ સાર્ત્રે, આલ્વેર કામુ અને સિમોન દ બુવા આ બધાના વિચાર-યજ્ઞોમાં દઝાડે તેવા વિચારો પણ રજુ થતાં જેનો ઉજાસ આજે પણ ભળાય છે. આવો, એક પ્રચંડ અને પ્રગાઢ એવા સંવાદના સાક્ષી બનીએ;

સિમોન દ બુવા - આ જગતમાં આટલી બધી પીડા, વેદના, અભાવો હોય તો આપણે આનંદ કેમ કરી શકાય?

આપણાં હોવાને જો આપણે ગતિ અને દિશા, અર્થ અને આકાર, સત્વ અને સૌન્દર્ય આપવા માગતા હોઈએ તો પીડીતો સાથે પીડાવાનુ નથી પણ પીડીતો સાથે આનંદ વહેંચવાનો છે

આલ્બેર કામુ : જો તમે આનંદ નહીં કરો તો તમે પણ દુઃખીઓની સંખ્યામાં વધારો કરો છો.

આલ્બેર કામુ કહેતા, 'હું વિદ્રોહ કરું છું તેથી હું છું.' આ આક્રમક-હિંસક જગતમાં પ્રેમ-મૈત્રી કરવી એ સ્વાતંત્ર્ય છે, વિદ્રોહ છે; પસંદગી છે, નિર્ણય છે. અફાટ અંધકાર વચ્ચે એક દીવો કરવો કે રણ વચ્ચે એક છોડ ઉજેરવો પણ ક્રાંતિ છે. વિષાદ વચ્ચે ખડખડાટ હસવું પણ વિદ્રોહ છે. આલ્વેર કામુ માનતો કે જીવન-જગત એબ્સર્ડ છે. આપણે જીવનનો આશય અને અર્થ, તર્ક અને વ્યવસ્થા સમજવી છે પણ બ્રહ્માંડ નિરુતર છે. તેથી વ્યક્તિએ જ જીવનને એકાદ કૃત્ય દ્વારા અર્થ આપવાનો છે. એકાદ વિદ્રોહ દ્વારા પોતાનું સ્વાતંત્ર્ય પુરવાર કરવાનું છે. તે માટે જીવતર ભલે દાવ પર લગાવવું પડે.



તેના 'ધ ફોલ'માં તે કહે છે, 'અસ્તિત્વમાં મોટો ભય મૃત્યુનો નથી પણ જીવનનો છે. આપણે ડરીએ છીએ કે દરરોજ સવારે ઉઠીને એ જ સંઘર્ષ અને નિરાશાઓ, પીડા અને હતાશાઓ. આપણે ડરીએ છીએ કે કશું બદલાશે નહીં. અહીં ભાગી ન શકાય એવા પીડાના વર્તુળો જ છે. આ ભય નીચે આપણે મરણિયા થઈ એવું કશું ઝંખવાનુ છે જે આ ઘટમાળ તોડે, એક સરખા દિવસોનું રોજીંદાપણું વિખેરે અને આપણને બહાર કાઢે.'

આપણાં હોવાને જો આપણે ગતિ અને દિશા, અર્થ અને આકાર, સત્વ અને સૌન્દર્ય આપવા માગતા હોઈએ તો પીડીતો સાથે પીડાવાનુ નથી પણ પીડીતો સાથે આનંદ વહેંચવાનો છે. આ હતાશ અને નિરાશ જગત વચ્ચે ઉલ્લાસ વહેંચવાનો છે. મુલ્યવાન વિચારનો ખરો પડકાર આચાર છે. તેની ખરી કસોટી બીજો વિચાર નથી પણ તેનો જીવન-પ્રયોગ છે. ઘસઘસાટ ઊંઘતા જગત સાથેની ભાગીદારી તે બધા સાથેની નિદ્રા નથી પણ સ્વયં જાગતા રહીને તેને જગાડવામાં છે. સાહિર લુધિયાનવી કહે છે :

માના કિ ઇસ જમીં કો ન
ગુલજાર કર સકે
કુછ ખાર કમ તો કર ગયે
ગુજરે જિધર સે હમ

શરીરની ઊંચાઈ માત્ર બાલ્યાવસ્થા-કિશોરાવસ્થામાં જ વધતી રહે...ત્રીસી-ચાલીસી પછી તો તે ઘટવા તરફી!

તમારી Height માત્ર વધતી જ રહે, એવું કંઈ નહિ...તે ઘટી પણ શકે!

તમને તો એમ જ હશે કે, આપણી ઊંચાઈ જાણે કે વન-વે જેવું છે ...એટલે કે, ઊંચાઈ વધતી જ હોય અને તે કદાપિ ઘટવાનું તો નામ નહિ લે ! પણ, વાસ્તવમાં એવું નથી. આપણા શરીરની ઊંચાઈ વધવાને બદલે ઘટી પણ શકે છે ! અને, આ કોઈ હંસી-મઝાકની વાત નથી પણ, એક ગંભીર અને વૈજ્ઞાનિક આધાર ધરાવતી વાત છે.

એક વાર તમે હાંસલ કરી લીધેલી તમારી ઊંચાઈ આગળ જતાં ઘટવા પણ લાગે છે. જેમ, શરીરના વજનમાં વધ-ઘટ થાય તેમ તેની ઊંચાઈમાં પણ વધઘટ શક્ય છે.

સામાન્ય રીતે, ઊંચાઈ વધવાની અવસ્થા બાળપણ અને કિશોર વય છે. કુરતી રીતે જે ઊંચાઈ વધવાની હોય તે વીસેક વરસની ઉંમર સુધીમાં વધી જઈ શકે છે. સામાન્ય રીતે, વીસેક વર્ષની વય બાદ ઊંચાઈ વધવાની આશા કોઈ રાખી નહિ શકે.

કઈ ઉંમર બાદ Height ઘટવા લાગે?

એક વૈજ્ઞાનિક તથ્ય એ છે કે, મનુષ્યોમાં ઉંમર વર્ષ ૪૦ બાદ શરીરની ઊંચાઈ વધવાને બદલે ઘટવાનો રસ્તો સામાન્ય રીતે અપનાવે છે ! જીવવિજ્ઞાનમાં જે સંશોધન થયાં છે તે મુજબ, પુરુષોમાં ૩૦ વર્ષની ઉંમર બાદ તે પછીના ૩૦-૪૦ વર્ષ સુધીમાં અંદાજે એકાદ ઈંચ (એટલે કે, ત્રણેક સે.મી.) ઊંચાઈ ઘટી ગયેલી જોવા મળે છે. જ્યારે, સ્ત્રીઓમાં ૩૦ વર્ષની વયથી ૭૦ વર્ષની સુધી પહોંચતામાં સ્ત્રીએ બે ઈંચ (એટલે કે, પાંચેક સે.મી.) ઊંચાઈ ગુમાવેલી જોવા મળી શકે છે ! ત્રીસી બાદ, ઉંમર સાથે શરીરની ઊંચાઈ ઘટવાની આ સમગ્ર પ્રક્રિયા શરીરના કંકાલતંત્રને આભારી છે. વૃદ્ધ



થતાં-થતાં શરીરનું એકંદર કંકાલ તંત્ર પોતાનું એકંદર ઘનત્વ ગુમાવતું જાય છે અને, શરીર પોતાની ઊંચાઈ ગુમાવવા લાગે છે.

Height વધવા-ઘટવામાં કરોડરજ્જુની ભૂમિકા

મનુષ્યોમાં ઊંચાઈ વધવા-ઘટવાની પ્રક્રિયા ખાસ કરીને કરોડરજ્જુને આભારી છે. એક સ્વસ્થ કરોડરજ્જુ વ્યક્તિની ઊંચાઈ જાળવી રાખવામાં સક્ષમ હોય છે. જયારે ઉંમર વધવા લાગે ત્યારે કરોડરજ્જુના મણકા પોતાની સાઈઝ તેમજ અરસપરસનું અંતર જાળવી નહિ શકવાને લીધે વ્યક્તિની ડોકથી કમર સુધીની લંબાઈ આપમેળે ઘટવા લાગે છે. જો, વ્યક્તિ ટટ્ટાર રહી શકે અને, કરોરજ્જુને સ્વસ્થ રાખી શકે તો કદાચ, તે પોતાની ઊંચાઈ છેવટ સુધી જેમની તેમ જાળવી રાખી શકે અને ઉંમરના વધવા સાથે તેની ઊંચાઈ ઓછી થવા નહિ લાગે!

ઓસ્ટીયોપોરોસીસ થાય તો, Height ઘટી જાય?

હા, ઓસ્ટીયોપોરોસીસ એક એવો રોગ છે જે વ્યક્તિના શરીરની ઊંચાઈ ઉપર નકારાત્મક પ્રભાવ તરત જ દેખાડવા લાગે છે. શરીરનાં હાડકાં પોચાં પડવાં તે ઓસ્ટીયોપોરોસીસ છે...હાડકાંનો આ વ્યાધિ હાડકાંની તાકાત સાથે હાડકાંનું કદ પણ ઓછું કરી નાખે છે અને સરવાળે શરીર ઊંચાઈ ગુમાવી દે છે. જો, તમને તમારી ઊંચાઈ છેવટ સુધી જાળવી રાખવી હોય તો તમારે ઓસ્ટીયોપોરોસીસથી ખાસ સંભાળવું પડે-બચવું પડે. ઓસ્ટીયોપોરોસીસથી બચવા માટે તમારે દરરોજ કેલ્શિયમ-પ્રોટીન આ બે તત્વોવાળો આહાર પૂરતા પ્રમાણમાં લેવાનું રાખવું જોઈએ. જો, આહાર દ્વારા પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ-પ્રોટીન મેળવી લેવાનું શક્ય નહિ હોય તો ઔષધિઓ દ્વારા પણ શરીરની તે ખોટ-ખાધ પૂરી કરતાં રહેવું પડે.

શરીરની એકંદર કમજોરી પણ Height ઓછી કરી દે છે !

કોઈ પણ વ્યક્તિનું શરીર જો, સંપૂર્ણ સ્વસ્થ રહે નહિ તો ઉંમર જતાં એકંદર સ્વાસ્થ્યના અભાવે પણ શરીરની ઊંચાઈ ઉંમર વધવા સાથે ઘટી રહેલી જણાય છે. શરીરમાંથી સ્નાયુઓ ઓછા થતા જવા કે તે સંકોચાતા જવા એ સ્થિતિ ભલે કોઈ રોગ જેવી નથી પણ, તે સ્થિતિમાં શરીરની ઊંચાઈ ઉપર નકારત્મક પ્રભાવ જરૂર પડી શકે છે અને ઊંચાઈ ઘટવા લાગે છે. તમને શરીર એકંદર કમજોર નહિ લાગવું જોઈએ, અને જો લાગશે તો તમે તમારી ઘટી રહેલી ઊંચાઈને કાબૂમાં નહિ રાખી શકશો. ઉંમર વર્ષ ૪૦ બાદ શરીર તમને નબળું પડી ગયેલું લાગે એટલે ધીમે-ધીમે ઊંચાઈ પણ ઓછી થતી જવાની ! સ્ત્રીઓમાં માસિક રક્તસ્ત્રાવ (ઊંમરને) પ્રતાપે બંધ થઈ ગયા બાદ ઊંચાઈ ઝડપભેર ઘટવા લાગે છે અને દર પાંચ વર્ષે એક ઈંચ ઊંચાઈ ઓછી થતી જાય છે !

લાંબા ગાળાના રોગોને લીધે પણ Height ઓછી થતી જાય!

લાંબા ગાળાનો કોઈ પણ રોગ હોય, તેનાથી શરીરની એકંદર ઊંચાઈ ઓછી થતી જાય છે. ટીબી-ક્ષય-કેન્સર-દમ-વા-મધુપ્રમેહ જેવા લાંબો ગાળો

સ્ત્રીઓમાં માસિક રક્તસ્ત્રાવ (ઊંમરને) પ્રતાપે બંધ થઈ ગયા બાદ ઊંચાઈ ઝડપભેર ઘટવા લાગે છે અને દર પાંચ વર્ષે એક ઈંચ ઊંચાઈ ઓછી થતી જાય છે!

ચાલનારા રોગો શરીરની મૂળ ઊંચાઈ ધીમે-ધીમે ઓછી કરતા જાય છે અને, આ વૈજ્ઞાનિક સત્ય આપણે સમજી રાખવાનું છે. કોઈ પણ લાંબા ગાળાનો શરીરની ઊંચાઈ પણ ધીમે ધીમે ઓછી કરતો જાય છે અને તેનો કોઈ ઉપાય આપણી પાસે હોતો નથી.

કેવું-કેવું...એવું?! (હઝલ)

મુખ મચકોડ્યું, હલ્યું હાડકું,
લોક ગણે કે, થયું ઠાવકું !
ગળે લગાડ્યું, ગણ્યું આપણું,
તો'ય હૃદય આ રહ્યું પારકું !
બળદ તજીને બદર જોતર્યા,
હડિયાપાટી હવે કાય'કુ ?
રોજ સપનમાં થતી જાતરા,
રોજ ઓશીકું બને બાચકું...
પતઝડ, સાવન, શરદ, નિદાઘે,
ઝીલે ઝરે ના કેં જ ટાલકું !

- પંચમ શુક્લ

'તમે જ તમારા ડોક્ટર !' જેવું સૂત્ર આપણે ત્યાં ખૂબ જ પ્રચલિત છે ત્યારે ...

જરા-જરામાં ડોકટરો પાસે દોડી જતા લોકો કયા-દેશોમાં વસી રહ્યા છે?

કૌશિક કુમાર દીક્ષિત

ભારતમાં 'ઘરવૈદું' જેટલું તેમજ જેવું વિકસ્યું છે તેટલું અને તેવું (જગતના) અન્ય દેશોમાં વિકસી નથી શક્યું. આપણા દેશમાં કોઈકને આરોગ્યલક્ષી કોઈ તકલીફ-સમસ્યા હોય તો સૌથી પહેલાં તો ઘરગથ્થુ ઉપચાર તરફ તે વ્યક્તિ વળશે અને તેમાં કંઈ લાભ નહિ થાય તો જ તે ડોક્ટરને દેખાડવાનો નિર્ણય કરશે. અને, ખૂબીની વાત એ છે કે, આપણે ત્યાં પચાસ ટકાથી વધુ લોકો રોજંદા જીવનમાં ઘરગથ્થુ ઉપચારો કરીને સાજા થતા પણ રહે છે ! એટલે, રોગ અગર સ્વાસ્થ્ય વિષયક સમસ્યા પરિપક્વ અવસ્થામાં પ્રવેશી રહો હોવાનું વર્તાય તો જ આપણે ત્યાં લોકો ડોક્ટર પાસે જાય છે. પણ, જગતમાં એવા દેશો છે જ્યાં લોકો જરા-જરામાં ડોક્ટર પાસે દોડી જતા જોવા મળે છે ! અહિ તમને એવા દેશોનો પરિચય કરાવવો છે જ્યાં લોકો વારેવારે ડોક્ટર પાસે દોડી જાય છે...

એશિયાના બે દેશો મોખરે

વારેવારે કારણ સાથે કે કારણ વગર પણ ડોક્ટર પાસે દોડી જનારા લોકો સૌથી વધુ પ્રમાણમાં સાઉથ કોરિયામાં વસી રહ્યા છે ! સરેરાશ એક વ્યક્તિ દર વર્ષે અઢારેક વખત ડોક્ટર પાસે જતી જોવા મળે છે. જગતમાં અવારનવાર ડોકટરો પાસે ચાલી જતી હોય તેવી વ્યક્તિઓ સૌથી વધુ પ્રમાણમાં ધરાવી રહ્યો હોય તેવો બીજા ક્રમનો દેશ જાપાન છે ! જાપાનમાં એક વ્યક્તિ સરેરાશ વરસમાં બારેક વાર ડોકટર પાસે કોઈ ને કોઈ કારણસર જવાનું રાખે છે. આ બંને દેશોની પ્રજા વાજબી કારણોથી ડોકટરો પાસે જવાનું રાખે છે કે પછી, કોઈ ડર-ગભરાટને લીધે કે કોઈ જાતના માનસિક વિકારને લીધે તેઓ જરાજરામાં ડોકટરો પાસે જવાનું રાખે છે તે હજુ આપણી સમજબહાર છે.

યુરોપમાં એવા સૌથી વધુ દેશો આવેલા છે જ્યાં એક વ્યક્તિ એક વરસમાં સરેરાશ અપેક્ષા કરતાં વધુ વખત ડોક્ટર પાસે દોડી જાય છે...નાની અમથી બીમારીઓમાં પણ ડોક્ટર પાસે ગયા વગર ત્યાંની પ્રજાને ચાલતું નથી!

યુરોપના બહુમતી દેશોનું પણ વલણ સમજીએ !

વિશ્વમાં યુરોપ એવો ખંડ છે જ્યાં વારેવારે ડોકટરો પાસે દોડી જનારી પ્રજા વસી રહી હોય તેવા સૌથી વધુ દેશ આવેલા છે. તુર્ક એવો દેશ છે જ્યાં એકંદર વ્યક્તિ વરસમાં બારેક વાર કોઈ ને કોઈ બહાને ડોક્ટર પાસે જવાનું રાખે છે. નેધરલેન્ડમાં સરેરાશ વ્યક્તિ વરસમાં અગિયારેક વાર ડોક્ટરની મુલાકાત લે છે. જર્મની-હંગેરી એવા દેશો છે જ્યાં એક વરસમાં વ્યક્તિ સરેરાશ દશેક વાર ડોક્ટર પાસે જઈ આવે છે. ઈટાલીમાં પણ એક વ્યક્તિ એક વર્ષમાં સરેરાશ નવેક વાર ડોકટર પાસે જાય છે. પોલેન્ડ -બેલ્જીયમ - સાયપ્રસ યુરોપના આ ત્રણ દેશો એવા છે જ્યાં લોકો વરસમાં આઠેક વખત ડોક્ટર-દવાખાનાનાં ચક્કર મારી આવે છે. સ્પેન-રોમાનિયા-લક્ઝમબર્ગ જેવા દેશોમાં પણ એક વરસમાં એક વ્યક્તિ છએક વખત ડોક્ટરની વિઝીટ લઈ આવે છે અથવા પોતાને ત્યાં ડોક્ટરને વિઝીટ પર બોલાવી લે છે. ફ્રાંસ-ડેન્માર્કના લોકો પૈકી એક વ્યક્તિ એક વરસમાં સરેરાશ પાંચેક વાર ડોક્ટર પાસે જવાનું રાખે છે. સ્વીત્ઝલેન્ડ-નોર્વે-પોર્ટુગલ દેશોમાં પ્રજા વરસમાં ચારેક વાર ડોક્ટર પાસે જઈ આવતી જોવા મળે છે. એક વરસમાં (સરેરાશ) ફિનલેન્ડ-ગ્રીસ જેવા દેશોમાં ત્રણેક વખત તેમજ માલ્ટા-સ્વીડનમાં બે વાર ડોક્ટર પાસે નિયમિત જઈ આવવાનું રાખે છે.



Oceania દેશોની દશા?

પ્રશાંત મહાસાગરમાં ફેલાયેલા ઓશિનીયા દેશોમાં કુલ ૧૪ સ્વતંત્ર દેશો આવેલા છે જેમાં ઓસ્ટ્રેલીયા એક અગ્રણી દેશ છે. ન્યુઝીલેન્ડ-ફિઝી પણ ઓશિનીયા દેશોમાં ગણતરી પામ્યા છે. ઓસ્ટ્રેલીયા એક એવો દેશ છે જ્યાં એક સરેરાશ વ્યક્તિ વરસમાં સરેરાશ છ વાર ડોક્ટરને ત્યાં જઈ ડોક્ટરની સલાહ-સારવાર માંગે છે. બાકીના તેર ઓશિનીયા દેશોની પણ ડોક્ટર પાસે જવાની બાબતમાં લગભગ આ જ રૂખ હાલ જોવા મળી રહી છે.

અમેરિકા તેમજ ત્યાંના દેશોનું વલણ

અમેરિકા તેમજ ત્યાંના દેશોમાં ડોક્ટરને ત્યાં એક વ્યક્તિ સરેરાશ વરસમાં બહુ ઓછું જાય છે. એક કોલમ્બિયા એવો દેશ છે જ્યાં સરેરાશ એક વ્યક્તિએ વરસમાં સાતેક વાર ડોક્ટર પાસે જવાનું થાય છે. બાકી, અમેરિકાના મુખ્ય દેશોની પ્રજા વરસમાં સરેરાશ ચારેક વખત ડોક્ટર પાસે જાય છે. કેનેડા તેમજ ચિલે એવા દેશો છે જ્યાં વ્યક્તિ એક વર્ષમાં સરેરાશ પાંચેક વાર ડોક્ટર પાસે જઈ આવે છે. મેક્સિકોની પ્રજા પૈકી એક વ્યક્તિ વરસમાં સરેરાશ માત્ર બે વાર ડોક્ટર પાસે જઈ આવે છે. આમ, અમેરિકામાં લોકોનું એકંદર આરોગ્ય સારું રહેતું હોવાનું સમજમાં આવે છે.

આફ્રિકન દેશો તેમજ Middની Eastમાં શું સ્થિતિ છે?

આફ્રિકાના મોટા ભાગના દેશોમાં એક વ્યક્તિ એક વરસમાં સરેરાશ સાતેક વખત ડોક્ટર-દવાખાનાની મુલાકાતે જઈ આવી પોતાની સ્વાસ્થ્યલક્ષી તકલીફો દૂર કરતી જોવા મળે છે. સાઉદી અરબિયા તેમજ યુનાઈટેડ અરબના દેશોમાં એક વરસમાં ત્યાંની એકંદર પ્રજા બેથી વધુ વાર ડોક્ટર પાસે જવાનું નહિ રાખતી હોવાનું નોંધવામાં આવ્યું છે. એટલે, ત્યાંના લોકોનું એકંદર આરોગ્ય પણ પ્રશંસનીય ગણાવી શકાય...!

લોગઈન :

આ વખત તો વેશમાંથી નીકળી ગયો છું હું,
શબ્દના પ્રદેશમાંથી નીકળી ગયો છું હું.
માત્ર મૌન છે સરળ, ન શબ્દની અલંકૃતિ,
એ બધા ય એશમાંથી નીકળી ગયો છું હું.
સાન ભાન ઓગળી જે લેશ કૈં રહ્યું હતું,
લો, હવે એ લેશમાંથી નીકળી ગયો છું હું.
દ્રષ્ટિ નિષ્પલક અને હો આંખ આ નિરંજના,
અંજનોની મેશમાંથી નીકળી ગયો છું હું.
વાદ્ય આ વિરાટતાલ વાજતું, ભલે બજે,
એ ઠમક, એ ઠેશમાંથી નીકળી ગયો છું હું.

- રાજેન્દ્ર શુક્લ

અંતરનેટની કવિતા

અનિલ ચાવડા

આ વખત તો વેશમાંથી નીકળી ગયો છું હું

૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતના ગિરનારી કવિ રાજેન્દ્ર શુક્લએ અમદાવાદમાં અંતિમ શ્વાસ લીધા, પણ જે કવિએ જીવનભર શબ્દમાં શાશ્વતની શોધ કરી હોય, તેને મૃત્યુ ક્યાંથી મિટાવી શકે? ભગવાં વસ્ત્રો, લાંબી દાઢી અને કવિતાનો આધ્યમરંગ જોઈને ભાવકો, વિવેચકો તેમને ઋષિકવિ તરીકે ઓળખતા. કવિ દેહના વેશમાં તો આપણી વચ્ચેથી નીકળી ગયા, પણ શબ્દના વેશમાં હરહંમેશ રહેશે. માણસ ડગલે-પગલે વિવિધ વેશ ધારણ કરે છે. શિશુવસ્થામાં વિસ્મયવેશ, પછી વિદ્યાર્થીવેશ, મિત્રવેશ, પુત્રવેશ, પુત્રીવેશ વગેરે. સંસારીમાંથી સંન્યાસીવેશ ધારણ કર્યો હોય કે અજ્ઞાનીમાંથી જ્ઞાનીનો, પણ વેશ તો વેશ જ રહે છે. સોનાની બેડી પહેરવાથી પગનું ગૌરવ વધે, સ્વતંત્રતા નહીં. કવિ એમ નથી કહેતા, મેં વેશ બદલી નાખ્યો. કહે છે, વેશમાંથી નીકળી ગયો છું. બદલાવ અને મુક્તિ વચ્ચેનો આ ભેદ સમજવા જેવો છે. સાપ કાંચળી ઉતારે ત્યારે સાપ મટી જતો નથી, ઊલટું પોતાના અસલ સ્વરૂપમાં વધારે તાજગીથી પ્રગટ થાય છે. કવિ શબ્દના પ્રદેશમાંથી નીકળી જવાની વાત કરે છે! જીવનભર શબ્દની સાધના કરનાર શબ્દસીમા વટાવવાનું કહે, તેમાં શબ્દનો અસ્વીકાર નહીં, સાર્થકતા હોય છે. નદી પાર કરાવી આપનાર નાવનો ઉપકાર ભૂલવાનો ન હોય, પરંતુ એ ઉપકારના ભારથી નાવને માથે ઊંચકીને બાકીની જિંદગી ફરવાનું પણ ન હોય.

સૃષ્ટિનું વિરાટ વાદ્ય વાગી રહ્યું છે. ઋતુઓ બદલાય છે, ગ્રહો પરિભ્રમણ કરે છે, સમુદ્રમાં ભરતી-ઓટ આવે છે, જન્મ-મૃત્યુની ઘટમાળ ચાલ્યા કરે છે

ભાષાના સર્વોચ્ચ શિખરે પહોંચીને ભાષાની જરૂર રહેતી નથી. કવિતાની સર્વોત્તમ પંક્તિ લખાયેલી પંક્તિઓની વચ્ચે અલિખિત પડી હોય છે. શબ્દની અલંકૃતિને કવિ અહીં 'એશ' કહે છે. ક્યારેક કવિ પોતાના શબ્દોના સૌંદર્યમાં એટલો બધો મગ્ન થઈ જાય છે કે જે અનુભૂતિને વ્યક્ત કરવા શબ્દો પ્રયોજ્યા હતા એ અનુભૂતિ જ ગૌણ બની જાય છે. અરીસાની ચોકઠાને સોનાથી મઢવાની વ્યસ્તતામાં માણસ અરીસામાં પોતાનો ચહેરો જોવાનું ભૂલી જાય છે. જોકે રાજેન્દ્ર શુક્લની આ પંક્તિમાં કાવ્યાત્મક વિરોધાભાસ છે. મૌનનો મહિમા કરવા માટે શબ્દનો આશ્રય લેવાયો છે. મીઠાની એક પૂતળી સમુદ્રની ઊંડાઈ માપવા નીકળી. સમુદ્રમાં ઊતરતી ગઈ તેમ-તેમ ઓગળતી ગઈ. સમુદ્ર કેટલો ઊંડો છે એની અનુભૂતિ થઈ, પરંતુ એ ઊંડાઈની જાણકારી આપવા માટે પાછી ફરી શકે તેમ નહોતી. આ પ્રાચીન દ્રષ્ટાંત ઉપરોક્ત ગઝલના ત્રીજા શેરની નજીક લઈ જાય છે. માણસની સૌથી સૂક્ષ્મ આસક્તિ પોતાના અસ્તિત્વ પ્રત્યેની હોય છે. ધનનો ત્યાગ કર્યા પછી ધનના ત્યાગનો અહંકાર હોઈ શકે. અહંકાર એટલો ચતુર છે કે એ નિરહંકારી હોવાનો વેશ પહેરીને આપણી અંદર રહેતો હોય છે.

માણસ આંખોથી નહીં, માન્યતાઓથી દુનિયાને જોતો હોય છે. આંખ સામે હોય તે અને આંખની પાછળ હોય તે, બંને મળીને દ્રશ્ય રચે છે. આપણી દ્રષ્ટિ ઉપર અનુભવો, પૂર્વગ્રહો, અપેક્ષાઓ અને ઇચ્છાઓનાં પડ ચડેલાં હોય છે. એક જ વરસાદને ખેડૂત, કવિ, કુંભાર અને ભીખારી જુદી જુદી રીતે જોતા હોય છે. કવિને દ્રશ્યને સુંદર બનાવવાની નહીં, દ્રશ્યને જેવું છે તેવું જોવાની અભિલાષા છે. સત્યને જોવા માટે આંખ કરતાં આંખની નિર્મળતા વધારે જરૂરી છે. ક્યારેક અજવાળું વધારવાની નહીં, ફાનસના કાચ ઉપર બાઝેલી મેશ સાફ કરવાની જરૂર હોય છે.

સૃષ્ટિનું વિરાટ વાદ્ય વાગી રહ્યું છે. ઋતુઓ બદલાય છે, ગ્રહો પરિભ્રમણ કરે છે, સમુદ્રમાં ભરતી-ઓટ આવે છે, જન્મ-મૃત્યુની ઘટમાળ ચાલ્યા કરે છે. મનુષ્ય પણ આ વિરાટ સંગીતનો નાનકડો સ્વર છે. પરંતુ માણસ સંગીતને પોતાના તાલ પ્રમાણે ચલાવવા માગે છે. પોતાની ઇચ્છા પ્રમાણે તાલ પડે તો આનંદ અને તાલભંગ થાય તો ઠેશ! 'ઠમક' અને 'ઠેશ' આ બે શબ્દોમાં મનુષ્યજીવનની સુખદુઃખાત્મક ગતિને અદ્ભુત રીતે સમાવી લેવામાં આવી છે!. આખી ગઝલમાં કવિ ક્યાં ક્યાંથી નીકળી ગયા એની વાત કરે છે, પરંતુ ક્યાં પહોંચ્યા છે એની વાત ક્યાંય કરતા નથી. આ જ આ ગઝલની સિદ્ધિ છે. પહોંચવાનું સ્થળ બતાવવામાં આવે તો એ સ્થળની આસપાસ ફરી નવો પ્રદેશ ઊભો થાય. એ પ્રદેશનું નામ પડે, ઓળખ ઊભી થાય અને માણસ ફરી એક નવો વેશ ધારણ કરી લે.

લોગઆઉટઃ

હું તો ધરાનું હાસ છું,
હું પુષ્પનો પ્રવાસ છું,
નથી તો ક્યાંય પણ નથી
જુઓ તો આસપાસ છું !

- રાજેન્દ્ર શુક્લ

સ્કવેર કટ

અધીર અમદાવાદી

- 'અગર તુમ મિલ જાઓ, જમાના છોડ દેંગે હમ' કહેનાર છોડી જાય તો?
- પ્રદીપ કે. દોશી, માંડવી
- **પછી 'તુમ તો ઠહરે પરદેશી, સાથ કયા નિભાઓગે' ગાવું.**
- મારા પતિ જ્યારે 'સ્કવેર કટ' વાંચે ત્યારે હસ્યા જ કરે છે! કોઈ ઉપાય ?
- ઈશ્વરીબેન માંકડ, રાજકોટ
- **સ્કવેર કટ વાંચતાં પહેલા લોટ ફકાવો.**
- પંદર વર્ષના કાબેલ વૈભવ સૂર્યવંશીને ક્યાં સુધી ટીમની બહાર બેસાડી શકાય?
- હીરાચંદ આર. નાગડા, મુંબઈ
- **અંદર લેવાનો છે? લઈ લઈએ. તમે અવાજ તો કરો.**
- આપણે કોનું કહ્યું માનવું જોઈએ?
- સુરેશભાઈ શાહ, ભરૂચ
- **જેની બંદૂકનું નાળચું આપણાં તરફ હોય એનું.**
- જો માથું ખંજવાળીએ તો વિચાર આવે કે વિચાર ખંજવાળાય?
- શ્રેયા અમિતકુમાર સોની, બહુચરાજી
- **સારું એન્ટિ-ડેન્ડ્રફ શેમ્પૂ ખરીદવા માટે વિચાર કરો.**
- બગીચામાં વૃધ્ધ લોકો જ કેમ ગીતો ગાતા દેખાય છે, જુવાનિયા નહીં?
- પી. આર. મહેતા, અમદાવાદ
- **વૃદ્ધોને લીધે એમને પ્રાઈવસી નહીં મળતી હોય.**
- સફળતાની સીડીના પગથિયાં લપસણા હોય તો ?
- ઉમંગ ભાવસાર, ધોળકા
- **સફળતાની ડીવીડી જોવી.**
- વાંદરાને એક જગ્યાએ સ્થિર બેસાડી રાખવા શું કરવું જોઈએ?
- અમિત જોશી, જુનાગઢ
- **એની સાથે સ્ટેચ્યુ બંધાવો.**
- કોઈ વસ્તુ માટે ગરમાગરમ શબ્દપ્રયોગને બદલે ફક્ત એક વખત ગરમ શબ્દ વાપરીએ તો?
- હરેશ લાલવાણી, અમદાવાદ
- **શબ્દ ઓછો ગરમ લાગે.**
- તમારા હિસાબે સાચા સુખની વ્યાખ્યા શું છે?
- ધવલ જે. સોની, ગોધરા
- **ફૂડ અને ડ્રગ વિભાગે પાસ કરેલ ચોખ્ખા ઘીની જલેબી.**
- એક જગ્યાએ સ્થિર અને શાંતિથી બેસી રહેવા શું જરૂરી છે?
- વિનોદભાઈ પરમાર, સુરત
- **ઘરમાં તાજું કરેલું પોતું.**
- વડીલો એકની એક વાત ફરી ફરીને કેમ કહેતા હશે?
- ભાસ્કર જાની, પાટણ
- **આ પ્રશ્ન પણ ફરી આવ્યો.**
- પૃથ્વીને ચંદ્રથી જોડતો રોડ ક્યારે બનશે?
- રિમ્પી ખત્રી, વાવ
- **જોજો કોઈ નેતા સાંભળી ના જાય !**
- બિરબલ હાજર જવાબી હતો, તો તમે શું છો?
- રસિક પટેલ, કડી
- **ગાજર નવાબી.**
- ઈમેલ કરતાં વોટ્સઅપ પર સવાલો સ્વીકારવાનું ચાલુ કરો ચાહકો વધશે નહીં ?
- મુકેશ શાહ, સુરત
- **અને કેમ જવાબ આપવા એ સલાહ આપનારા પણ.**
- તમને સૌથી વધારે ગમતું કોમેડી પિક્ચર કયું?
- રમણીક સવાણી, વઢવાણ
- **હાફ ટિકિટ- કિશોર કુમાર, મધુબાલા.**
- ચણિયાચોળીની શોધ કોણે કરી
- કૌશિક પટેલ, ગુજરાત
- **ઈવે. એની પાસે કપડાં નહોતા.**
- રાજકારણ ગંદુ કેમ કહેવાય છે?
- ધીરજ રબારી, ડેર -પાટણ
- **એતો સફેદ કપડામાં ડાઘ જલ્દી દેખાય !**
- એવું વાઈફાઈનું નામ શું નામ રખાય કે પડોશી આપણું વાઈફાઈ ના વાપરે?
- જયેશ કટારિયા, ઉના
- **સાયબરસેલ૮૭**

તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો squarecut@gujaratsamachar.com

નરેન્દ્ર દાભોલકર

વિન્ડો સીટ

ઉદયન ઠક્કર

ડીબી ડોક્ટર તરીકે સેવા આપ્યા પછી ડો. નરેન્દ્ર દાભોલકર સમાજસુધારમાં જોડાયા હતા. તેમણે બાવાઓ, કાળો જાદુ, 'ચમત્કારિક' ઈલાજ, માનવ બલિદાન અને ધર્મના નામે નબળા લોકોના શોષણ સામે જાહેર ઝુંબેશ ચલાવી હતી. પરિણામ સ્વરૂપે ૨૦૧૩માં પૂણેના ઓમકારેશ્વર બ્રિજ પર તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના ૧૧મા સ્મૃતિદિને વરુણ ગ્રોવરે આપેલું વક્તવ્ય ટૂંકાવીને અહીં મૂક્યું છે, તેમના જ શબ્દોમાં-

'જેમણે દાભોલકરની હત્યા કરી તેઓ માનતા હતા કે આસ્થા એક ઉચ્ચ સ્થાને બિરાજે છે, વિજ્ઞાન તો એનું પગલૂછણિયું માત્ર. તેમણે જે હથિયાર વાપર્યું તેની વાત કરીએ તો ગન પાવડર નવમી સદીમાં ચીની વૈજ્ઞાનિકોએ બનાવ્યો. પહેલી બંદૂક ચીની વૈજ્ઞાનિકોએ બારમી સદીમાં બનાવી. બંદૂક બનાવવા માટે વિજ્ઞાનની ઘણી સમજ જોઈએ. પ્રોજેક્ટાઇલ મોશન, કાઇનેટિક્સ, માઇનિંગ એંજિનિયરિંગ, ફાઉન્ડ્રી, થર્મોડાયનેમિક્સની જાણકારી જોઈએ. સાવ અહિંસક વ્યક્તિની હત્યા કરવા માટે ઉશ્કેરી શકનાર પાસે પણ જીવવિજ્ઞાનની સમજ હોવી જોઈએ કે મગજમાં આવો ભયંકર ગુસ્સો પેદા કરવાની રાસાયણિક પ્રક્રિયા કેમ કરાવવી. તો હત્યારાઓ પોતાના હાથમાં આવું વિજ્ઞાન સર્જિત ઓજાર લઈને આવ્યા, એ બતાવવા માટે કે વિજ્ઞાન અતિ તુચ્છ છે. હત્યારાઓ સમજતા નથી કે વિચારકને મારવાથી વિચાર મરતો નથી, બલકે વધારે મજબૂત થાય છે. લોકો વારંવાર એ વિચારનું વાંચન-ચિંતન કરે છે.'

આસ્થા (જેનું સંગઠિત સ્વરૂપ છે ધર્મ) અને વિજ્ઞાન વચ્ચે સ્પર્ધા શું કામ ચાલે છે? ગ્રોવર કહે છે, '૨૧ સપ્ટેમ્બર ૧૯૯૫ને દિવસે ભારતમાં ગણેશજી દૂધ પીવા લાગ્યા. હું ને મારો ભાઈબંધ મંદિરે ગયા. ગણેશજીએ મારું દૂધ ન પીધું ત્યારે ભાઈબંધ બોલ્યો કે તારું મન સાફ નથી. રાતે દૂરદર્શન પર ચાર વૈજ્ઞાનિકોએ સમજાવ્યું, 'કેપિલરી એક્શન અને સરફેસ ટેન્શનને લીધે ગણેશજી દૂધ પીતા હતા.' (તે વખતના દૂરદર્શન પર આટલું બતાવી શકવાની આઝાદી હતી.) આદિમાનવના મગજમાં પ્રશ્નો ઊઠવા લાગ્યા- વીજળી કેમ ચમકે છે? માણસ કેમ મરે છે? કેટલાંક આનો ઉત્તર શોધતાં વિજ્ઞાનને માર્ગે વળ્યા, તો કેટલાંકે ધર્મને આગળ કરી જવાબો શોધ્યા- ઝીયુસ (ઇન્દ્ર) વીજળી ચમકાવે છે, પોસાઇડન (વરુણ) સાગર સંભાળે છે. આરંભનાં વર્ષોમાં વિજ્ઞાન પાસે ઘણા ઉત્તરો નહોતા ત્યારે ધર્મનો દબદબો હતો. પાછલા ત્રણસો- ચારસો વર્ષોમાં એન્ટી બાયોટિક્સ, વાઢકાપ, ઔદ્યોગિક ક્રાંતિ ઇત્યાદિને કારણે વૈજ્ઞાનિક વિચારે કાઠું કાઢ્યું છે.જો ધાર્મિક લોકોનો દાવો હોય કે સકળ સૃષ્ટિ અમારા ભગવાને બનાવી છે, તો વિધર્મી લોકોને કોણે બનાવ્યા? જો એમને બનાવનાર ભગવાન જુદા હોય તો શું દેશોના, શહેરોના, મહોલ્લાઓના જુદા જુદા ભગવાનો વચ્ચે વિભાગો પડાયા? દરેક ધર્મવાળા એવું શું કામ કહે છે કે બીજાઓને પણ બનાવ્યા તો અમારા ભગવાને જ, પણ તેઓ ઠીકઠાક બન્યા નથી. શું આવું કારણ આપીને નફરત કરવી ઠીક છે?'

ગ્રોવર આગળ કહે છે, 'ગોડ ક્રીએટેડ મેન ઈન હિઝ ઓન ઈમેજ, એવું બાઇબલનું વચન છે. ઈશ્વરે માણસને પોતાની છબી જેવો બનાવ્યો. તે જ રીતે માણસે ઈશ્વરને પોતાની છબી જેવો બનાવ્યો. આપણે ઘડેલા ઈશ્વર આપણા જેટલા જ ભલા કે ઉદાર કે ક્રોધી છે. કોવિડના સમયે આગેવાનોએ કેવા કેવા ઉપાયો બતાવ્યા? કોકે કહ્યું, બાર કલાક બસ ઘરમાં બેસી રહો, બીજા દિવસથી કોવિડ ગાયબ! એક પ્રધાને કહ્યું, 'ભાભી' બ્રાન્ડના પાપડ ખાઓ. કોઈ બોલ્યા, કીચડમાં આળોટો. કોવિડ કાળમાં ગોવાના એક રહેવાસીએ દાવો કર્યો કે મને સપનામાં કોવિડની દવાની ફોર્મ્યુલા મળી ગઈ છે. પ્રધાન તે માણસને મળવા ગયા. પેલાએ ફોર્મ્યુલા બતાવી- લીંબુ નીચોવવું, આદુ મેળવવું, લસણ અને હળદર, કડીપત્તા, કોથમીર, ફુદીનો. પ્રધાન મહાશયે આ ફોર્મ્યુલા લેબોરેટરીમાં મોકલી.'

**'આસ્થા એટલે શંકાથી શીઘ્ર સમાધાન સ

કાર્ટૂન કોર્નર - કાનજી



હોટલાઈન
અનુસંધાન

અમેરિકામાં કોઈ પ્રકારની હાઈ-ટેક્નોલોજીની સરકારી પરવાનગી વગર લે-વેંચ કરવાની કે નિકાસ કરવાની મનાઈ છે.

મે ૨૦૧૫માં યુ.એસ.ની બે મોટી ટેક કંપનીઓ (અવાગો અને સ્કાયવર્ક્સ) ના બે ભૂતપૂર્વ કર્મચારીઓ પર વેપારી રહસ્યો ચોરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ બંને ઈનસાઈડર (કર્મચારીઓ) એ સાથે મળીને ચીનમાં પોતાની ખુદની સેમિકન્ડક્ટર કંપની ઊભી કરવા માટે આ ડેટા ચોર્યો હતો, જે અબજો ડૉલરના વ્યવસાય સાથે સ્પર્ધા કરી શકે.

અમેરિકી સરકારે રશિયાની સાયબર સુરક્ષા કંપની કસ્પર્સકી (કેસપરસ્કાય)ના સોફ્ટવેર અને તેના રશિયા સ્થિત કર્મચારીઓ દ્વારા ગ્રાહકોના કમ્પ્યુટર્સમાં રશિયન ગુપ્તચર એજન્સીઓ માટે રિમોટ એક્સેસ ઊભો કરવાની શક્યતાને લઈને ચેતવણી જાહેર કરી હતી.

હવે, કોર્પોરેટ જાસૂસીની બાબતમાં બીજા કેટલાંક દેશોની સ્થિતિ જાણીએ : તાજેતરના આંકડાઓ મુજબ જર્મનીના અંદાજે ૯% વ્યવસાયો જાસૂસી કે ડેટા ચોરીનો ભોગ બન્યા છે, જેમાં ખાસ કરી આઈટી અને મેનેજમેન્ટ ક્ષેત્રના લોકો નિશાન બને છે.

યુકેમાં ધનેશનલ સિક્યુરિટી એક્ટ ૨૦૨૩ હેઠળ આર્થિક જાસૂસીને હવે ૧૪ વર્ષ સુધીની સજા સાથેનો ગંભીર અપરાધ જાહેર કરવામાં આવ્યો છે.

અમેરિકામાં ઈકોનોમિક એસ્પિઓનાજ એક્ટ ઓફ ૧૯૯૬ (ઈઈએ) હેઠળ સંવેદનશીલ વેપારી કે ટેકનોલોજી માહિતીની ગેરકાયદેસર ચોરી પર કડક પ્રતિબંધો અને સજાની જોગવાઈ છે. એસોસિએશન ઓફ પ્રાઇવેટ ઇન્ટેલિજન્સ ઓફિસર્સ ઓફ ઈન્ડિયાના ચેરમેન કહે છે, ''ઉદ્યોગ ગૃહોમાં કોર્પોરેટ જાસૂસીના કેસ વધી રહ્યા છે. ૫૦૦ કરતાં વધારે કંપનીઓ અમને દર વર્ષે મદદ માટે વિનંતી કરે છે.''

જાસૂસી કોઈ પણ પ્રકારની હોય તેમાં સ્વરૂપવાન યુવતીઓની મદદ ન લેવાય તો એ ધંધો અધૂરો ગણાય. યુરોપ-અમેરિકાની માફક ભારતમાં પણ હવે વધુને વધુ કંપનીઓ પી.આર.ઓ. તરીકે ફાંકડુ અંગ્રેજી બોલતી સદાય સ્મિત રેલાવતી અને સુંદર દેખાતી યુવતીને રાખે છે.જનસંપર્ક અધિકારી તરીકેનું કામ કરતી આ યુવતીઓ મોટે ભાગે વિવિધ કચેરીઓમાં જઈ પોતાની કંપનીનું કામકાજ જલદી આટોપાઈ જાય તેવી કામગીરી બજાવે છે. ટુજી સ્પેકટ્રમ કૌભાંડથી જાણીતી થયેલી નીરા રાડિયા આવી જ એક પી.આર. કંપની ની કર્તાહર્તા હતી.

તાજેતરમાં ભારતીય વાયુસેનાના પ્રમુખ, એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિતે વિદેશી ગુપ્તચર એજન્સીઓ દ્વારા અપનાવવામાં આવતી જાસૂસીની નવી રીતોને લઈને મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. એર ચીફ માર્શલે કહ્યું હતું કે, વિદેશી જાસૂસી સમૂહો હવે પારંપારિક હની ટ્રેપથી આગળ વધીને સાઇબર જાસૂસી, મલ્ટી લેવલ માર્કેટિંગ અને અવૈધ રૂપથી લોન આપતા માધ્યમોનો સહારો લઈ રહ્યા છે.

દાયકા પૂર્વે દિલ્હીના વેસ્ટર્ન કોર્ટમાંથી ઔદ્યોગિક જાસૂસીનું એક વરવું કૌભાંડ પકડાયું હતું. તેમાં મુંબઈ અને કોલકોતા ખાતે કચેરીઓ ધરાવનાર બે આગેવાન મલ્ટીનેશનલ કંપનીઓની મહિલા પી.આર.ઓ. અધિકારી વચ્ચે ઝપાઝપી થઈ હતી. બંને પોતાની કંપનીના કેમિકલ પ્લાન્ટ અંગે જરૂરી મંજૂરી મેળવવા એક પ્રધાનને પંપાળતી રહી હતી. તેમાંથી બે વચ્ચે ઝઘડો થયો હતો.

ફેબ્રુઆરી ૨૦૧૫માં દિલ્હી પોલીસે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાંથી સરકારી દસ્તાવેજો ચોરી કરવા અને ખાનગી ઊર્જા કંપનીઓને વેચવાના આરોપમાં મોટી કાર્યવાહી કરી હતી.આ કેસમાં સંડોવાયેલી દિગ્ગજ કંપનીઓના અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓએ મંત્રાલયના સીસીટીવી કેમેરા બંધ કરીને અને નકલી એન્ટ્રી કાર્ડ તથા બનાવટી ઓળખપત્રોનો ઉપયોગ કરીને સંવેદનશીલ દસ્તાવેજો મેળવ્યા હતા, જેમાં નાણાપ્રધાનના બજેટ ભાષણના ઇનપુટ્સ જેવા અત્યંત ખાનગી કાગળો પણ સામેલ હતા.

૧૯૯૪માં કેરળ પોલીસ અને ભારતીય તપાસ એજન્સીઓએ ઈસરોના કેટલાક વૈજ્ઞાનિકોની રોકેટ એન્જિનની ગુપ્ત ટેકનોલોજી વેચવાના આરોપમાં ધરપકડ કરી હતી.

આ કેસમાં એરોસ્પેસ ઇજનેર નંબી નારાયણન સહિતના લોકોને ફસાવવામાં આવ્યા હતા. પાછળથી સુપ્રીમ કોર્ટ અને સીબીઆઈ તપાસમાં આ આરોપો સંપૂર્ણપણે ખોટા અને બનાવટી સાબિત થયા હતા, અને નંબી નારાયણનને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

ભારતમાં કોર્પોરેટ જાસૂસીએ ગેરકાયદેસર પ્રવૃત્તિ છે, જેમાં કોઈ કંપની દ્વારા તેના હરીફની ગુપ્ત માહિતી, ટ્રેડ સિક્રેટ્સ, ટેકનોલોજી કે નીતિગત દસ્તાવેજો ચોરી કે ભ્રષ્ટાચાર દ્વારા મેળવવામાં આવે છે. જોકે ભારતમાં કોપીરેટ જાસૂસી માટે કોઈ એક વિશિષ્ટ કે સ્વતંત્ર કાયદો નથી, પરંતુ વિવિધ કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

જેમ કે ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૭૮ (ચોરી), વિશ્વાસઘાત અને છેતરપિંડી (કલમ ૪૨૦) હેઠળ કેસ નોંધી શકાય છે. એ સિવાય માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦(આઇટી) કલમ ૪૩ અને ૬૬– કમ્પ્યુટર સિસ્ટમમાં અનધિકૃત પ્રવેશ અને ડેટા ચોરી માટે, કલમ ૭૨ ગોપનીયતા અને પ્રાઇવસી ભંગ કરવા બદલ, ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ કોપીરેટ તપાસ અને ડેટા સુરક્ષાના નિયમો લાગુ પડે છે. જાસૂસી મુખ્યત્વે માલવેર, ફિશિંગ કે સાયબર ઘૂસણખોરી દ્વારા ડેટા ચોરી રૂપે થાય છે. આવા સંજોગોમાં કંપનીઓ સામાન્ય રીતે નીચેના પગલાં લે છે મજબૂત આઈટી સુરક્ષા નીતિઓ અને એક્સેસ કંટ્રોલ, કર્મચારીઓની પૃષ્ઠભૂમિની ચકાસણી અને સતત દેખરેખ, સંવેદનશીલ ડેટાનું એન્ક્રિપ્શન અને બગ સ્વીપ્સ.

બોર્ડરૂમમાં કંપનીના ડાયરેક્ટરો વચ્ચે શું વાત થાય છે, કેવા નિર્ણય લેવાય છે તે સાંભળવાની બગીંગ ડિવાઈસથી માંડીને ફાઉન્ટનપેનમાં મૂકવામાં આવેલા માઈક્રોફોન લાઈટર અને ઘડિયાળમાં સમાવી દેવામાં આવતા ટચૂકડાં કેમેરાવગેરે સાધનોનું પ્રદર્શન સુધ્ધાં ભરાય છે. ઔદ્યોગિક જાસૂસીમાં મદદરૂપ થાય એવા સાધનો તો આ પ્રદર્શનમાં હોય છે જ પણ હવે કંપનીના રહસ્ય, ખાનગી વાતો હરીફ કંપનીના લોકો જાણી ન જાય તે માટે ઉપયોગમાં લેવાતાં ઈલેક્ટ્રોનિક કાઉન્ટર મેઝર ઉપકરણો પણ પ્રદર્શનમાં જોવા મળે છે. જાસૂસીની દુનિયામાં ચાલતી ઉંદર બિલાડીની આ રમત ઔદ્યોગિક ક્ષેત્રે વધુને વધુ જોર પકડતી જાય છે.

ઝાકળઝંઝા
અનુસંધાન

શહેરમાં મારું કોઈ જ નહીં હોય. પણ આજે મને લાગે છે કે આ શહેરમાં આવવાનો મારો નિર્ણય સાચો હતો, કારણ કે અહીં મને તું મળ્યો.' દેવાંશે અવનીની આંખોમાં જોયું અને પ્રેમથી કહ્યું, 'મારા માટે તો આ કોલેજ અને આ અમદાવાદ ત્યારે જ સાર્થક થયું જ્યારે તું મારી જિંદગીમાં આવી. તારી સાદગીએ મને જીવનનો સાચો અર્થ શીખવ્યો છે.'

બંનેએ એકબીજા સામે જોઈને સ્મિત કર્યું. ન તો કોઈએ મોટા-મોટા વચનો આપ્યા, ન તો પોતાના સંબંધને કોઈ નામ આપવાની ઉતાવળ કરી. પરંતુ ગુલમહોરના એ છાંયડા નીચે બંને સમજી ચૂક્યા હતા કે તેમની મિત્રતા હવે એક નવું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે, જ્યાં એકબીજાને બદલવાની કોઈ શરત નહોતી, બસ એકબીજાની પડખે ઊભા રહેવાનો અતૂટ વિશ્વાસ હતો.

Sports ફન્ડા
અનુસંધાન

એશિયન કુસ્તી ચેમ્પિયનશિપમાં ૨૦૨૨ થી લઈને ૨૦૨૪ એમ ત્રણ વર્ષ સુધી સતત કાંસ્ય ચંદ્રક જીતનારી મનીષા માટે ૨૦૨૫નું વર્ષ ભાગ્યશાળી રહ્યું અને તેણે એશિયન ચેમ્પિયનશિપમાં પહેલીવાર સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. આ જ વર્ષે તેણે બે ગ્રાં પ્રિ ઈવેન્ટમાં પણ સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા. તેની આ ચંદ્રકોની સફર ૨૦૨૬માં પણ જારી રહેવા પામી અને તેણે ઝગ્રેબ ગ્રાં પ્રિ બાદ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઐતિહાસિક સુવર્ણચંદ્રક જીતવાની સિદ્ધિ હાંસલ કરી લીધી હતી. અલબત્ત તેનો સુવર્ણચંદ્રક નોન-ઓલિમ્પિક વજનવર્ગનો છે અને આ કારણે તેણે ઓલિમ્પિક- ૨૦૨૮માં ક્વોલિફાય થવા માટે ૬૦ કે વધુ કિગ્રા વજનવર્ગની સ્પર્ધા પર પસંદગી ઉતારવી પડશે. જોકે આ સફળતાના પગલે તેના આત્મવિશ્વાસમાં ચોક્કસપણે વધારો થયો છે.

પારિજાતનો પરિસંવાદ
અનુસંધાન

નાવી પિલ્લેનો આ પહેલો કેસ હતો અને એને અશ્વેત વકીલ તરીકે વંશીય અને લિંગભેદનો સામનો કરવો પડ્યો. વળી એને એવી વ્યક્તિનો બચાવ કરવાનો હતો કે જે સરકાર દ્વારા પ્રતિબંધાત્મક આદેશ હેઠળ હતો. આવે સમયે રાજકીય દમનનો સામનો કરનાર ફિલિસ નાયડુને કાનૂની વ્યવસ્થાની અંદર રહીને નાવી પિલ્લુએ મદદ કરી.

તો બીજી બાજુ અશ્વેતોના અધિકારો માટે ચળવળ ચલાવતી સાત વ્યક્તિઓ સામે દક્ષિણ આફ્રિકાની સરકારે ગંભીર આરોપો મૂક્યા અને આ સમયે 'બ્લેક કોન્સિયસનેશ મૂવમેન્ટ'ના આ કાર્યકરોને નાવી પિલ્લેએ કેસ લડવામાં મદદ કરી. બે વર્ષ સુધી ચાલેલા આ કેસમાં આરોપીઓને કેદની સજા થઈ, પરંતુ સત્તાધીશોને અપ્રિય ગણાતી વ્યક્તિઓને કાનુની મદદ અને ન્યાયી પ્રક્રિયાનો અધિકાર મળવો જોઈએ તે સિદ્ધાંત સિદ્ધ કરી બતાવ્યો. સમય જતાં આ જ સિદ્ધાંત નાવી પિલ્લેની આંતરરાષ્ટ્રીય માનવ અધિકારની કારકિર્દીનો મહત્વનો આધાર બન્યો. ૨૦૦૮થી ૨૦૧૪ સુધી યુનોમાં માનવ અધિકાર માટેની હાઈકમિશ્નર તરીકેની કામગીરી બજાવી. એમણે કહ્યું કે, 'ક્રૂર નરસંહાર, યુદ્ધના ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગંભીર ગુનાઓ માટે વ્યક્તિઓની જવાબદારી નક્કી થવી જોઈએ. તેઓ કહે છે કે કાયદાથી પર કોઈ નથી અને ગંભીર ગુનાઓ કરનારને જવાબદાર ઠેરવવા જોઈએ.'

દમન ધરાવતી રાજસત્તા, વંશીય ભેદભાવ હેઠળ પ્રજાને કચડતી સરકાર અને અશ્વેત લોકોને સતત ગુલામીના કોરડા ખમવા પડે એવા વાતાવરણની વચ્ચે નાવી પિલ્લે મહિલાઓનાં અધિકારો માટે, રંગભેદ સામે લડત આપીને અને નરસંહારમાં પીડિત થનારાઓને ન્યાય આપાવવા માટે ઝઝૂમ્યા અને જગતે આ મહિલાને શાંતિનું નોબલ પારિતોષિક આપીને સન્માન કર્યું. રંગભેદની ક્રૂર નીતિઓ, સરકારનું અમાનવીય દમન, ચોતરફ ભયનો માહોલ, પોલીસોની યાતના વચ્ચે નાવી પિલ્લેએ કાયદા દ્વારા રાજસત્તાને નમાવવાની શક્તિ બતાવી.

કેમ છે, દોસ્ત
અનુસંધાન

ક્યારેક તો છૂટાછેડા આપવાની પોતાની તૈયારી છે એવું કહેતી આસક્તિને વિશાખાદેવી પોતાનો ન્યાયાધીશ ધર્મ ભૂલીને સમજાવવા બેસી જતા કે, ''બેટા, એ દિવસો ગયા, છૂટાછેડાની વાત કરવાની જ નહીં. છેડો બાંધેલો રાખવાનો, પણ વર્તવાનું છૂટથી. અને હારેલા યોદ્ધા જેવો સત્કાર ખિન્ન મને બાલ્કનીમાં પડેલી ખુરશી પર કલાકો સુધી આકાશ તરફ મીડ માંડી બેસી રહેતો.

દિવાળીનું સ્વાગત કરવા માટે જ્યારે આખુ શહેર આનંદમાં ડૂબેલું હતું... ત્યારે કાળી ચૌદશની સાંજે ઘરના તમામ લાઈટ કનેકશન તથા ફ્યુઝને નુકસાન પહોંચાડી આસક્તિએ ખરા અર્થમાં કાળીચૌદશ ઊજવી બતાવી. સત્કાર ઓફિસેથી ઘરે આવ્યો ત્યારે આસક્તિ દિવાળી ઊજવવા માતૃગૃહે ચાલી ગઈ હતી. અને ટેબલ પર પડેલી ચિઠ્ઠી સત્કારના હાથમાં આવી હતી. જેમાં આસક્તિએ લખ્યું હતું : ''આસ્થાહીન દામ્પત્યજીવન એ અભિશાપ છે, સત્કાર હું મારા મમ્મીને ઘરે જઉં છું. હું મારા પિયરથી પાછી નહીં ફરું, તોષાનું લગ્ન થઈ જાય પછી જ હું આવવાનું વિચારીશ. તું તોષા પાછળ દેવદાસ બની ગયો છે. એટલે તને મારા પ્રેમની કિંમત સમજાતી નથી. મારા મમ્મી પાસે બહુ પૈસા છે, એટલે મને તારા પૈસાની જરાપણ પડી નથી. સાસરામાં મારી રીતે જીવીશ એ આશાએ જ તારી સાથે લગ્ન કર્યા હતા. તું મારો પડ્યો બોલ ઝીલીશ અને મારી આગળ પાછળ ફરીશ એવી મારી ઈચ્છા ફળી નહીં. હું તને છૂટાછેડા તો નહીં જ આપું.''

આસક્તિની ચિઠ્ઠી વાંચીને સત્કાર સોફા પર ફસડાઈ પડ્યો. આ તો ચોર કોટવાળને દંડે એવી વાત છે. જ્યાં સુધી વિશાખાદેવી જેવી પુત્રીવત્સલ માતાઓ દીકરીના સાસરીઆને પોતાની જાગીર સમજી કાજી બનીને એકતરફી ન્યાય તોળશે ત્યાં સુધી સત્કાર જેવા અનેક યુવકોના જીવનાકાશમાં સદાય અંધકાર ફેલાતો રહેશે.

અને સત્કારનાં એકલવાયા જીવનમાં નૂતનવર્ષનો પ્રારંભ થયો હતો. પત્નીની કઠોરકૃપાનો કરુણ અંજામ!

રેશમડંખ
અનુસંધાન

'ના-ના એ હવે સ્ટ્રીટ કેટ નથી, અહિં જ રહે છે. પણ અમે એને બાંધીને રાખતા નથી, તેને જ્યારે બહાર ફરવા જવું હોય ત્યારે જાય છે પછી પાછી આવી જાય છે. બહુજ સ્માર્ટ છે એ'.

ટારઝન મેઘની નજીક આવીને ઊભી રહી ગઈ. થોડીવાર સુધી તે મેઘને જોતી રહી. મેઘના પગને ચારે બાજુ સુંઘ્યા પછી તેણે સમિધની સામે જોયું એટલે સમિધ ફરી બોલ્યો 'મેં શું કહેલું, યાદ છે ને ટારઝન?'

આ સાંભળતા જ ટારઝને પોતાના આગલા પગના પંજા મેઘના પગના પંજા પર મારવા માંડ્યાં. એ સાથે જ મેઘે લાત મારીને ટારઝનને દૂર ફંગોળી દીધી અને ગુસ્સાથી બોલ્યો 'આવી જંગલી કેટને તમે લોકો ઘરમાં રાખો છો? પાછા એને ફેમિલી મેમ્બર કહો છો?'

આ ઘટના જોઈને બાકીના ત્રણેયની પ્રતિક્રિયા અલગ- અલગ હતી. આહુતિ ધડકતા દિલે, એક ક્ષણ માની સામે જોતી હતી તો બીજી ક્ષણ મેઘની સામે જોતી હતી. સમિધે ટારઝનને જમીન પરથી ઊંચકી લઈને છાતી સરસી ચાંપી દીધી હતી અને તેના માથે વહાલથી હળવે-હળવે હાથ પસવારી રહ્યો હતો. જ્યારે શ્યામા ચુપચાપ અદબ વાળીને મેઘની સામે જોઈ રહી હતી.

મેઘને અચાનક ભાન થયું કે એણે બહુ જ મોટી ભૂલ કરી નાખી હતી. તે ગળચા ગળતાં બોલ્યો 'જો શામુ એણે મારા પંજા પર નહોર મારી દીધા છે.'

શ્યામા હજુયે એકટક મેઘની સામે જોઈ રહી હતી. તે રુક્ષ સ્વરે બોલી 'ટારઝન માણસને ઓળખવામાં બહુ જ હોશિયાર છે. એ માત્ર તારી પરીક્ષા લઈ રહી હતી. તારા પગ પર જો, માત્ર ઉઝરડા જ પડ્યા છે. ખરેખર એ તને નહોર મારતી તો તારા પગને એવી રીતે ફાડી નાખતી કે કોઈ ડોક્ટર તારો પગ સીવી શકતો નહિ. ટારઝનની પરીક્ષામાં તું ફેઈલ થયો છે. તું જઈ શકે છે. આમ કહીને તેણે પોતાની આંગળીમાંથી વીંટી કાઢીને મેઘની બાજુમાં સોફા પર ફેંકી દીધી.

આ જોઈને આહુતિએ સેન્ટર ટીપોય પર મુકેલી મેઘની બધી જ ગિફ્ટ લઈને મેઘની બાજુમાં સોફા પર મુકી દીધી.

'બિલ્લી જ નહિ, સાલા ઘરનાં બધા જ જંગલી છે. ગો ટુ હેલ'. એમ ગુસ્સાથી હુંકાર કરતો મેઘ પોતાની બધી વસ્તુઓને હાથમાં લઈને દરવાજો જોરથી પછાડીને ત્યાંથી ચાલ્યો ગયો.

તેના ચાલી ગયા પછી શ્યામા શૂન્ય નજરોથી એ બંધ દરવાજાને તાકી રહી હતી. આહુતિ શ્યામાની બાજુમાં આવીને એને વળગીને બેસી ગઈ, સમિધ બીજી બાજુ બેસતા બોલ્યો 'મમ્મી સોરી, મેં તો..'

સમિધની વાતને વચ્ચેથી જ કાપતા શ્યામા બોલી 'બેટા વિષના ડંખથી કદાચ બચી શકાય, પરંતુ રેશમડંખથી બચી શકાતું નથી. તારે સોરી નહિ, મારે તને થેન્ક્સ કહેવું જોઈએ. તે મને ઝેરીલા રેશમડંખથી બચાવી લીધી. આમ કહીને શ્યામાએ તેના પગ આગળ બેસીને તેની સામે જોઈ રહેલી ટારઝનને ઊંચકી લઈને પોતાના ખોળામાં બેસાડી દીધી અને વહાલથી તેના પર હાથ ફેરવવા લાગી.

આહુતિ પ્રેમથી સમિધ સામે જોઈ રહી હતી.

સિનેમા એક્સપ્રેસ
અનુસંધાન

શરૂઆતમાં માઈક્રો ડ્રામાના નામે સસ્તા, ટૂંકા કાલ્પનિક વીડિયો બન્યા, જે સોશિયલ મીડિયા ફીડ્સ અને મોબાઈલ મિની-પ્રોગ્રામ્સ દ્વારા વાઈરલ કરવામાં આવ્યા. અસલી સફળતા ત્યારે મળી જ્યારે ક્રિએટર્સને બ્રહ્મજ્ઞાન લાધ્યું કે આ રીતે તો ટૂંકા એપિસોડ્સને જોડીને લાંબી, એકધારી ચાલતી વાર્તા પણ બનાવી શકાય છે. તેથી બબ્બે મિનિટના કોમેડી સ્કેચ બનાવવાને બદલે તેમણે ૬૦ એપિસોડના રોમેન્ટિક ડ્રામા, ફેમિલી ડ્રામા, દુશ્મનાવટ, બદલાની વાર્તા અને સુપરનેચરલ થ્રિલર બનાવવાનું શરૂ કર્યું.

૨૦૨૧-૨૦૨૩ દરમિયાન ચીનમાં આ ફોર્મેટને એક બિઝનેસ મોડલ મળ્યું. પ્લેટફોર્મ્સે આખી વાર્તા સિરીયલ સ્વરૂપે રજૂ કરવાનું શરૂ કર્યું, જેમાં શરૂઆતના એપિસોડ મફત આપવામાં આવતા હતા અને આગળના એપિસોડ માટે દર્શકો પાસેથી પૈસા લેવામાં આવ્યા. ૨૦૨૩માં ચીનની માઈક્રો ડ્રામા ઇન્ડસ્ટ્રીનું આર્થિક કદ કેટલું થઈ ગયું હતું, જાણો છો? લગભગ ૫.૩ બિલિયન ડોલર! અંદાજ તો એવો છે કે ૨૦૨૭ સુધીમાં ચીનમાં માઈક્રો ડ્રામા ઇન્ડસ્ટ્રીનું કદ ૧૫ બિલિયન ડોલરને ને વટાવી જશે.

નિર્માણની દ્રષ્ટિએ માઈક્રો ડ્રામાનો પ્લસ પોઇન્ટ એ છે કે એમાં ઓટીટી યા ટીવી શોઝની જેમ લાંબુલચ્ચ પ્રી-પ્રોડક્શન, મોંઘાદાટ સેટ, મોંઘા સ્ટાર્સ અને ભારે પોસ્ટ-પ્રોડક્શનની જરૂર પડતી નથી. માઈક્રો ડ્રામા ઘણી ઝડપથી અને સસ્તામાં બની જાય છે. માઈક્રો ડ્રામામાં પ્રેમ, ઈર્ષ્યા, વિશ્વાસઘાત, બદલો, પારિવારિક સંઘર્ષ, મહત્ત્વાકાંક્ષા, સામાજિક પ્રતિષ્ઠા અને અફ કોર્સ, સેક્સ જેવા મસાલા છૂટથી ભભરાવ્યા હોય છે. આ એવા મસાલા છે જેનાથી લોકો ક્યારેય કંટાળવાના નથી. માઈક્રો ડ્રામા, બાય ડેફિનેશન, ચાર-પાંચ મિનિટમાં ફટાફટ જોઈ લેવાની વસ્તુ છે, પણ તોય લોકો એક જ બેઠકમાં ૪૦-૫૦ એપિસોડ જોઈ નાખતા હોય છે. નાના એપિસોડ્સ ખૂબ લાંબી વ્યૂઈંગ સેશન્સમાં પરિવર્તન પામી શકે છે. આ એક વિરોધાભાસ છે.

ટિપિકલ વેબ શો અને ટીવી સિરીયલના પ્રોડક્શનની તુલનામાં માઈક્રો ડ્રામા ભલે સસ્તા હોય, પણ જો કોઈ સિરીઝ લોકપ્રિય થઈ જાય તો વધુ ટાઈટલ્સ સાથે આ ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યું છે. આ સિવાય કુકુ ટીવી, એમએક્સ ફટાફટ, રસ્ક મિડીયા જેવાં પ્લેટફોર્મ્સ માઈક્રો ડ્રામા બનાવવા માંડ્યાં છે.

કાળા માથાંના માનવી જ નહીં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે પણ હવે આ ફિલ્ડમાં પોતાની જોરદાર હાજરી નોંધાવી છે. કેટલાય માઈક્રો ડ્રામામાં રાઈટિંગથી લઈને બધ્ધેબધ્ધું એઆઈ દ્વારા તૈયાર થયું હોય છે. એઆઈનો ઉપયોગ કરવાથી પ્રોડક્શન કોસ્ટ ઔર ઘટી જાય છે. એ વાત અલગ છે કે એઆઈની અતિ સક્રિયતાને કારણે અસલી માનવ-એક્ટરોની રોજગારી, અભિનયની ગુણવત્તા, લેખકોના અધિકારો, ડિજિટલ ચહેરાના ઉપયોગની સંમતિ આ બધું ઘણા પ્રશ્નો ઊભા કરે છે. સોફ્ટ પોર્ન જેવા માઈક્રો ડ્રામાએ પણ બહુ ઉપાડો લીધો છે.

માઈક્રો ડ્રામાનું બિઝનેસ મોડલ હજુ વિકસી રહ્યું છે. હાલ વિશ્વસ્તરે જે સૌથી વધુ જોવાયેલા માઈક્રો ડ્રામા ('ધ ડબલ લાઈફ ઓફ માય બિલિયોનેર હસબન્ડ' - ૭૮૮ મિલિયન વ્યુઝ, 'ફાઉન્ડ અ હોમલેસ બિલિયોનેર હસબન્ડ ફોર ક્રિસમસ' - ૭૦૩ મિલિયન વ્યુઝ) પર નજર કરશો તો તરત લાગશે કે આમાં ઊંડાણ જેવું કશું નથી. ખેર, માઈક્રો ડ્રામાનું આખું ક્ષેત્ર હજુ નવું છે. સમયની સાથે સ્તરીય માઈક્રો ડ્રામા પણ બનવા માંડશે તેવી અપેક્ષા રાખી શકાય. દરમિયાન જરા તપાસ તો કરો કે પેલી સ્ત્રીના ફકીર જેવા દેખાતા, પણ અસલિયતમાં કરોડપતિ નીકળેલા પતિદેવે પછી કેવા પરાક્રમ કર્યા?

શો ટાઇમ

અમે ફુલ સિક્યોરિટીથી ઘેરાયેલા હોઈએ છીએ તો પણ અમારા પરિવાર ભયભીત રહે છે. વિચાર કરો કે સરહદ પર સામી છાતીએ તૈનાત રહેતા સૈનિકોની પત્નીઓ, સંતાનો અને માતા-પિતાની માનસિક હાલત કેવી રહેતી હશે...

- સલમાન ખાન

બાયોસ્કોપવાલા
અનુસંધાન

જોવાની વાત એ પણ ખરી કે રશિયાના આ સામ્યવાદી પ્રભાવમાં આવીને રાજ સાહેબે 'જાગતે રહો' અને 'બૂટ પોલીશ' જેવી બે 'સોશિયાલિસ્ટ' ફિલ્મો બનાવી. પરંતુ રાજ સાહેબ બહુ સિફતપૂર્વક એના દિગ્દર્શનથી દૂર રહ્યા હતા.

અચ્છા, બીજી રસપ્રદ વાત એ હતી કે જ્યારે ચીનમાં 'આવારા' પહેલીવાર રિલીઝ થઈ ત્યારે એમાંથી પેલી ભવ્ય ત્રણ ગાયનોવાળી ડ્રિમ સિકવન્સ (તેરે બિના આગ યે ચાંદની... યે નહીં હૈ, યે નહીં હૈ જિંદગી.... અને ઘર આયા મેરા પરદેસી) કાઢી નાખવામાં આવી હતી, એમ વિચારીને કે આવાં બધાં ગાયનોની શી જરૂર? પણ જ્યારે ૧૯૭૮માં ફરી રિલીઝ થઈ ત્યારે એ ડ્રીમ સિકવન્સ રાખવામાં આવેલી. અને કમાલ જુઓ... બીજી વાર રિલીઝ થયેલી 'આવારા'એ પહેલાં કરતાં ડબલ કમાણી કરી હતી !

સ્પેક્ટ્રોમીટર
અનુસંધાન

ખામોશીથી રજૂ થયો છે : અહીં શરૂઆતમાં છે કૈકસી! જે રાવણની માતા હતી. ફિલ્મમાં એવું બતાવવામાં આવ્યું છે શરૂઆતમાં કે કૈકસીએ પોતાની મહત્વાકાંક્ષા માટે રાવણને થોડો ઉશ્કેર્યો, તેને વિદ્રોહી બનાવ્યો, તેને પોતાનો પરિચય કરાવ્યો કે તારી પાસે શક્તિ છે તો તારે ધ્વંસ પણ કરવાનો છે એ શક્તિથી. તેને સંગીતજ્ઞમાંથી આક્રમક બનાવ્યો, તેને વેદપાઠીમાંથી યોદ્ધા બનાવ્યો. કોણે? કૈકસી નામની એક માની મહત્વાકાંક્ષાએ.

અને એક મા બીજી પણ છે જેમને આપણે બધા જાણીએ છીએ, તે છે કૈકેયી. કૈકેયી એવી માતા છે કે જે પોતાની ખાનગી મહત્વાકાંક્ષાના કારણે અને મંથરાની ચતુરાઈના કારણે પોતાની મહત્વાકાંક્ષા પુત્રવત રામ પર થોપી. બે માતાઓ ઓલમોસ્ટ સિમિલર નહીં? કૈકસી અને કૈકેયી! બંને માતાઓ છે જ આપણા પુરાતન શાસ્ત્રોના ગ્રંથોમાં. પણ આ બે માતાઓની બે મહત્વાકાંક્ષાઓનો ટકરાવ જ્યારે આવે છે, ત્યારે બે કેરેક્ટર નિર્માણ થાય છે- રામ અને રાવણ. જે અલગ અલગ રીતે મતોની મહત્વાકાંક્ષા સામે રિએક્ટ કરે છે. આ સટલ કોન્ફ્લિક્ટ જે હોય છે સારી ફિલ્મનો, તે અહીંથી આવે છે. સંસ્કાર અને અહંકારનો આ દેખીતો તફાવત છે. જે દેખાયા જ કરે છે. રામ રાજ પોતાનું મૌન રહી છોડી દે છે. રાવણ પોતાના શાસન સામે જોખમ બનતા જતા બનેવી વિદ્યુતજીવને માફી પછી પણ દગાથી મારે છે!

ફિલ્મમાં જ્યારે રાવણ સ્વરૂપવાન મંદોદરી સાથે વિવાહ કરે છે, ત્યારે એ તેના પિતાને કહે છે : 'આજથી મંદોદરી મારી થઈ.' રામ માતા સીતા સાથે વિવાહ કરે છે ત્યારે રાજા જનકને કહે છે : 'હું આપની ઊણપ તો સીતાના જીવનમાં પૂરી નથી કરી શકતો, પણ મારૂં વચન છે કે સીતા સિવાય મારા જીવનમાં બીજી કોઈ સ્ત્રી ક્યારેય નહીં આવે.' એક માટે સ્ત્રી એક પઝેશન છે ને બીજા માટે પ્રેમ! એ જ રીતે રાવણ માટે એન્ગર (ક્રોધ) ફર્સ્ટ ચોઈસ છે, રામ માટે ક્રોધ-એન્ગર લાસ્ટ ચોઈસ છે! આ ફરક સમજજો જો તમારે રામ-રાવણને સમજવા હોય, જો ભારતની સાચી સનાતની વિરાસતને સમજવી હોય તો! રાવણ ઇન્દ્રને હરાવી રાવણરાજના પોકાર કરે ને રામ તાડકા પણ સ્ત્રી હોય તો પ્રહાર કરતા ખચકાય ને લોજીક ગુરુ આપે પછી સંહાર કરે.

વાલ્મીકિ રામાયણ મુજબ રામ લક્ષ્મણ શૂર્પણખાની મેરેજ પ્રપોઝલનો વારાફરતી પરિહાસ કરે છે એ ઇન્ટરનેશનલ ઓડિયન્સમાં આપણા હીરો માટે સવાલ જગાવે એવી વાત છે તો યોગ્ય રીતે એ દ્રશ્યમાં કૈંક નવું કર્યું ને સીતાહરણ મૂળ વર્ણન મુજબ ફિલ્માવો તો સેન્સર થઈ જાય. એ પણ અધ્યાહાર હાલ પુરતું રાખ્યું. કદાચ ફ્લેશબેક આવે. ગીતો પણ ની

એક અદ્રશ્ય ખામીઃ કાચના મહેલમાં ઉડાન

૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજઅમેરિકાની ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા દેશવ્યાપી ફ્લાઇટ ગ્રાઉન્ડ સ્ટોપ જાહેર કરવામાં આવ્યો હતો. આનો સીધો અર્થ એ હતો કે 'હવાઈ સુરક્ષા અને નિયંત્રણ વ્યવસ્થા ફરીથી સંપૂર્ણપણે સ્થિર ન થાય, ત્યાં સુધી તમામ વિમાનોના પ્રસ્થાન પર કડક પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.- આ તમામ રદ થયેલી ફ્લાઇટ્સ પાછળનું કારણ માત્ર ગ્રાઉન્ડ સ્ટોપ જ નહોતું, પરંતુ નેટવર્કની અસ્થિરતાએ એક ડોમિનો ઇફેક્ટ સર્જી હતી. આધુનિક વિમાન વ્યવસ્થા કેટલી હદે ડિજિટલ સંચાર અને અદ્રશ્ય નેટવર્ક પર આધારિત છે? તેનું આ એક ચોંકાવનારૂ ઉદાહરણ આપે છે. આશ્ચર્યની વાત એ છે કે 'આ જ ઘટનાની આસપાસના દિવસોમાં, માઇક્રોસોફ્ટની આઉટલુક, ટીમ્સ અને અન્ય ક્લાઉડ સેવાઓમાં પણ, એક મોટી વૈશ્વિક ખામી સર્જાઈ હતી. એટલું જ નહીં, અમેરિકામાં ન્યૂ ઓર્લિયન્સ ખાતે, જહાજની અથડામણની અસામાન્ય ઘટના પણ નોંધાઈ હતી. કેટલાક અમેરિકન ઉચ્ચ અધિકારીઓ સુરક્ષા કારણોસર, ગુપ્ત લશ્કરી મથકોમાં રહેવા ગયા હોવાના અહેવાલો પણ વહેતા થયા. આ બધી સમાંતર ઘટનાઓને કારણે અમેરિકામાં કોઈ મોટા, સંકલિત સાયબર હુમલાની આશંકાએ ભારે જોર પકડ્યું હતું. પરંતુ અહીં વિજ્ઞાન અને પત્રકારત્વનો એક પાયાનો સિદ્ધાંત સમજવો જરૂરી છે કે 'એક જ સમયે અનેક ઘટનાઓ ઘટે, એટલે તે બધી એક જ કારણથી ઉદ્ભવી હોય એવું ક્યારેય સાબિત થતું નથી.'

પ્રાચીન ચીની ફિલસૂફ સન ત્ઝુએ તેમના વિખ્યાત ગ્રંથ 'ધ આર્ટ ઓફ વોર'માં કહ્યું હતું કે, 'શ્રેષ્ઠ યુદ્ધ કળા એ છે કે લડ્યા વિના જ દુશ્મનને શસ્ત્રો હેઠા મુકવા પડે.' આજે આ સિદ્ધાંત ડિજિટલ રણભૂમિ પર અક્ષરશઃ સાચો ઠરી રહ્યો છે. જ્યાં અદ્રશ્ય કોડ અને ફાઇબર ઓપ્ટિક કેબલ્સ, દેશની સુરક્ષાનું નવું કેન્દ્ર બની ગયા છે. અમેરિકામાં તાજેતરમાં બનેલી એક ઐતિહાસિક ઘટનાએ, આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની, આ ક્ષણભંગૂરતા તરફ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. જે સાબિત કરે છે કે 'આપણી અત્યાધુનિક વ્યવસ્થાઓ વાસ્તવમાં કાચના મહેલ જેવી છે!

જો એ સાયબર એટેક નહોતો, તો પછી અમેરિકા ચાર કલાક શા માટે થંભી ગયું?

કલ્પના કરો કે વિશ્વની સૌથી શક્તિશાળી અને આધુનિક ટેક્નોલોજી ધરાવતા દેશોમાંના એક, અમેરિકામાં અચાનક વિમાનોની અવરજવર જ અટકી જાય. દેશનાં વિવિધ એરપોર્ટ પર હજારો મુસાફરો અટવાઈ જાય, એરલાઇન્સની કામગીરી ખોરવાઈ જાય અને હવાઈ ટ્રાફિક નિયંત્રિત કરતી સંસ્થાઓને, પોતાના જ નેટવર્કની સ્થિરતા અંગે ગંભીર ચિંતા ઊભી થાય. આવી ભયાનક પરિસ્થિતિ કોઈ યુદ્ધ, આતંકવાદી હુમલા કે કુદરતી આફતને કારણે નહીં, પરંતુ માત્ર એક ટેલિકમ્યુનિકેશન નેટવર્કની ખામીને કારણે ઊભી થાય તો તેને શું કહેવું? ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના (બ્લેક ફ્રાઈડે) રોજ અમેરિકામાં બરાબર આવું જ કંઈક બન્યું હતું. ૧૫ નવેમ્બરના સત્તાવાર ખુલાસા પ્રમાણે, દેશનાં ૨૨ એર રૂટ ટ્રાફિક કંટ્રોલ સેન્ટર્સમાંથી, ૧૭ કેન્દ્રોમાં ટેલિકમ્યુનિકેશન નેટવર્કની ગંભીર અસ્થિરતા જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન લગભગ ૩,૫૦૦ વિમાનોને મહામહેનતે સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યાં હતાં. જ્યારે અંદાજે ૧૨,૪૬૨ ફ્લાઇટ્સ રદ કરવી પડી હતી. લગભગ ૪ કલાક અને ૪૫ મિનિટની ભારે જહેમત બાદ, રાત્રે ૮:૧૫ વાગ્યે અમેરિકાના પૂર્વીય સમય પ્રમાણે, હવાઈ સેવાઓ માંડ માંડ ફરી શરૂ થઈ હતી. શું આ અમેરિકા ઉપર થયેલો સૌથી મોટો સાયબર એટેક હતો?

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી









જર્જરિત નસો અને ચમકતાં વિમાનો

જાણીતા સાયબર સુરક્ષા નિષ્ણાત નિકોલ પર્લરોથ તેમના પુસ્તક 'ધીસ ઈઝ હાઉ ધે ટેલ મી ધ વર્લ્ડ એન્ડ્સ'માં કહે છે કે 'હવે દુનિયાનો અંત કોઈ પરમાણુ બોમ્બથી નહીં, પરંતુ કોમ્પ્યુટર સ્ક્રીન પાછળ બેઠેલા હેકર્સના એક કમાન્ડથી આવી શકે છે.' જેને આધુનિક પરિભાષામાં 'સાયબર વોરફેર' કહેવામાં આવે છે. સાયબર હુમલાના અનેક પ્રકારો પૈકી ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ ઓફ સર્વિસ (DDoS) એટેક અત્યંત ઘાતક માનવામાં આવે છે. જેમાં અનેક કમ્પ્યુટર્સ દ્વારા, કોઈ એક સર્વર પર અતિશય ડેટા ટ્રાફિકનો મારો ચલાવવામાં આવે છે. પરિણામે તે સિસ્ટમ ક્રેશ થઈ જાય છે. અહીં એ યાદ રાખો કે નેટવર્કમાં અચાનક ડેટાનો પ્રવાહ વધી જાય એટલે, તે સાયબર હુમલો જ હોય એવું માનવું ભૂલભરેલું છે. ઘણીવાર ખોટું રૂપરેખાંકન કે સોફ્ટવેરની ખામી પણ આવી જ ભયાનક સ્થિતિ સર્જી શકે છે. અમેરિકાની ઘટનામાં ભલે કોઈ બાહ્ય હુમલાનો પુરાવો ન મળ્યો હોય, છતાં સાયબર યુદ્ધનો ભય, આજે દરેક રાષ્ટ્ર માટે સર્વોચ્ચ અગ્રતાનો વિષય બની ગયો છે. દેશની વીજળી, સંચાર નેટવર્ક, પરિવહન અને સરકારી ડેટા સેન્ટર્સ, રાષ્ટ્રીય સુરક્ષાની નવી કરોડરજ્જુ બની ગયા છે. આ ભયાનક પરિસ્થિતિનો સામનો કરવા માટે માત્ર સુરક્ષા દીવાલો ચણવી પૂરતી નથી. આપણે 'સાયબર રેઝિલિયન્સ' એટલે કે, સાયબર આઘાત સામે ટકી રહેવાની, અને ઝડપથી બેઠા થવાની ક્ષમતા વિકસાવવી અત્યંત જરૂરી છે. અમેરિકાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટાન્ડર્ડ્સ એન્ડ ટેક્નોલોજી સંસ્થાએ, સાયબર-રેઝિલિયન્ટ સિસ્ટમ માટે અગાઉથી જોખમની ઓળખ, હુમલા દરમિયાન કામગીરી જાળવવી અને નુકસાન પછી ઝડપથી પુનઃસ્થાપિત કરવા, જેવા મૂળભૂત માપદંડો પર વિશેષ ભાર મૂક્યો છે. આ ઘટના દરમિયાન કેટલાક અધિકારીઓ લશ્કરી મથકોમાં રહેવા ગયા હતા. ભૂતપૂર્વ FBI અધિકારી ક્રિસ સ્વેકરે વિદેશી ગુપ્તચર કાર્યવાહીના સંદર્ભમાં 'મધરશિપ' જેવા શબ્દનો ઉપયોગ કર્યો. તેને UFO કે પરગ્રહવાસીઓની ટેક્નોલોજી સાથે જોડવી એ માત્ર એક વૈજ્ઞાનિક ગેરસમજ જ ગણાય.

અમેરિકાના આકાશની છુપી કમજોરી

અમેરિકાએ પ્રાથમિક તપાસ અહેવાલમાં સ્પષ્ટતા કરી હતી કે 'આ ઘટનામાં સાયબર હુમલાનો પુરાવો મળ્યો નહોતો.' તપાસ દરમિયાન નેટવર્કમાં અસામાન્ય પ્રમાણમાં ડેટા ટ્રાફિક અને જૂનાં સાધનોની કામગીરી અંગે ચોક્કસ પ્રશ્નો ઊભા થયા હતા! તેથી આ ઘટનાને અમેરિકાની હવાઈ વ્યવસ્થામાં સર્જાયેલી એક ગંભીર ટેક્નિકલ કટોકટી કહેવી ઉચિત છે. આધુનિક વિમાન વ્યવસ્થા માત્ર રનવે, અત્યાધુનિક વિમાન અને કુશળ પાઇલટ્સના ભરોસે હવામાં નથી ઊડતી. તેની પાછળ એક વિશાળ અને અત્યંત જટિલ ડિજિટલ નેટવર્ક રાત-દિવસ ધબકતું હોય છે. આ જટિલ વ્યવસ્થાને એર ટ્રાફિક કંટ્રોલ કહેવામાં આવે છે. જેની જવાબદારી હવામાં રહેલા દરેક વિમાનની સ્થિતિ, ઊંચાઈ, ગતિ, દિશા અને અન્ય વિમાનો સાથેનું સુરક્ષિત અંતર સતત જાળવી રાખવાની હોય છે. હવાઈ ટ્રાફિક કંટ્રોલર્સ રડાર, સંચાર ઉપકરણો, નેવિગેશન સિસ્ટમ અને કમ્પ્યુટર નેટવર્કના માધ્યમથી, હજારો વિમાનોની અવરજવરનું અત્યંત બારીકાઈથી સંચાલન કરે છે. જ્યારે વિમાન હવામાં હોય છે, ત્યારે તેને એક નિયંત્રણ કેન્દ્રમાંથી બીજા કેન્દ્રના અધિકારક્ષેત્રમાં સોંપવામાં આવે છે. હવાઈ ટ્રાફિક નિયંત્રણમાં 'માહિતીનું એકદમ ચોક્કસ અને સમયસર પહોંચવું'એ, જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત નક્કી કરે છે. જો કોઈ નિયંત્રણ કેન્દ્રને વિમાનની સ્થિતિ અંગેની માહિતી અમુક સેકન્ડો માટે પણ મોડી મળે, તો હવાઈ ટ્રાફિક કંટ્રોલર માટે બે વિમાનો વચ્ચે સલામત અંતર જાળવવું લગભગ અશક્ય બની જાય છે. અમેરિકાની આ ઘટનાના મૂળમાં જૂની અને નવી ટેલિકમ્યુનિકેશન ટેક્નોલોજી વચ્ચેના પરિવર્તનનો મુદ્દો પણ એટલો જ જવાબદાર છે. જે દર્શાવે છે કે ટેક્નોલોજીનું અપગ્રેડેશન કેટલી જટિલ પ્રક્રિયા છે. પરંપરાગત ટેલિકમ્યુનિકેશનમાં ટાઈમ ડિવિઝન મલ્ટિપ્લેક્સિંગ ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થતો હતો. જેમાં એક જ સંચાર માધ્યમ દ્વારા અલગ-અલગ સંદેશાઓને, ચોક્કસ સમયખંડોમાં વહેંચીને મોકલવામાં આવતા હતા. ઉદાહરણ તરીકે ટાટા અને રિલાયન્સ કંપનીના, જુના સીડીએમએ મોબાઈલમાં આ પ્રકારની સંદેશા વ્યવહારની ટેક્નોલોજી કામ કરતી હતી.

ડિજિટલ રાક્ષસની નાભિમાં છુપાયેલું રહસ્ય

જો કોઈ એક મોટા ક્લાઉડ પ્રોવાઇડરની સિસ્ટમમાં ખામી પણ સર્જાય, તો તેના પર આધારિત હજારો સંસ્થાઓ, એકસાથે પત્તાના મહેલની જેમ તૂટી પડે. આ પ્રશ્ન ભારત માટે પણ એટલો જ ગંભીર છે. ભારતમાં પણ વિમાન વ્યવસ્થાથી લઈને યુપીઆઈ પેમેન્ટ અને, સરકારી સેવાઓ ઝડપથી સંપૂર્ણ ડિજિટલ બની રહ્યાં છે. માઇક્રોસોફ્ટની ખામી દરમિયાન ઈન્ડિગો, એર ઈન્ડિયા અને આકાસા એર જેવી, ભારતીય એરલાઇન્સની સેવાઓ ખોરવાઈ હતી. જે દર્શાવે છે કે ભારત પણ આ વૈશ્વિક ડિજિટલ નેટવર્કનો, એક અવિભાજ્ય હિસ્સો છે. ભારતમાં CERT-In અને NCIIPC જેવી સંસ્થાઓ, સાયબર સુરક્ષા માટે ભલે સક્રિય હોય, પરંતુ ભવિષ્યમાં ભારતની પ્રાથમિકતા માત્ર હુમલા અટકાવવા પૂરતી રહેતી નથી. ભારતમાં અલગ સર્વર અને ડેટા સેન્ટરો ઉભા કરવા પડશે. જેમાં દરેક મહત્વપૂર્ણ સેવા માટે 'રિડન્ડન્સી' અને બેકઅપ સિસ્ટમ, જરૂર પડે ત્યારે સક્રિય કરી શકાય.

૨૧મી સદીના સુરક્ષા પડકારો સ્પષ્ટ ચેતવણી આપી રહ્યા છે કે 'ભવિષ્યમાં દેશોને નષ્ટ કરવા માટે પરમાણુ બોમ્બની નહીં, પરંતુ માત્ર એક શક્તિશાળી કમ્પ્યુટર વાયરસની જ જરૂર પડશે.' અદ્યતન રડાર અને ચમકતાં વિમાનો હોવા છતાં, જો સંચાર નેટવર્ક અસ્થિર હોય, તો આધુનિકતા માત્ર એક દેખાડો બનીને રહી જાય છે. ભવિષ્યમાં દેશોએ પોતાની જૂની ટેક્નોલોજીના આધુનિકીકરણ, બેકઅપ સંચાર વ્યવસ્થા, સતત ડિજિટલ ફોરેન્સિક તપાસ અને ક્લાઉડ કમ્પ્યુટિંગ પરની, અતિશય નિર્ભરતા ઘટાડવા માટે યુદ્ધના ધોરણે કામ કરવું પડશે. અમેરિકાની નવેમ્બર ૨૦૨૬ની ઘટનાને, 'માત્ર એક સામાન્ય ટેકનિકલ ખામી ગણીને ભૂલી જવી' એ, ભવિષ્યના વિનાશને આમંત્રણ આપવા જેવી વાત છે. જે ડિજિટલ માળખાની પારસ્પરિક નિર્ભરતાની ભયાનક નબળાઈનું જાગતું ઉદાહરણ છે. આખરે એક અંતમાં ગંભીર પ્રશ્ન ઊભો થાય છેઃ શું આપણે વિકાસની આંધળી દોટમાં, એવા ડિજિટલ રાક્ષસને તો જન્મ નથી આપી રહ્યા. જેની નાભિમાં જ, આપણા પોતાના અસ્તિત્વના વિનાશનું રહસ્ય છુપાયેલું છે?

પ્રજ્ઞાચક્ષુએ અજવાળ્યો નવો માર્ગ

આંધ્રપ્રદેશના વુયુરુ નામના નાના શહેરમાં વસતા દંપતીને ત્યાં નાગાબાબુ જન્નુનો જન્મ થયો. પુત્રજન્મના આનંદના સમાચારની સાથે જ ડૉક્ટરોએ માતા-પિતાને જણાવ્યું કે તેમનો પુત્ર ક્યારેય જોઈ શકશે નહીં. પ્રજ્ઞાચક્ષુ બાળકના જન્મની વાત સાથે જ સગાંવહાલાં અને આસપાસના લોકોમાં ગણગણાટ શરૂ થઈ ગયો કે, 'અરેરે ! આની જિંદગી કેવી હશે ?' ધીમે ધીમે આવાં વચનો માતાના કાને પડવા લાગ્યા. નાગાબાબુના પિતા તો સાઇકલ મિકેનિકનું કામ કરતા હતા અને એમને દારુનું વ્યસન વળગેલું હતું. જ્યારે નાગાબાબુની માતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે મોડી રાત સુધી કપડાંની થેલીઓ સીવતી હતી. માતાએ બિલકુલ હતાશ થયા વિના કુટુંબીજનોને કહ્યું, 'મારો દીકરો ન ભીખ માગશે કે ન તો લાચારીભર્યું જીવન જીવશે. એના માટે જે કંઈ કરવું પડશે તે કરીશ, પણ કોઈના પર નિર્ભર નહીં રહેવા દઉં.'



હૈદરાબાદમાં આવેલી પ્રજ્ઞાચક્ષુઓ માટેની સરકારી સ્કૂલમાં નાગાબાબુને અભ્યાસ માટે પ્રવેશ કરાવ્યો અને પરિવાર પણ હૈદરાબાદ રહેવા લાગ્યો. ત્યારબાદ દેવનાર સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડમાં અભ્યાસ કર્યો. અહીં શિક્ષકોમાં પ્રજ્ઞાચક્ષુઓના જીવનની જે સીમાઓ હતી, તેને સંભાવનાઓમાં પરિવર્તિત કરવાનો અભિગમ જોવા મળ્યો. શિક્ષણની સાથે ટૅક્નૉલૉજી શીખવા મળી. નાગાબાબુ ૨૦૦૧માં નવમા ધોરણમાં હતો, ત્યારે પહેલીવાર કમ્પ્યૂટરની સામે બેઠો. તે સમયે કમ્પ્યૂટરની બોલબાલા હતી અને એમાંય નાના શહેરમાંથી આવનાર તેમજ પ્રજ્ઞાચક્ષુઓ માટે તો ખાસ એક રોમાંચક બાબત હતી. એ વખતે પહેલીવાર તેમને ખબર પડી કે પ્રજ્ઞાચક્ષુ પણ કમ્પ્યૂટર પર કામ કરી શકે છે.

જીવનમાં કોઈ ને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે છે, પરંતુ જો તમને વિશ્વાસ હોય કે કોઈ સમસ્યા હલ થઈ શકે તેવી છે તો યુનિવર્સ તમને કોઈ ને કોઈ રીતે સાથ આપશે

દસમા ધોરણ પછી નાગાબાબુએ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરવાનો વિચાર કર્યો. તેમણે વિચાર્યું કે પહેલાં પોલિટેક્નિકમાં ડિપ્લોમાનો અભ્યાસ કરવો. તે સમયે એપ્લીકેશનની પ્રક્રિયા ઑફલાઇન જ હતી. તે અને તેની માતા ફોર્મ લેવા ગયા, ત્યારે એમને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ચાળીસ ટકાથી વધારે વિકલાંગતાવાળી વ્યક્તિ ફોર્મ ભરી શકશે નહીં, પરંતુ તેમણે અરજી કરી. રોલ નંબર મેળવ્યો અને એક રાઇટર સાથે પરીક્ષા પણ આપી. પાસ થયા, પરંતુ કાઉન્સિલમાં તેમને આગળ અભ્યાસ માટે મંજૂરી આપવામાં ન આવી. નાગાબાબુ ટૅક્નિકલ એજ્યુકેશન કમિશનર પાસે ગયા અને પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ, ૧૯૯૫નો સંદર્ભ ટાંકીને સમાન તકની વાત કરી. એમણે કહ્યું, 'હું કોઈ નોકરીની માગણી નથી કરી રહ્યો, પરંતુ હું કંઈક શીખવા માગું છું. હું મારો અભ્યાસ ચાલુ રાખવા માગું છું.' કમિશનરે પાંચ મિનિટમાં જ મંજૂરી આપી અને કૉલેજમાં પ્રવેશ મળ્યો. પરંતુ ફરી એક મુશ્કેલી આવી. સ્ટેટ બોર્ડ ઑફ ટૅક્નિકલ એજ્યુકેશને તેમને પ્રેક્ટીકલ પરીક્ષા આપવાની મંજૂરી ન આપી. આને માટે તેઓ હાઈકોર્ટમાં ગયા અને ૨૦૦૫ના જુલાઈ મહિનામાં સરકારી ડિપાર્ટમેન્ટ સામે પ્રેઝન્ટેશન આપ્યું.

૨૦૦૫ના ઑક્ટોબર મહિનામાં નાગાબાબુને એન્જિનિયરીંગ કરવાની મંજૂરી મળી ગઈ એટલું જ નહીં, પરંતુ અન્ય પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે માર્ગ મોકળો થયો. તેમણે પોલિટૅક્નિક ડિપ્લોમા અને કમ્પ્યૂટર સાયન્સમાં બી.ટેક્. - એમ બંને ડિગ્રી હાસલ કરી અને એ રીતે તેઓ આ બે ડિગ્રી મેળવનાર ભારતના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ બન્યા. માતા અને દાદી સતત તેની સાથે રહ્યા. અનેક મુશ્કેલીઓ વચ્ચે પિતાએ એને કમ્પ્યૂટર લાવી આપ્યું. નાગાબાબુને ૨૦૦૭માં કેમ્પસ પ્લેસમેન્ટ મળ્યું. ૨૦૦૯માં વિપ્રો ટૅક્નૉલોજીસ્ટમાં કામ શરૂ કર્યું. એક નાના પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું, પણ તેમનું કામ જોઈને તેમને પ્રોજેક્ટ એન્જિનિયર બનાવ્યા.

આજકાલ

પ્રીતિ શાહ

છેલ્લા સત્તર વર્ષમાં ઘણી કંપનીઓમાં કામ કર્યા બાદ આજે તેઓ એક ગ્લોબલ ફાયનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂટમાં વાઇસ પ્રેસિડન્ટ અને અને સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરે છે. જોઝ અને એનવીડીએ જેવા સ્ક્રીન-રીડિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરે છે, જોકે નાગાબાબુને એમની સાથે થયેલા વ્યવહારનું દુઃખ છે. ૨૦૧૦માં બૅંકના મૅનેજિંગ ડિરેક્ટરને મળ્યા પછી ખાતું ખોલી આપ્યું. લોન માટે બૅંકનો સંપર્ક કર્યો, ત્યારે 'અમે પ્રજ્ઞાચક્ષુ સાથે કામ નથી કરતા' તેવા જવાબ પણ મળ્યા. ૨૦૨૩માં નાગાબાબુની સ્પાઇનલ ફ્યુઝનની મોટી સર્જરી થઈ અને આજે ક્રોનિક નર્વ પેઇન સાથે કામ કરી રહ્યા છે. તેમણે પોતાનાં સ્મરણો 'ધ અનસીન પાથ' નામના પુસ્તકમાં આલેખ્યા છે. તેઓ માને છે કે વિઝન અને નજર બંને એક બાબત નથી. વિઝન એક એવી કાબેલિયત છે કે જેમાં પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં આગળ વધતા રહેવાનું છે. તેઓ કહે છે કે, 'જીવનમાં કોઈ ને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે છે, પરંતુ જો તમને વિશ્વાસ હોય કે કોઈ સમસ્યા હલ થઈ શકે તેવી છે તો યુનિવર્સ તમને કોઈ ને કોઈ રીતે સાથ આપશે. મહેનત પર વિશ્વાસ કરો, કિસ્મત પર નહીં.'

પ્લાન્ટ લેધર પર એમ્બ્રોઇડરી!

ગાયત્રી વરુણ એક દિવસ દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી રહી હતી, ત્યારે તેની બેગનું હેન્ડલ તૂટી ગયું. એણે વિચાર્યું કે નવી બેગ ખરીદવી જ છે તો કંઈક જુદા પ્રકારની કેમ ન ખરીદવી, જે મજબૂત હોય અને લાંબા સમય સુધી ચાલે, જે વાપરવામાં પર્યાવરણને પણ હાનિ ન પહોંચે. તેણે બજારમાં તેના વિકલ્પ શોધ્યા, પરંતુ ઓફિસ લઈ જવાય તેવી બેગમાં ખાસ વિકલ્પ મળ્યા નહીં. આ દરમિયાન તેને પ્લાન્ટ લેધર વિશે ખબર પડી અને તેના નમૂના મંગાવ્યા. તેને એવો અંદાજ નહોતો કે ઑફિસે લઈ જવાની પોતાની બેગનું તૂટેલું હેન્ડલ એને એક નવા વ્યવસાય તરફ દોરી જશે ! ગાયત્રી વરુણનો જન્મ ભારતમાં થયો હતો, પરંતુ માતા-પિતા સાથે નાનપણથી જ જુદા જુદા દેશો અને શહેરોમાં રહેવાનું બન્યું. બાર વર્ષની ઉંમરે માતા-પિતા સાથે મિડલ ઈસ્ટ ગઈ. ત્યાં ત્રણ વર્ષ રહ્યા પછી ભારત આવી અને પિલાનીની રેસિડેન્શિયલ સ્કૂલમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ માતા-પિતા ઝિમ્બાબ્વે હોવાથી ત્યાં જઈને અભ્યાસ પૂરો કર્યો. ૨૦૧૪માં પૂણેની સિમ્બોયસિસમાંથી કાયદાનો અભ્યાસ કરીને એક કંપનીમાં લીગલ કાઉન્સેલ તરીકે કામ શરૂ કર્યું, પરંતુ તે છોડીને ફરી માતા-પિતા પાસે આફ્રિકા ગઈ. ૨૦૧૫માં યુગાન્ડામાં ક્લાઈમેટ ચેન્જ અને સસ્ટેનેબિલિટી સેન્ટરમાં કામ કરતી વ્યક્તિ સાથે તેની મુલાકાત થઈ. તેને આ કામ એટલું ગમી ગયું કે કાર્બન એટલે શું તે જાણવાથી શરૂઆત કરી અને ચાર વર્ષ સુધી યુગાન્ડા, રવાંડા, કેન્યા અને તાંઝાનિયામાં કામ કર્યું. તેને એમ લાગ્યું કે અનુભવની સાથે તેનો ઊંડો અભ્યાસ અને ડિગ્રી હોવા જોઈએ. તેથી તેણે બ્રિટનની યુનિવર્સિટી ઑફ લીડ્સમાંથી ક્લાઈમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી. ભારત આવીને આ ક્ષેત્રમાં કામ કરવા લાગી, પરંતુ હવે એને પ્લાન્ટ લેધરની બેગ બનાવવામાં રસ પડ્યો. તેથી સૌથી પહેલું કામ તેણે પોતાની કોર્પોરેટ ક્ષેત્રની નોકરી છોડી દીધી અને ૨૦૨૧માં ગ્રીન હર્મિટેજની સ્થાપના કરી. આ એક લક્ઝરી સસ્ટેનેબલ એક્સેસરીઝ બ્રાન્ડ છે, જે માત્ર પ્લાન્ટમાંથી બનેલા લેધરનો ઉપયોગ કરીને પર્સ, ટોટ બેગ જેવા ઉત્પાદનો બનાવે છે.

પ્લાન્ટ લેધર પર કોઈ એમ્બ્રોયડરી નથી કરતું. તેને એમ્બ્રોયડરી કરાવવાનો વિચાર આવ્યો, પરંતુ એમ્બ્રોયડરી કરતાં કાં તો મશીન બગડી જાય કે સોય તૂટી જાય તેવું બનવા લાગ્યું

પ્લાન્ટ લેધર પર સંશોધન કરતા ગાયત્રીએ કેકટસ, સફરજન, કેળાં અને અન્ય છોડમાંથી બનેલા નમૂના મેળવ્યાં. આ બધી સામગ્રીને ચકાસી. શરૂઆતમાં જે કારીગરો આવ્યા તેને આ પ્લાન્ટ લેધર સાથે કેવી રીતે કામ કરવું તે ફાવતું નહોતું. તેનું કટિંગ કરીને સિલાઈ કરવામાં મુશ્કેલી પડતી, પરંતુ પ્રથમવાર જ્યારે તેના દોરા, સાધનો અને સિલાઈ મશીનમાં સફળતા મળી, ત્યારે વર્કશોપમાં ડાન્સ પાર્ટી કરી. એવી જ ઘટના યાદ કરતાં તે કહે છે કે પ્લાન્ટ લેધર પર કોઈ એમ્બ્રોયડરી નથી કરતું. તેને એમ્બ્રોયડરી કરાવવાનો વિચાર આવ્યો, પરંતુ એમ્બ્રોયડરી કરતાં કાં તો મશીન બગડી જાય કે સોય તૂટી જાય તેવું બનવા લાગ્યું. એક દિવસ તેણે નક્કી કર્યું કે એમ્બ્રોયડરી કરવાનો વિચાર પડતો મૂકવો તે જ દિવસે કારીગરે તેમને સમાચાર આપ્યા કે આ લેધર પર એમ્બ્રોયડરી થઈ શકશે.

આઠ મહિના સુધી મટીરીયલ્સ, મેન્યુફેક્ચરિંગ યુનિટ ગોઠવવામાં ગયા. પ્લાન્ટ લેધર માટેના માપદંડોમાં એન્વાયરમેન્ટલ પેરામીટર્સ જોવામાં આવે છે. ત્યારબાદ લેબ રીપોર્ટ, પીટા પ્રૂવ વિગન સર્ટિફિકેટ અને ઓર્ગેનિક સર્ટિફિકેટ મેળવે છે. એ પછી એની કંપનીના એણે બાવીસ પેરામીટર્સ બનાવ્યા છે, જેમાં ભેજ, પાણી, કેમિકલ, ડીટરજન્ટ, અતિશય ગરમી, અતિશય ઠંડી પરિસ્થિતિમાં તે ટકી શકે છે કે કેમ તેની ડિઝાઈન બનાવવામાં આવે છે. મહિલાઓ અને પુરુષોના બેગની ડિઝાઈન તેની ઉપયોગિતાને આધારે નક્કી કરવામાં આવે છે. આ ડિઝાઈન મુખ્ય કારીગર પાસે જાય છે અને તેમાં ફેરફાર કરવાના હોય તો તે સૂચવ્યા પછી કટ આઉટ, સ્ટીચ, લાઈનિંગ, મેટલ પાર્ટ વગેરેથી બેગ તૈયાર કરવામાં આવે છે. બેગ તૈયાર કર્યા પછી ટેસ્ટિંગ માટે ટીમ પાસે જાય તે ત્રણથી છ મહિના વાપરે. ટ્રાવેલ માટેની, લેપટોપ માટેની, રોજેરોજ વાપરવાની બેગની ચકાસણી કરવામાં આવે છે અને તેના પર ક્લાઈમેટ ચેન્જની કોઈ અસર થાય છે કે નહીં તે ચકાસવામાં આવે છે.



ગાયત્રીને સૌથી મોટી મુશ્કેલી ગ્રાહકોને સમજાવવામાં પડે છે. વર્ષોથી પ્રાણીના ચામડામાંથી બનેલી વસ્તુઓ વાપરી હોવાથી તેમના મનમાં તે લેધર વધુ સારું હોવાની માન્યતા ઘર કરી ગઈ છે, પરંતુ આ પ્લાન્ટ લેધર થોડું મોંઘું છે, પણ પાંચ-દસ વર્ષ સુધી તે ટકી રહે છે. આજે પંચાણું ટકા મટીરીયલ ભારતમાંથી જ ખરીદે છે. વિશ્વમાં આજે ડારમિલાનો, નાપાડોરી અને માઇકલ કોર્સ કોચ સારી બ્રાંડ તરીકે નામના ધરાવે છે, પરંતુ એના જેવી બ્રાંડ શા માટે બનાવવી ? લોકો ભારત આવે અને આ સસ્ટેનેબલ લક્ઝરી બ્રાંડ ખરીદે તેવી તેની ઇચ્છા છે. વેબસાઇટ અને અન્ય પ્લેટફોર્મ પર ઉપરાંત દિલ્હી-મુંબઈમાં તેના સ્ટોર પણ છે. એક સમયે તેની બીમારી અને ફંડિંગના અભાવે ગ્રીન હર્મિટેજને બંધ કરવાનો વિચાર કરેલો, પરંતુ આજે હવે મિડલ ઈસ્ટ, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર અને અમેરિકામાં પણ ઉપલબ્ધ છે. તેની કંપનીનો ઉદ્દેશ બધી પ્રક્રિયાને સો ટકા સસ્ટેનેબલ બનાવવાનો છે.

'પૂછપરછ'ની બારીમાં ડોકિયું

'પૂછપરછ' સામાજિક શબ્દ છે. પૂછવું અને તપાસવું એવા બે શબ્દોનો એ બન્યો છે એટલે દ્વન્દ્વ સમાસનું દ્રષ્ટાંત છે. માહિતી મેળવવા, માહિતી આપવા ઉપરાંત મન અને હૃદયનાં સંચલનો જાણવા માટે વાતચીત થતી હોય છે. મૂળ તો વ્યક્તિની ગડમથલ, ગડભાંજ અને જરૂરિયાતમાંથી જે વાક્વ્યવહાર જન્મે છે ત્યાંથી પૂછપરછની યાત્રા શરૂ થાય છે. 'પૂછતા નર પંડિત' જેવી કહેવતમાં પણ પૂછપરછનું મહત્ત્વ છે. પૂછપરછના અભાવમાં ઘણી સમસ્યાઓનો જન્મ પણ થતો હોય છે. લગ્ન વિચ્છેદ, આપઘાત, ગેરસમજોના મૂળમાં પૂછપરછનો અભાવ જ હોય છે. કેવળ માહિતી મેળવીને પોતાનો માર્ગ સરળ બનાવવો દા.ત. દિલ્લી પહોંચવું છે કઈ ટ્રેઇનમાં જવું, ક્યા પ્લેટફોર્મ ઉપર જવું આ બધી માહિતી છે... ત્યાં શું જોવું, શું ખાવું બધા જ પ્રવાસો 'પૂછપરછ'ને સહારે થતાં હોય છે. માહિતી અને માર્ગ બંનેમાં તે સહાયક બને છે - તો તેનાથી ઊંચી ભૂમિકા શું વાંચવું? ક્યા ગુરુ કરવા? કેવી રીતે, ક્યાં સાધના કરવી? આ પૂછપરછમાં જીવનને શ્રેયસ્કર બનાવવાની ચાવી હોય છે. બંને અનિવાર્ય છે.

આજમાં ગઈકાલ

**ભગીરથ બ્રહ્મભટ

વિઝન-મિશનની સ્પષ્ટતા વિના કંપની અધૂરી

મેનેજમેન્ટ

ધવલ મહેતા

કોઈ અજાણ્યો મુસાફર તમને રસ્તો પૂછે અને તમે મુસાફરને પ્રશ્ન કરો કે તમારે ક્યા જવું છે? તમને એ જવાબ આપે કે મનેખબર નથી કે મારે ક્યા જવું છે તો તમે તેને એમ કહી શકો કે તમને ક્યાં જવું છે તેની ખબર નથી તો તમે અત્યારના ચાર કે પાંચ રસ્તામાંથી કોઈપણ રસ્તો લો અને તમે ત્યાં પહોંચી જશો. કોઈપણ નિશ્ચિત વિઝન અને મિશન ધરાવતી કંપની કે સામાજિક સંસ્થા વિષે પણ તે સાચું છે.

૧૯૬૦ના દાયકામા મેનેજમેન્ટના ક્ષેત્રમા સ્ટ્રેટેજીક (વ્યૂહાત્મક) મેનેજમેન્ટનો અભ્યાસ શરૂ થયો જેનો પ્રથમ નિષ્કિય કે નીચોડ એ હતો કે કોઈપણ કંપની કે સંસ્થા જે જડવત કામ કરતી હોય તેની દશા ઉપર વર્ણવેલા મુસાફર જેવી છે. સ્ટ્રેટેજીક મેનેજમેન્ટના સ્થાપક વિચારકોએ જણાવ્યું કે કોઈપણ કંપની કે સંસ્થા (રાજકીય, સામાજીક, આર્થિક કે સાંસ્કૃતિક સંસ્થા) તેના વિઝન અને મિશનને ઘડ્યા વિના અને તેને સાદી ભાષામાં રજૂ કર્યા વિના દિશાહીન બની જાય છે.

સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ તો મેનેજમેન્ટ અભ્યાસ ક્ષેત્રમા ઉદય થતા જગતની વિવિધ કંપનીઓએ પોતાના વિઝન એન મિશનનો ખૂબ જ ટૂંકામાં ઘડવાનું નક્કી કર્યું. કંપનીઓના વિઝન લાંબાગાળાના હોય છે અને તેઓ તદ્દન ફોકસ્ડ હોય છે. કંપનીઓ કે સંસ્થાઓના મિશન તેઓના અસ્તિત્વનો મુળભૂત હેતુ હોય છે.

કંપનીઓના વિઝન અને મિશન

વિઝન એટલે લાંબાગાળામાં કંપની કે સંસ્થાને કે સરકાર અત્યારે ક્યાં છે અને ભવિષ્યમાં તેને ક્યાં પહોંચવું છે તેની સ્પષ્ટતા સમજણ. દા.ત. જો કોઈ દેશની વાત કરીએ તો એક સમયે બ્રિટન એક સામ્રાજ્યવાદી દેશ હતો. બ્રિટનને ઈસ્ટ ઈન્ડીયા કંપની તેમજ તેની અન્ય વ્યાપારી કંપનીઓ દ્વારા સમગ્ર દુનિયા પર રાજ કરવાની હતી તેમ કરવામાં તે મોટેભાગે સફળ પણ થયું પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી તેનું વિઝન તૂટી પડ્યું.

માર્ક્સનું વીઝન એ હતું કે સમગ્ર જગતમા સામ્યવાદી શાસન સ્થપાઈ જાય. અમેરીકાના ટ્રમ્પનું વીઝન એવું છે કે જગતના તમામ દેશો પર પ્રભુત્વ મેળવીને અમેરીકા પ્રત્યક્ષ નહી તો પરોક્ષ રીતે રાજ કરે. કોકોકોલા અને પેપ્સીકોલા એ બન્ને અમેરિકાની હરીફ કંપનીઓ છે. તેઓનું બન્નેનું વીઝન એ છે કે જગતભરમા તેઓ સોફ્ટ ડ્રીન્ક્સના બજારમા નંબર ૧ બની જાય.



કંપની કે સંસ્થાનું વિઝન નક્કી હોય તો તેની દિશા અસ્પષ્ટ રહે છે. મિશન નક્કી ન હોય તો કાર્યપદ્ધતિમાં અસ્પષ્ટ રહે છે

કંપનીઓના વિઝન : કંપનીઓના વિઝન અને મિશન ટૂંકાટચ હોય છે. તેમા રાજકારણના ક્ષેત્રમા જે થાય છે તેવો શબ્દાડંબર (રહેરોકી)ના ચાલે. તેઓ ટૂંકાટચ હોય છે નીચે કેટલીક કંપનીઓના વીઝન અને મીશનના સ્ટેટમેન્ટ્સ રજૂ કર્યા છે.

રાજકારણના ક્ષેત્રમા માર્ક્સનું વીઝન જગજાહેર છે. તે અંગ્રેજીમા નીચે પ્રમાણે છે. વર્ક્સ ઓફ ધ વર્લ્ડ યુનાઈટ, યુ હેવ નથીંગ ટુ લુઝબટ યોર ચેઈન્સ ગુજરાતીમા કહીએ તો જગતના શ્રમિકો, એક થાઓ તમારે તમારી બેડીઓ સિવાય કાંઈ ગુમાવવાનું નથી.

અમેરિકાની જનરલ ઈલેકટ્રીકંપની (જીઈ)નું વિઝન : અમે જે ધંધામા કામકરીશું તેમાં હંમેશા નંબર ૧ કે નંબર ૨ના સ્થાને જ રહીશું.

બ્રિટીશ એરવેઝનું વિઝન : જગતની એરલાઈન કંપનીઓમા શ્રેષ્ઠ એરલાઈન બનવું.

માઈક્રોસોફ્ટ કોર્પોરેશનનું વિઝન: ઊંચી ગુણવંત્તાવાળા સોફ્ટવેર દ્વારા લોકોને એમ્પાવર કરવા.

ભારતની સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીઆ કંપનીનું વીઝન : લોકો આદર કરે તેવી વર્લ્ડ ક્લાસ સ્ટીલ કંપની બનવું અને ગુણવત્તા અને નફાકારકતામાં અને ગ્રાહક સંતોષવા નંબરમાં લીડરશીપ મેળવવી.

વોલમાર્ટનું મિશન : અમેરિકાની છૂટક વ્યાપારી કંપની વોલમાર્ટ જે અમેરિકાની એક વિરાટ કદની કંપની છે. છૂટક વ્યાપારના બજારમા સૌથી ઓછા ભાવે ચીજવસ્તુઓ વેચવી અને ગ્રાહકોના પૈસાની બચત કરવી (એટલે કે તદ્દન ઓછી કિંમતે માલ વેચવાં) જેથી કરીને લોકો સારૂ જીવન જીવી શકે.

ગ્રીનપીસ સંસ્થાનું વિઝન- વાતાવરણ દુરૂપયોગને અટકાવવો અને વાતાવરણીય સમસ્યાઓને સુલઝાવવી. ઉપરના વિઝન સ્ટેટમેન્ટસથી સ્પષ્ટ થાય છે કે તેઓ કંપનીઓનો ટોપ મેનેજમેન્ટને કઇ દિશામા આગળ જવું તેનું સૂચન કરે છે.

કંપનીઓના મિશન: વિઝન એટલે લાંબાગાળાનું જોવું. તે કંપનીને ભવિષ્યનું દિશાસૂચન કરે છે. જ્યારે મિશન એટલે કંપનીનો મૂળભૂત હેતુ. દા.ત. હોસ્પીટલોનો મૂળભૂત હેતુ તેઓને દર્દીઓથી ભરી દેવાનો, પરંતુ દર્દીઓની સારવાર કરવાનો છે. સરકારનો હેતુ પોતાની સેવાના ક્ષેત્રોનો વધારો અને લાંબાગાળા સુધી ટકી રહેવાનો નથી પરંતુ તેનો હેતુ લોકકલ્યાણનો અને લોકોના જીવનની સુધારણાનો છે. સરકારનું તે મુખ્ય મીશન છે. મીશન એટલે લોકકલ્યાણ, લોકોની જરૂરિયાતો પૂરી પાડવી, લોકો માટે તમામ સવલતો વધારવી. દરેક વર્ષની જેમ દરેક કંપનીના પણ મીશન હોય છે. સ્ટ્રેટેજીક મેનેજમેન્ટના વિષય હવે કંપનીઓ પોતાના વીઝન અને મીશન સ્પષ્ટ કરે જેમાં પોતાની સીધ્ધીઓના બણગા ફૂંકવાની વાત ના કરે નીચે કેટલીક કંપનીઓના મીશન સ્ટેટમેન્ટસ રજૂ કર્યા છે.

વોલ્ટ ડીઝની : પ્રેક્ષકોને તદ્દન શુધ્ધ અને નિર્દોષ (ઈનોસન્ટ) મનોરંજન પૂરૂ પાડવું.

મેયોક્લીનીક (અમેરિકાની શ્રેષ્ઠ હોસ્પીટલની શ્રૃંખલા) : દરેક દર્દીને દરરોજ શ્રેષ્ઠ સારવાર આપવી.

જાપાનની સોની કંપનીનું મિશન : જાપાનની પ્રોડક્ટસ નબળી ગુણવત્તાવાળી હોય છે. તે માન્યતા દૂર કરવા જાપાનનું ઈમેજને બદલીને તેને સુધારવું. સોની કંપની જાપાનીઝ પ્રોડક્ટના નબળા ઈમેજને સુધારવા મીશનમાં ચમત્કારીક રીતે સફળ થઈ. આ કંપનીએ પોતાનું ના વિચાર્યું પણ પોતાના દેશ જાપાનનો વિચાર કર્યો અને જાપાનીસ ઈમેજની ચિંતા કરી.

કંપનીનું કે કોઈપણ સંસ્થાનું વીઝન અને મીશન એ બે જુદા વિચારો છે. કંપનીનું વીઝન એમ કહે છે કે અમે કોણ છીએ અને કઇ દીશામા આગળ વધી રહ્યા છે અને કયા કારણોસરને તે દીશામા આગળ વધી રહ્યા છે. જ્યારે કંપનીનું મીશન કંપનીનો ચાલુ ધંધો કયો છે અને તે ગ્રાહકોની કઈ જરૂરિયાતો પૂરી પાડે છે તેની લોકોને અને ખાસ કરીને ગ્રાહકોને જાણ કરે છે.

કંપનીઓ કે સંસ્થાઓ પોતાના ધંધાના મીશન અને વીઝન સ્પષ્ટ કર્યા પછી ધંધાના લક્ષ્યાંકો (ટાર્ગેટ્સ) નક્કી કરે છે અને તેને અનુસાર વ્યૂહરચનાનું ઘડતર કરે છે.

સત્કારની જિંદગી : પત્નીની કઠોરકૃપાનો કરુણ અંજામ!

કેમ છે, દોસ્ત

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

સત્કારે બારણું ખોલ્યું! આસક્તિ સામે જ ઊભી હતી. એનો ચહેરો જોતાં લાગતું હતું કે હજીયે એના મન પર અમાવાસ્યાના અંધકારનો પડછાયો છે. પૂરા બાર મહિના થયા એની મમ્મીના ઘરે ગયે, પણ હજી યે નવા વર્ષના સ્વાગત માટે એ તૈયાર નહોતી.

આસક્તિ વિષે માંડીને વાત કરવા જેવી છે, એટલા માટે નહીં કે એ સત્કારની પત્ની ઉર્ફે મિસિસ સત્કાર છે, પણ એટલા માટે કે આસક્તિ એ આસક્તિ છે... અનન્ય... અજોડ, બધાંથી સાવ અલગ પ્રકારના સ્વભાવની જિદ્દી સ્ત્રી.

સત્કાર પતિ તરીકે તેની નિંદા કરવા નથી માગતો, પણ દુનિયામાં કેટલાક લોકો એવાં હોય છે, જેને નથી પ્રેમથી જીતી શકાતા કે નથી ભય દેખાડીને. એવી વ્યક્તિ સાથે પળ ગુજારવાનુંય મુશ્કેલ બને તો પછી પ્રસન્ન દામ્પત્યના પાયા રચવાની તો વાત જ શી કરવી?

સત્કારનું દામ્પત્ય ચકડોળે ચઢેલું હતું તેનું મૂળ કારણ તેની મમ્મી તૃષાદેવી હતાં. મમ્મીની જીદે સત્કારના જીવનને એક નવો જ વળાંક આપ્યો અને તેના કારણે આસક્તિ સાથે સંસાર માંડવો પડ્યો. સત્કારના પડોશમાં રહેતી તોષા સાથે તેના લગ્નની વાત ચાલતી હતી. તોષા પાસે રૂપ હતું પણ અનોખી અદા નહોતી, નજાકત હતી પણ આધુનિકતા નહોતી, તોષા પાસે કશું જ નહોતું - સિવાય સાદગી અને ધીર ગંભીર સ્વભાવ. સત્કારને પણ તોષા પસંદ હતી. સત્કાર એની સાદગી પર જ ફિદા થઈ ગયો હતો.

સત્કારે જ્યારે તોષાને પસંદ કરી ત્યારે તેના મિત્રોને બહુ નવાઈ લાગી હતી. ત્યારે સત્કારે કહ્યું હતું : 'જીવનસંગિની અંગેના મારા ખ્યાલો તમારા કરતાં જરાક જુદા છે. હું નથી ઈચ્છતો કે મારી પત્ની રૂપનો સાગર હોય, વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં નિપુણ હોય કે છટાદાર ભાષણ આપવામાં કુશળ હોય... હું મહત્વ આપું છું જીવન પ્રત્યેના તેના ગાંભીર્યને, સાદગીને, સમર્પણને, એના મિતભાષીપણાને. તોષાએ મને પૂછ્યું હતું સત્કાર, મારી સાદગી તમને અને તમારા મમ્મી-પપ્પાને પસંદ તો પડશે ને? હું આનાથી વધુ મોડર્ન થવાનું કે રહેવાનું પસંદ નથી કરતી.' તોષાએ નતમસ્તકે આટલી જ વાત મારી સાથે કરી હતી. અને સત્કારે તોષાને પોતાની જીવનસંગિની બનાવવાનો નિર્ણય કરી લીધો હતો.

''તોષાના નસીબ આડેથી પાંદડું ખસી ગયું. એક ગરીબ ઘરની છોકરીને મારા રાજકુંવર જેવા દીકરાએ પસંદ કરી છે.'' એમ કહીને સત્કારના મમ્મી તૃષાદેવી ટોણાં મારતા હતાં. પણ તોષાના મમ્મી કે પપ્પા બધુ ચૂપચાપ સહન કરતાં હતાં.

એકવાર એવું બન્યું કે તોષાના



નાનાભાઈની વર્ષગાંઠને દિવસે સત્કારના મમ્મી તૃષાદેવીને જમવાનું નોતરું ન દેવાનું પાપ તોષાની મમ્મીથી જાણે-અજાણે થઈ ગયું અને તોષા સહિત તેના ઘરનાં તમામ લોકો તૃષાદેવીના બ્લેક લિસ્ટમાં મુકાઈ ગયા. બન્ને પરિવારો વચ્ચે શરૂ થયેલાં યુદ્ધનો સૌથી પહેલો શિકાર બની સત્કાર અને તોષાના લગ્નની વાત. સત્કારનો બધો જ આનંદ તૃષાદેવીએ છીનવી લીધો હતો.

''બેટા, છૂટાછેડાની વાત કરવાની જ નહીં, છેડો બાંધેલો રાખવાનો, પણ વર્તવાનું છૂટથી!'' દીકરીને મોડર્ન માતા વિશાખાદેવીની સલાહ

તૃષાદેવી ઘમંડ અને જીદની મૂર્તિ હતા પણ સત્કારના પપ્પા યશકુમાર તો લાગણીનો અવતાર હતા. યશકુમારથી સત્કારની ઉદાસી સહન નહોતી થતી! તેમણે સત્કારને બીજે લગ્ન કરવા સમજાવવાની બહુ કોશિશ કરી પણ સત્કાર એકનો બે ન થયો. અંતે મમ્મી તૃષાદેવીની જીદ ખાતર સત્કારે પોતાની જીદ છોડી દીધી... અને તૃષાદેવીની સહેલીની એકની એક દીકરી આસક્તિ સાથે લગ્ન કરવાની સમ્મતિ આપી દીધી. આસક્તિ સાથે લગ્નની સમ્મતિ એ સત્કારનો ઘોર પરાજ્ય હતો.

આસક્તિ સત્કારના જીવનમાં સહજ રીતે નહોતી આવી, તૃષાદેવી દ્વારા યોજનાબદ્ધ રીતે તેને લાવવામાં આવી હતી. આસક્તિ એ એક અમીર પરિવારની એકની એક દીકરી હતી. અતિશય લાડમાં ઉછરેલી આસક્તિનો સ્વભાવ વિચિત્ર હતો. તે ઘમંડી, જીદ્દી અને ઉદ્ધત સ્વભાવની હતી. છતાં તૃષાદેવીએ એક પ્લસ પોઈન્ટ જોયો હતો, કે તે અમીર પરિવારની દીકરી હતી એટલે પુષ્કળ દહેજ લઈને આવવાની હતી. લાલચુ તૃષાદેવીએ સત્કાર અને આસક્તિના લગ્ન ધામધૂમથી પતાવી દીધા.

આસક્તિએ સાસરે આવીને બે-ચાર દિવસમાં જ પોતાનું અસલી રૂપ બતાવવાનું ચાલુ કરી દીધું હતું. આસક્તિ બોલતી નહોતી, વિષબાણ છોડતી હતી. સત્કારના મમ્મી-પપ્પાને એ વૃદ્ધાશ્રમ કહેતી હતી. એનો એકેએક શબ્દ સત્કારના મમ્મી-પપ્પા માટે અસહ્ય થઈ ગયો હતો. અંતે કંટાળીને સત્કારના મમ્મી-પપ્પાને સત્કારથી અલગ થવાની ફરજ પડી હતી. તેમને મન સત્કાર એક પુત્ર તરીકે સાવ બદલાઈ ગયો હતો, 'જોરુકા ગુલામ' બની ગયો હતો. પણ સત્કારનું મન તો તમામ કલેશો કે આનંદથી પર થઈ ગયું હતું.

સત્કારના મમ્મી-પપ્પાના જુદા થયા પછી ઘરમાં આસક્તિનું એકચક્રી શાસન શરૂ થયું. એને આરામ એટલો બધો પ્રિય હતો કે ઘરે ભૂલચૂકે કોઈ મહેમાન આવે તો તે સત્કાર સાથે ભયંકર ઝઘડો કરતી. ભૂખી રહેવાનું એને મંજૂર હતું પણ બે સમય રસોઈ કરવા માટે એ તૈયાર નહોતી. સત્કાર જમીને નોકરીએ જાય કે ભૂખ્યો જાય આસક્તિને તેની સાથે કશી લેવા-દેવા નહોતી. હા, પોતાને ભૂખ લાગે તો એ ઓનલાઈન મોંઘોદાટ નાસ્તો મંગાવીને ખાઈ લેતી હતી. સત્કારે કમને મહારાજ અને નોકર રાખ્યા હતા, તેના ટૂંકા પગારમાં પોષાતું નહોતું હતું તો પણ.

ધીરે ધીરે આસક્તિનું મગજ પણ વિકૃત થવા માંડ્યું હતું. પડોશમાં રહેતી તોષા અને સત્કારના લગ્ન થવાના હતા એવી વાત તેને ખબર પડી એટલે ઘરમાં એણે તોફાન મચાવી દીધું હતું. આસક્તિ તોષાને ઘરે જઈને વારંવાર તેનું અપમાન કરતી હતી. અને સત્કાર તથા તોષાના આડા સંબંધોની વાત ઊપજાવી કાઢીને સત્કારને બહુ તંગ કરવાનું ચાલુ કરી દીધું હતું.

આસક્તિના વાક્બાણોથી વીંધાઈને ક્યારેક સત્કાર પણ પાકિસ્તાનની જેમ એની હેસિયત ભૂલીને યુદ્ધનાં નગારાં વગાડવાની ઘોષણા કરતો પણ આસક્તિ જાણતી હતી કે ભસતાં શ્વાન... આટલું ઓછું હોય તેમ આસક્તિ 'ન્યાય' માટે તેની માતા વિશાખાદેવીની અદાલતમાં ધા નાખે ત્યારે સત્કારનો ડ્રોઈંગરૂમ ન્યાયાલયખંડમાં ફેરવાઈ જતો હતો... વિશાખાદેવી પાસે પૂરતી અનુકૂળતા હતી, એકતરફી ફરિયાદ સાંભળવાની ઉલટતપાસ કરવાની અને જરૂર પડે તો રવિવાર પૂરો કરી, સોમ, મંગળ કે બુધ-ગુરુ સુધી તેમની અદાલત સતત ચાલુ રાખવાની.

અને એકતરફી માહિતી એકઠી કરીને વિશાખાદેવી સત્કાર પર તૂટી પડતા હતા. ''હવે, તમે ત્રીસ વર્ષના ઢાંઢા થયા સત્કારકુમાર લગ્ન થયા પછી પણ ચક્કર ચલાવો છો? તમારામાં અક્કલ ક્યારે આવશે?''ની ધ્રુવપંક્તિ સાથે સત્કારને રીઢો ગુનેગાર સમજીને જ ન્યાય તોળવાની પોતાની ગમતી ફરજ બજાવવાનું વિશાખાદેવી શરૂ કરી દેતા હતા.

અનુસંધાન પાનાનં ૦૬ પર

એઆઈ ટેકનોલોજીના કારણે હ્યુમનોઈડ રોબોટ્સનું માર્કેટ બૂસ્ટ થયું

સાઈન-ઈન

હર્ષ મેસવાણિયા

૧૯મી સદીના માનવીને રોબોટ્સની કલ્પના રોમાંચક લાગતી હતી. ૨૦મી સદીના માનવીને રોબોટ્સથી કૂતુહલ થતું હતું. ૨૧મી સદીના માનવી માટે રોબોટ્સ કલ્પના પણ નથી અને કૂતુહલ પણ નથી - આજે ડગલ ને પગલે રોબોટ્સની હાજરી છે.

ઓદ્યોગિક ક્રાંતિ પછી જ્યારે માણસે મશીનોથી દુનિયા ચાલતી હશે એવી કલ્પના કરી હતી તે અરસામાં જ રોબોટ્સની કલ્પના શરૂ થઈ હતી. ૧૯૨૦માં ચેક રિપબ્લિક કેરેલ કેપેકે સૌપ્રથમ રોબોટ શબ્દનો ઉપયોગ એક નાટકમાં કર્યો હતો. આઈઝેક આસિમોવે ૧૯૪૧માં રોબોટિક્સ શબ્દ આપ્યો. ને એ જ અરસામાં ઘણાં સંશોધકોએ રોબોટ્સ પર સંશોધનો આદર્યા હતા. એ રીતે ૧૯મી સદીની કલ્પનાએ ૨૦મી સદીમાં કૂતુહલનું સ્વરૂપ લીધું હતું.

આજે રોબોટ્સ આપણાં રોજિંદા જીવનનો અભિન્ન હિસ્સો છે. થોડા વર્ષો પહેલાં સમાચારોમાં રોબોટ્સની વાતો વાંચતા-સાંભળતા હતા, હવે આપણે આપણી આસપાસ ટેકનોલોજીની ઈવેન્ટ્સમાં હરતાં-ફરતાં રોબોટ્સ જોઈ શકીએ છીએ. તેની સાથે વાતો કરી શકીએ છીએ.

રોબોટિક્સની વ્યાખ્યા ખૂબ વિશાળ છે. રોબોટ્સ એટલે ઓટોમેટેડ પ્રોગ્રામ્ડ મશીન. આપણાં કામ-કાજમાં સરળતા લાવે અને આપણી હાડમારી ઓછી કરે એ તમામ મશીનો રોબોટ્સ છે એ તેની સરળ વ્યાખ્યા છે. આપણે જેને ખરેખર રોબોટ કહીએ છીએ એનો તો એમાં બહુ પછીથી સમાવેશ થયો. પહેલાં તો રોબોટ્સ એટલે ઓટોમેટેડ યંત્રો એવી વ્યાખ્યા હતી. રોબોટિક્સ જેને કહેવાય છે એમાં તો એક નાનકડાં મશીનનો પણ સમાવેશ થાય છે. ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં ખરેખર તો આજના રોબોટિક્સની ક્રાંતિ થઈ.

■■■

જગવિખ્યાત કાર ઉત્પાદક કંપની જનરલ મોટર્સમાં ૧૯૬૧માં યુનિમેટ નામના પ્રથમ રોબોટિક્સ મશીનને તૈનાત કરાયું એને પ્રથમ ઈન્ડસ્ટ્રિયલ રોબોટનો શ્રેય આપવામાં આવે છે. ઈન્ડસ્ટ્રિયલ રોબોટ્સની દુનિયા આજે બહુ મોટી છે. એક અંદાજ પ્રમાણે આજે દુનિયામાં ૪૫ લાખ ઈન્ડસ્ટ્રિયલ રોબોટ કાર્યરત છે. આ રોબોટના કારણે ઘણાં કામ સરળ બન્યાં છે. જોખમી કહેવાય એવા કામ પહેલાં માણસને કરવા પડતા હતા ને એમાં જીવનું જોખમ સર્જાતું હતું, પરંતુ હવે આ રોબોટિક્સ ક્રાંતિના કારણે એ કામ મશીન પાસેથી લઈ શકાય છે.

આ રોબોટિક્સ દુનિયા ૨૧મી સદીના બીજા દશકા પછી એકધારી વિકસી રહી છે. સફાઈ કરતાં, સર્જિકલ આસિસ્ટન્ટ્સ કે ડ્રોન કે વેરહાઉસમાં લોડિંગ કરતાં કે ઘરના કામમાં આવે એવા રોબોટ્સ તો ત્રણ કરોડથી વધુ હોવાની શક્યતા ઈન્ટરનેશનલ રોબોટિક્સ ફેડરેશન વ્યક્ત કરે છે. જેને ડોમેસ્ટિક રોબોટ્સ કહેવાય છે તેની ડિમાન્ડ ખૂબ વધી છે. ઘરેલું કામમાં મદદ કરતાં રોબોટ્સનું વેચાણ હવે આખી દુનિયામાં વધ્યું છે. દરેકે દરેક ક્ષેત્રમાં રોબોટ્સ ઉપયોગી થઈ રહ્યાં છે. બાંધકામથી માંડીને સફાઈ, હેલ્થકેરથી માંડીને ઘરકામ સુધીના ક્ષેત્રોમાં રોબોટ્સની માંગ વધી છે ને એમાં ઉમેરો થયો એઆઈ ટેકનોલોજીનો.

ટૂંકમાં, રોબોર્ટેએટલે ખાસ સોફ્ટવેરથી ચાલતા મશીનો. જેમાં રોબોટિક્સ આર્મ્સ કે ઓટોમેટેડ વાહન વગેરેનો સમાવેશ થાય છે, પરંતુ માનવશરીર જેવા દેખાતા રોબોટ્સને હ્યુમનોઈડ રોબોટ્સ કહેવાય છે. માણસની એક પ્રકારે નકલ કરતાં, માણસની જેમ ચાલતા, માણસ જેવું મસ્તક, હાથ, પગ, શરીર ધરાવતા રોબોટ્સ હ્યુમનોઈડ રોબોટ કહેવાય છે. દુનિયાનો પહેલો હ્યુમનોઈડ રોબોટ બનાવવાનો જશ જાપાનને મળે છે. ૧૯૭૩માં જાપાનની વાસેડા યુનિવર્સિટીએ બેવોટ-૧ નામનો રોબોટ બનાવ્યો હતો, એ સંપૂર્ણપણે માનવ જેવો દેખાતો હતો, પણ હા આજના આધુનિક હ્યુમનોઈડ રોબોટ્સની એની સાથે સરખામણીએ કરીએ તો એની ડિઝાઈન નબળી લાગે. હ્યુમનોઈડ રોબોટ્સનો જમાનો આવ્યો ૨૦૦૦ના દશકામાં. જાપાનની ઓટોમોબાઈલ ક્ષેત્રની જાણીતી કંપની હોન્ડાએ ઈ ને પી સીરિઝના જે હ્યુમનોઈડ રોબોટ્સ બનાવ્યા હતા તેણે નવો ચીલો પાડ્યો. તેને પ્રથમ ચાલતા રોબોટનું બહુમાન મળ્યું.

■■■

હ્યુમનોઈડ રોબોટ્સની દુનિયામાં હોંગકોંગની હાનસન રોબોટિક્સ કંપનીએ સોશિયલ રોબોટ બનાવીને નવા યુગની શરૂઆત કરી. એનું નામ હતું સોફિયા.



આ ફીમેલ રોબોટનો માત્ર આકાર નહીં, બાહ્ય દેખાવ પણ અદ્દલ માણસ જેવો હોવાથી રોબોટિક્સની દુનિયામાં નવું પ્રકરણ આલેખાયું હતું. સોફિયાના કારણે હ્યુમનોઈડ રોબોટિક્સમાં એક છોગું વધુ ઉમેરાયું હતું, જે ફરીથી રોબોટિક્સના વિશ્વને નવી દિશા આપનારું હતું. રોબોટિક્સમાં ઉમેરાયેલા એ છોગાનું નામ હતું - એઆઈ.

એઆઈ ટેકનોલોજી સાથે હ્યુમનોઈડ રોબોટ્સનો સંગમ થતાં એ એઆઈ હ્યુમનોઈડ રોબોટ બને છે. હ્યુમનોઈડ રોબોટ્સ જે તે પ્રોગ્રામિંગ પ્રમાણે કામ કરે છે. જેને આપણે સાદી ભાષામાં ચિંધ્યું કામ કરતો રોબોટ કહી શકીએ. એઆઈ રોબોટ્સ ચિંધ્યાં સિવાયના કામો જાતે પણ કરે છે એટલે આ પ્રકારના રોબોટ્સનો યુગ આવી ગયો છે. હ્યુમનોઈડ રોબોટ્સનું સંચાલન માણસના માધ્યમથી થતું હતું, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે રોબોટ્સ પ્રોગ્રામિંગ પ્રમાણે કામ કરી આપે છે. એ સોફ્ટવેર આધારિત હોવાથી એના સંચાલન માટે માણસની જરૂર માત્ર એને કમાન્ડ આપવા પૂરતી જ સીમિત છે. એકવાર કમાન્ડ આપ્યા પછી રોબોટ એમાં ડિઝાઈન થયેલા પ્રોગ્રામ મુજબ સોંપેલું કામ તો કરી જ બતાવે છે, પરંતુ વળતી ક્રિયા સામે પ્રતિક્રિયા પણ આપી શકે છે.

સર્જિકલ રોબોટ્સથી લઈને સુરક્ષાતંત્રને મદદરૂપ બને એવા એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સની ડિમાન્ડ આ વર્ષે પાંચ ગણી વધી ગઈ છે

એના જ કારણે વિવિધ ક્ષેત્રમાં કામ કરતા રોબોટ્સ વધતા જાય છે. અલગ અલગ પ્રકારે ડિઝાઈન કરેલા રોબોટ્સ જુદાં જુદાં ક્ષેત્રમાં કામ કરે છે. જેમ કે, ચીનની ન્યૂઝ એજન્સી શિન્હુઆએ રોબોટ ડિઝાઈન કરીને તેની પાસેથી ન્યૂઝ રીડિંગનું કામ કરાવ્યું. સર્જિકલ રોબોટ્સ પણ હવે ઓપરેશનમાં મદદરૂપ બનતા થયા છે. તે એટલે સુધી કે ઓપરેશનના પરીક્ષણો પણ એની કામગીરી આશ્ચર્યજનક રીતે સફળ છે. દુનિયા આખીમાં નર્સિંગ સ્ટાફની અછત છે ત્યારે આવા ખાસ એઆઈથી ડિઝાઈન કરેલા રોબોટ્સ ઉપયોગી થશે.

અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોના પોલીસ વિભાગ પાસે ૧૭ રોબોટ છે, જે ખાસ પોલીસની કામગીરીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન થયા છે. બોમ્બ સ્કવોડ જેવી જોખમી કામગીરી આ રોબોટ કરી શકે તેમ છે. દિલ્હીમાં ફાયર ફાઈટર્સ વિભાગમાં બે રોબોટ તૈનાત થયા છે. આગની ઘટનાઓ વખતે રોબોટ્સ જોખમી કામ કરે તો ફાયર ફાઈટર્સે પર તોળાતું જોખમ ઓછું કરી શકાય. દુનિયાભરમાં આવા જોખમી કામો હવે એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સને સોંપવામાં આવે છે. ભારત, અમેરિકા જેવા ઘણાં દેશોમાં શિક્ષણમાં એઆઈ રોબોટ્સના પ્રયોગો થયા છે અને તે ભવિષ્યમાં શિક્ષકોની કમીને પહોંચી વળવામાં બેહદ મદદરૂપ બનશે. એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સના પ્રયોગો તો એટલા સફળ થઈ રહ્યા છે કે ઘણી કંપનીઓને એના રોકાણમાં ફાયદો દેખાઈ રહ્યો છે.

■■■

કેલિફોર્નિયાની રોબોટિક્સ કંપની ફિગર એઆઈએ હેલિક્સ-૦૨ નામનું મોડલ બનાવ્યું છે એણે તો આઠ કલાકની શિફ્ટમાં એકેય બ્રેક વગર એટલું કામ કરી બતાવ્યું કે તેનાથી ભવિષ્યમાં સેંકડો કામદારો બેકાર બનશે એવી ભીતિ વ્યક્ત થવા માંડી છે. ચીનમાં તો હવે રોબોટ્સની હરાજી માટેના શોપિંગ ફેસ્ટિવલ્સ યોજાવા લાગ્યા છે. તે એટલે સુધી કે ચીનના લશ્કરમાં એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સની આખી બટાલિયન બનાવવાની કવાયત શરૂ કરી દીધી છે. ઘણી દુર્ગમ સરહદે માણસોને તૈનાત કરવાનું કપરું બન્યું છે ત્યારે ચીન આ હ્યુમનોઈડ રોબોટ્સને તૈનાત કરીને જોખમ ઘટાડશે. ■

દુનિયામાં દરરોજ ૫૦થી વધુ હ્યુમનોઈડ રોબોટ્સનું પ્રોડક્શન

અત્યારે અંદાજ એવો છે કે દુનિયામાં વર્ષે ૨૦ હજારથી વધુ એઆઈ હ્યુમનોઈડ રોબોટ વેચાઈ રહ્યા છે. ૨૦૨૨માં એઆઈ ચેટબોટ ચેટજીપીટી લોંચ થયા પછી એઆઈનો યુગ શરૂ થયો. એ પહેલાં જ એઆઈના પ્રયોગો તો સફળ થયા જ હતા ને સોફિયાને દુનિયાની પ્રથમ એઆઈ હ્યુમનોઈડ રોબોટ કહેવાય છે, પરંતુ ૨૦૨૪ પછી ડિઝાઈનર એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. તેના પરિણામે એક અંદાજ એવો છે કે ૨૦૨૮ સુધીમાં વર્ષે એક લાખ એઆઈ હ્યુમનોઈડ રોબોટ વેચાતા થઈ જશે ને ૨૦૩૦ સુધીમાં આ આંકડો વધીને ૧૦ લાખે પહોંચે તો પણ નવાઈ નહીં રહે. પ્રતિષ્ઠિત બિઝનેસ સામયિક ફોર્બ્સ તો એવો અંદાજ વ્યક્ત કરે છે કે ૨૦૩૫ સુધીમાં દર વર્ષે ૨૫ લાખ એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સ વેચાતા હશે.



અત્યારે એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સનું માર્કેટ ત્રણ અબજ ડોલરથી વધારે નથી. એક જ વર્ષમાં, ૨૦૨૭ના અંતે આ બિઝનેસ છ અબજ ડોલરને પાર પહોંચી જશે. એઆઈ હ્યુમનોઈડ રોબોટ્સની વૈશ્વિક માંગ કેટલી વધવાની હશે તેનો અંદાજ એ વાતે આવે કે ૨૦૩૦-૩૨ના ગાળામાં એનો વાર્ષિક વેપાર ૩૮ અબજ ડોલર થઈ જશે.

ટૂંકમાં આપણે જે એઆઈ રોબોટ્સના આશ્ચર્યજનક પરાક્રમો સાંભળીએ છે એ આગામી પાંચ વર્ષમાં અનેક ગણા થઈ જશે. તેની માનવજીવન પર કેટલી અસર થશે એ અત્યારે કલ્પનાનો વિષય છે.

ગુજરાત સમાચાર
રવિપૂર્તિ

રવિવાર
૨૯-૧૧-૨૦૨૬

www.gujaratsamachar.com

feedback : gsreaders@gmail.com

ટેકનોવર્લ્ડ



વોટ્સએપમાં ગ્રૂપ, ચેટ, બેકઅપ વગેરે બધી બાબતે નવી સગવડો ઉમેરાઈ

વોટ્સએપમાં ફરી નવાં ફીચર્સ

બારેક વર્ષ પહેલાં, વર્ષ ૨૦૧૪માં મેટા કંપનીએ લગભગ ૧૯ અબજ ડોલરની તોતિંગ કિંમતે વોટ્સએપ સર્વિસ ખરીદી લીધી. ત્યાં સુધી વોટ્સએપનું બધું ફોકસ ખરેખરા મિત્રો-સ્વજનો વચ્ચે લાઇવ ટચ જાળવી રાખવાનું હતું. એકદમ સાદી ને સરળ રીતે.

પછી મેટાને તેના રોકાણનું વળતર મેળવવાની ઉતાવળ જાગી. વોટ્સએપના બે સ્થાપક મિત્રો જેન કોઉમ અને બ્રાયન એક્ટન, મેટાના ટેકઓવર પછી મેટા સાથે જોડાયેલા હતા, પણ વોટ્સએપની સિમ્પ્લિસિટી મરી પરવારતી જોઇને બંને મિત્રોએ વારાફરતી મેટાનો સાથ છોડી દીધો. બંનેમાંથી બ્રાયન એક્ટને વોટ્સએપ જેવી, પણ વધુ સલામત સિગ્નલ મેસેજિંગ સર્વિસની સ્થાપના કરી.

પરંતુ આપણે સૌ વોટ્સએપ સાથે જોડાયેલા રહ્યા! હવે મેટા કંપની વોટ્સએપમાંથી કમાણીના નીતનવા રસ્તા શોધી રહી છે. વોટ્સએપની સરળતા ખોવાઈ ગઈ છે, ત્યાં તેમાં હજી ઘણાં નવાં ફીચર્સ ઉમેરાયાં છે!

એક સમયે વોટ્સએપ ખરા અર્થમાં માત્ર ફેમિલી એપ હતી. દાદા-દાદી ને નાના-નાની પણ સહેલાઈથી વાપરે એવી એપ.

મેટાએ તેને ખરીદી લીધા પછી, કમાણી શોધવાની શરૂઆત કરી. સામે યૂઝર્સ નારાજ ન થાય એટલે તેમને વિવિધ ફીચર્સ આપ્યાં.

હવે થયું છે એવું કે વોટ્સએપનો દિવસરાત ઉપયોગ કરતા લોકો પણ તેમાં ફીચર્સની ભરમારથી ગૂંચવાઈ રહ્યા છે!

એક વાર જોયા પછી ગાયબ થાય એવા ટેક્સ્ટ મેસેજિસ મોકલી શકાશે



તમે જાણતા જ હશો કે વોટ્સએપમાં હવે આપણે 'વ્યૂ વન્સ' સેટિંગ સાથે અન્ય લોકોને કોઇ ઇમેજ, વીડિયો કે વોઇસ મેસેજિસ મોકલી શકીએ છીએ. સામેની વ્યક્તિ એ મેસેજને એક વાર ઓપન કરીને જોઇ-સાંભળી શકે, બીજી વાર નહીં.

આ જ સુવિધા હવે ટેકસ્ટ મેસેજિસમાં મળવામાં છે. આ ફીચરની મદદથી આપણે કોઈ વ્યક્તિ કે ગ્રૂપમાં ટેકસ્ટ મેસેજ એક ચોક્કસ રીતે મોકલી શકીશું, જેને કારણે સામેની વ્યક્તિ એ મેસેજ વાંચી લે તે પછી આપણો મેસેજ આપોઆપ ગાયબ થશે. એવી પણ શક્યતા છે કે સામેની વ્યક્તિ આ રીતે મોકલેલા ટેકસ્ટ મેસેજની કોપી કરી શકશે નહીં કે તેનો સ્ક્રીનશોટ પણ લઈ શકશે નહીં.

આવા મેસેજને ફોરવર્ડ પણ કરી શકાશે નહીં. જોકે દેખીતું છે કે સામેની વ્યક્તિ ધારે તો એ મેસેજ ઓપન હોય ત્યારે બીજા ફોનથી ફોનના સ્ક્રીનનો ફોટોગ્રાફ લઈ શકે છે.

અત્યારે આ ફીચરનો લાભ કેટલાક બીટા ટેસ્ટરને મળવા લાગ્યો છે.

આ પ્રકારના 'વ્યૂ વન્સ' પ્રકારના ટેકસ્ટ મેસેજ મોકલવા માટે આપણે મેસેજ ટાઇપ કર્યા પછી 'સેન્ડ' બટન જરા લાંબો સમય પ્રેસ કરી રાખવું પડશે. આથી 'વ્યૂ વન્સ' સેટિંગ ઓપન થશે. આ રીતે મોકલેલા મેસેજ સામેની વ્યક્તિને મળે ત્યારે તેઓ એ મેસેજ સીધેસીધો વાંચી નહીં શકે, મેસેજ ક્લિક કર્યા પછી જ તેને વાંચી શકાશે અને એ પછી જ્યારે ચેટ પેજ બંધ કરવામાં આવે ત્યારે મેસેજ આપોઆપ ડિલીટ થઈ જશે.

એક ગ્રૂપમાં ઉમેરી શકાતા સભ્યોની સંખ્યા હવે ૧૫૦૦ના આંકે પહોંચી



વોટ્સએપનો આપણે ફક્ત અંગત પરિવારજનો સાથે જ સંપર્કમાં રહેવા માટે ઉપયોગ કરતા હોઈએ, તો તેના ગ્રૂપમાં ફક્ત ૫૦-૧૦૦ મેમ્બર્સ ઉમેરવાની સુવિધા હોય તો પણ કામ ચાલી જાય. પરંતુ હવે તો વોટ્સએપનો જુદા જુદા અનેક હેતુ માટે ઉપયોગ થાય છે, આથી ગ્રૂપમાં મેમ્બર્સની મર્યાદા આપણને કાયમ ઓછી પડે તેમ છે.

વોટ્સએપમાં જ્યારે ગ્રૂપ બનાવવાનું ફીચર લોન્ચ થયું હતું ત્યારે તેમાં ખરેખર ફક્ત ૫૦ મેમ્બર્સ ઉમેરી શકાતા હતા! પછી ૨૦૧૪ના અંત ભાગમાં આ સંખ્યા વધારીને ૧૦૦ મેમ્બર્સની કરવામાં આવી. પછી ૨૦૧૬માં ૨૫૬, ૨૦૨૨માં ૫૧૨ કરવામાં આવી. છેવટે નવેમ્બર ૨૦૨૨થી આ સંખ્યા વધારીને ૧૦૨૪ની કરવામાં આવી.

હવે આ બાબતે વોટ્સએપ કંપની વધુ ઉદાર બની રહી છે. અલબત્ત, ગયા વખતની જેમ મેમ્બરની સંખ્યા સીધી બમણી કરવામાં આવી નથી. હવે આપણા ગ્રૂપમાં ૧૫૦૦ જેટલા મેમ્બર્સ સમાઈ શકશે.

આ વધારો તબક્કાવાર રોલઆઉટ થઈ રહ્યો છે. તમને એ મળવા લાગે પછી ગ્રૂપમાં વધુ મેમ્બર્સ ઉમેરવા માટે કોઈ અલગ સેટિંગ કરવાની જરૂર નહીં પડે, સંખ્યા સીધી જ વધારી શકાશે.

નવા ગ્રૂપ મેમ્બર સાથે નવી રીતે મેસેજ હિસ્ટ્રી શેર કરી શકાશે



અત્યારે વોટ્સએપમાં આપણે નવી વ્યક્તિને ગ્રૂપમાં ઉમેરીએ ત્યારે એડમિન ગ્રૂપના પાછલા કેટલાક મેસેજિસ એ વ્યક્તિ સાથે શેર કરી શકે છે. જેથી એ વ્યક્તિ ગ્રૂપમાં શી ચર્ચા ચાલી રહી છે તે સમજી શકે. હવે એક નવી સુવિધા આવી રહી છે એ મુજબ કોઈ નવી વ્યક્તિને ગ્રૂપમાં ઉમેરતી વખતે એડમિને ગ્રૂપની હિસ્ટ્રી તેની સાથે શેર ન કરી હોય તો પણ ગ્રૂપમાં સામેલ વ્યક્તિ સાથે ગમે ત્યારે પાછલા મેસેજિસ શેર કરી શકાશે.

વોટ્સએપ તરફથી જ ફ્રી ક્લાઉડ બેકઅપની સુવિધા મળશે



અત્યારે વોટ્સએપમાં આપણી ચેટ્સના બેકઅપની સુવિધા મુખ્યત્વે બે રીતે કામ કરે છે - એક, વોટ્સએપની સિસ્ટમ દરરોજ અડધી રાત્રે આપણી ચેટ્સનો બેકઅપ લે છે અને તેને આપણા ફોનમાં જ સ્ટોર કરે છે. બીજી રીતમાં, આપણે પોતાની ચેટ્સનો પોતાના ક્લાઉડ એકાઉન્ટમાં બેકઅપ લઈ શકીએ છીએ. એન્ડ્રોઇડના કિસ્સામાં ગૂગલ ડ્રાઇવ અને આઇફોનના કિસ્સામાં એપલના આઇક્લાઉડ એકાઉન્ટમાં આ રીતે આપણે ઇચ્છીએ ત્યારે અથવા નિયમિત રીતે દરરોજ, દર અઠવાડિયે, દર મહિને એક વાર બેકઅપ લેવાય તેવું સેટિંગ કરી શકાય. આ બેકઅપ આપણે ઇચ્છીએ ત્યારે જ અથવા ક્યારેય ન લેવાય એવું સેટિંગ પણ કરી શકાય છે. પરંતુ આવા ક્લાઉડ બેકઅપના કિસ્સામાં આપણે પોતાના ગૂગલ કે એપલ એકાઉન્ટની સ્ટોરેજનો ઉપયોગ કરવો પડે છે.

હવે વોટ્સએપ પોતે, યૂઝર્સને વોટ્સએપની સિસ્ટમમાં જ ક્લાઉડ બેકઅપ લેવાની સગવડ આપશે. આ માટે, ફ્રી પ્લાનમાં ૨ જીબી સુધીની સ્પેસ મળશે. એ પછી, મેટાના પેઇડ પ્લાન સાથે ૧૦૦ જીબી કે ૪ ટીબી સુધીની સ્પેસ પણ ખરીદી શકાશે. આપણે વોટ્સએપના સેટિંગ્સમાં, ચેટ્સ અને તેમાં ચેટ બેકઅપમાં જઈને આ સુવિધાનો લાભ લઈ શકીશું.

આ ફીચર એન્ડ્રોઇડ અને આઇફોન બંનેમાં રોલઆઉટ થઈ રહ્યું છે.

આપણા ઉલ્લેખ અને રિપ્લાય વિશે એક અલગ ફિલ્ટર મળશે



વોટ્સએપમાં આપણે 'એટ' (@) નિશાની સાથે કોઈનું નામ ઉમેરીને મેસેજ મોકલી શકીએ છીએ. એ કારણે એ વ્યક્તિ જાણી શકે છે કે ગ્રૂપમાં તેમના ઉલ્લેખ સાથે કોઈ મેસેજ ઉમેરાયો છે. હવે વોટ્સએપમાં આવા આપણા વ્યક્તિગત ઉલ્લેખ જાણવાનું વધુ સહેલું બનશે.

અત્યારે ચેટ પેજ પર મથાળે મેસેજને ફિલ્ટર કરવાની અલગ અલગ ટેબ્સ જોવા મળે છે. તેમાં 'મેન્શન્સ એન્ડ રિપ્લાઇઝ' નામે એક નવું ટેબ ઉમેરાશે. તેમાં વિવિધ ગ્રૂપ્સમાં આપણે માટે ઉમેરાયેલા ઉલ્લેખ આપણે એક સાથે જાણી શકીશું.

મેસેજમાંની ટેક્સ્ટ પર વિવિધ પ્રકારનાં એક્શન લઈ શકાશે

માની લો કે આપણા પર આવેલા કોઈ વોટ્સએપ મેસેજમાં કોઈ વ્યક્તિએ પોતાનો ફોન નંબર, એડ્રેસ કે ઈમેઇલ એડ્રેસ જેવી વિગતો મોકલી છે. હવે વોટ્સએપમાં ઉમેરાયેલા નવા ફીચરને કારણે વોટ્સએપની સિસ્ટમ મેસેજમાંની આ વિગતો ઓળખી લેશે અને તેના પર એકશન લઈ શકાય તેવા શોર્ટકટ્સ ઉમેરશે.



આ સુવિધા ઇનકમિંગ અને આઉટગોઇંગ બંને પ્રકારના મેસેજમાં લાગુ થશે. વોટ્સએપના મેસેજમાં એકશન શોર્ટકટ્સ સામેલ હોય તેવી ટેકસ્ટ નીચે ડોટેડ અન્ડરલાઇન જોવા મળશે.

આપણે તેના પર ક્લિક કરીએ તો એક પોપ-અપ ખુલશે અને ટેકસ્ટ મુજબ લઈ શકાય તેવાં એક્શનના શોર્ટકટ્સ જોવા મળશે. જેમ કે મેસેજમાં કોઈ ફોન નંબર સામેલ હોય તો તે ડોટેડ અન્ડરલાઇનથી અલગ પડશે. આપણે તેને ક્લિક કરીને એ નંબરને કોપી કરી શકીશું, કોન્ટેક્ટ્સમાં ઉમેરી શકીશું, તેને કોલ કરી શકીશું કે એ બિઝનેસ ફોન નંબર હોય તો તેની વિગતો જાણી શકીશું. તારીખવાળી વિગતો કેલેન્ડરમાં ઉમેરી શકાશે.

એ જ રીતે કોઈએ આપણને એડ્રેસ મોકલ્યું હોય તો તેને ક્લિક કરીને મેપ એપમાં ઓપન કરી શકાશે. આમાંથી કેટલાંક એકશનનો લાભ અગાઉ પણ વોટ્સએપમાં મળવા લાગ્યો હતો, હવે આવી એકશનેબલ ટેકસ્ટ ઓળખવી વધુ સહેલી બનાવવામાં આવી રહી છે.

જે તે ક્ષણની ઇમેજ કે વીડિયો કેપ્ચર કરી તરત શેર કરી શકાશે

વોટ્સએપમાં ટૂંક સમયમાં આપણને 'ઝેપ્સ' નામનું એક નવું ફીચર મળશે. તેની મદદથી આપણે જે તે સમયના ફોટો કે વીડિયો કેપ્ચર કરીને તેને અન્ય લોકો સાથે શેર કરી શકીશું.

આ ફીચર ડેવલપમેન્ટ સ્ટેજમાં હતું ત્યારે તેને 'ઇન્સ્ટન્ટ્સ' નામ આપવામાં આવ્યું હતું, પરંતુ હવે તે 'ઝેપ્સ' તરીકે ઓળખાશે.



આ 'ઝેપ્સ' ફીચરનો કન્સેપ્ટ અન્ય સોશિયલ મીડિયામાં મળતી અનએડિટેડ અને ઓરિજનલ ફોટો-વીડિયો શેર કરવાની સગવડ જેવો જ છે. આપણે વોટ્સએપમાં વીજળીના ઝબકારા જેવો કેમેરા આઇકન ક્લિક કરીને કેમેરા ઓપન કરીએ ત્યારે ફોનની ગેલેરીમાંથી કંઈ પણ અપલોડ કરવાનો વિકલ્પ મળશે નહીં. તેને બદલે, આપણે જે તે ક્ષણે કેમેરાથી નવો ફોટો કે વીડિયો કેપ્ચર કરીને ફક્ત તેને જ શેર કરી શકીશું.

આ રીતે આપણે શેર કરેલ 'ઝેપ્સ' સામેની વ્યક્તિ જોઇ લે તે પછી એ ફોટો કે વીડિયો તેમના વ્યૂમાંથી ગાયબ થઈ જશે. અલબત્ત ઝેપ મોકલનાર વ્યક્તિ પોતે પોતાની ચેટ હિસ્ટ્રીમાં તેને જોઈ શકશે.

આપણે એકથી વધુ ઝેપ્સ એક સાથે મોકલીએ ત્યારે વોટ્સએપ તેને બંડલ કરીને સામેની વ્યક્તિને મોકલશે. વોટ્સએપમાંના અન્ય મેસેજની જેમ 'ઝેપ' પણ એન્ડ-ટુ-એન્ડ એનક્રિપ્ટેડ રહેશે. અગાઉ એવી શક્યતા હતી કે 'ઝેપ' માત્ર એકમેકનો નંબર સેવ કર્યો હોય તેવા લોકો જ એકબીજાને મોકલી શકાશે. પરંતુ હવે એવી શક્યતા છે કે એકમેક સેવ કરેલા કોન્ટેક્ટ્સ ઉપરાંત, કોઈ પણ વ્યક્તિનો નંબર સેવ કરીને તેમને, કોઈ ગ્રૂપમાં તથા પબ્લિક ચેનલમાં પણ ઝેપ્સ મોકલી શકીશું.

અલબત્ત આ બિલકુલ નવું ફીચર છે અને હજી ડેવલપ થઈ રહ્યું છે. વોટ્સએપના બીટા યૂઝર્સને પણ તે ઉપલબ્ધ થયું નથી.

કોઈ ટાઇમ લિમિટ વિના, મહત્ત્વના મેસેજ પિન કરી શકાશે



વોટ્સએપમાં ગ્રૂપમાં આપણા પર કોઈ મહત્ત્વનો મેસેજ આવ્યો હોય કે આપણે પોતે કોઈ એવો મેસેજ ઉમેર્યો હોય જે આપણને લાગે કે ગ્રૂપના અન્ય મેમ્બર્સના ધ્યાનમાં સતત રહેવો જોઇએ તો એ કામ હવે સહેલું બનશે. આપણે ગ્રૂપમાંના મેસેજને પિન કરી શકીશું અને આવું પિનિંગ ટાઇમની કોઈ લિમિટ વિના કામ કરશે. આપણે ઇચ્છીએ તો મેસેજ ૨૪ કલાક કે સાત દિવસ પછી આપોઆપ અનપિન થાય એવું સેટિંગ કરી શકીશું. એવું ન કરીએ તો પિન કરેલો એ મેસેજ અનપિન કરવામાં ન આવે ત્યાં સુધી સતત ઉપર રહેશે.

પર્સનલ સ્ટેટસની જેમ, વિવિધ ગ્રૂપ્સ અને ચેનલમાં પણ સ્ટેટસની સુવિધા



વોટ્સએપમાં સ્ટેટસ બાબતે બે ફેરફાર થઈ રહ્યા છે. સૌથી પહેલાં, વોટ્સએપમાંની ચેનલના એડમિન તેમની ચેનલ માટે પણ અલગ સ્ટેટસ પોસ્ટ કરી શકે છે. આપણે અન્ય લોકોનાં સ્ટેટસ સાથે જ આવાં ચેનલનાં સ્ટેટસ પણ જોઈ શકીશું. અત્યારે ઘણા ચેનલ એડમિનને આ ફીચરનો લાભ મળવા લાગ્યો છે.

એ સાથે વોટ્સએપમાં 'ગ્રૂપ સ્ટેટસ' નામે એક નવું ફીચર આવી રહ્યું છે. નામ મુજબ આ ફીચરની મદદથી આપણે કોઈ ચોક્કસ ગ્રૂપના સભ્યો જ જોઈ શકે એ રીતે વોટ્સએપમાં સ્ટેટસ અપડેટ્સ શેર કરી શકીશું. અન્ય સ્ટેટસની જેમ આ ગ્રૂપ સ્ટેટસ પણ ૨૪ કલાક પછી ગાયબ થશે.

આપણે ગ્રૂપના મેમ્બર્સ સાથે સ્ટેટસ શેર કર્યું હોય તે લોકો આપણું સ્ટેટસ જોઈને તેના પર કોઈ પ્રતિસાદ આપી શકશે કે તેને લાઇક કરી શકશે.

એક ખાસ પહેલ, આપને માટે!



ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!

પ્રશ્ન-૧. અત્યારે નીચેનામાંથી શામાં વોટ્સએપ ચેટનો ઓટોમેટિક બેકઅપ લઈ શકાતો નથી?
(૧) ગૂગલ ડ્રાઇવ (૨) વનડ્રાઇવ (૩) આઇક્લાઉડ

પ્રશ્ન-૨. વોટ્સએપના નવા ફીચર 'ઝેપ્સ'ને અગાઉ શું નામ અપાયું હતું? (૧) ઇન્સ્ટન્ટ્સ (૨) ક્વિકીઝ (૩) સ્નેપશોટ્સ

પ્રશ્ન-૩. વોટ્સએપમાં ગ્રૂપમાં મેમ્બર્સની સંખ્યા ૫૧૨થી વધારીને ક્યા વર્ષમાં ૧૦૨૪ કરવામાં આવી?
(૧) ૨૦૧૬માં (૨) ૨૦૧૮માં (૩) ૨૦૨૨માં

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૨૨-૧૧-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

શીતલબેન ધુડાશિયા, હરસુખભાઈ જે. કાલરિયા, અભય ઘોડાસરા

તા. ૨૨-૧૧-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. એન્ડ્રોઇડની 'ડિજિટલ વેલબીઇંગ' જેવી એપલની સર્વિસનું નામ શું છે? - સ્ક્રીન ટાઇમ

પ્રશ્ન-૨. હજી હમણાં સુધી ગૂગલનું 'પોઝ પોઇન્ટ' ફીચર કયા ફોનની સીરિઝમાં જ ઉપલબ્ધ હતું? - પિક્સેલ ૧૧

પ્રશ્ન-૩. 'મિશલીન સ્ટાર રેટિંગ સિસ્ટમ'ની શરૂઆત કયા દેશથી થઈ? - ફ્રાન્સ

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા ૧૫ દિવસમાં આ સરનામેથી મેળવી લેશોઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ (સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.



ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

સોશિયલ મીડિયામાં સ્વાસ્થ્યના ખોટા દાવા બદલ દંડ થશે

પાછલા કેટલાક સમયથી મહારાષ્ટ્રનો ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) વિભાગ ખાસ્સો સક્રિય થઈ ગયો છે. એફડીએના કમિશ્નર તુકારામ મુંઢે સમગ્ર રાજ્યમાં ફૂડ સંબંધિત કાયદાઓના પાલન બાબતે એકદમ કઠોર વલણ અપનાવી રહ્યા છે.

વિવિધ રેસ્ટોરાં પર તવાઈ પછી હવે તેમણે પોતાનું નિશાન સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુએન્સર્સ પર સાધ્યું છે.

આપણા સૌનો અનુભવ છે કે સોશિયલ મીડિયા પર સ્વાસ્થ્ય સંબંધિત દવાઓ અને નુસ્ખાઓની બેફામ દાવાબાજી ચાલતી હોય છે. અનેક લોકો કશું સમજ્યા વિચાર્યા વિના આવી પોસ્ટ્સનું આંધળું અનુકરણ પણ કરતા હોય છે. હવે કમ સે કમ મહારાષ્ટ્રમાં સોશિયલ મીડિયા પર આવી સ્વાસ્થ્ય સંબંધિત બાબતો એડ્સ તથા પોસ્ટ્સ પર અંકુશ આવે તેવી શક્યતા છે.



એફડીએ અનુસાર, ઇન્ટરનેટ પરની વિવિધ જાહેરાતો અને પોસ્ટ્સમાં વિવિધ રોગોની સારવાર કે હેલ્થ સપ્લિમેન્ટ તરીકે કે અમુક ચોક્કસ પ્રોડક્ટ્સની ડોકટર્સ ભલામણ કરે છે એવા દાવા કરવામાં આવે છે. જે ફૂડ સેફ્ટી સંબંધિત કાયદાઓનો ભંગ કરે છે. નિયમો અનુસાર સોશિયલ મીડિયા, ટીવી, ન્યૂઝ પેપર તથા અન્ય મીડિયામાં આવી જાહેરાતો આપી શકાતી નથી. એ કારણે આવી પ્રોડક્ટ્સને એન્ડોર્સ કરવાનું કે અનવેરિફાઇડ અથવા ગેરમાર્ગે દોરતા સ્વાસ્થ્ય સંબંધિત દાવાઓ કરવાનું ઇન્ફ્લ્યુઅન્સર્સે બંધ કરવું પડશે.

કાયદાઓ અનુસાર કોઈ પણ જિમ, ફિટનેસ સેન્ટર, ફાર્મસી અને મેડિકલ સ્ટોર્સમાં હેલ્થ સપ્લિમેન્ટ્સનું વેચાણ કરવા માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનું લાયસન્સ તથા રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે.

આ બધી જોગવાઈઓના ભંગ બદલ એફડીએ હવે કડક પગલાં લેશે અને રૂપિયા પાંચ લાખથી રૂપિયા દસ લાખ સુધીનો દંડ પણ કરશે.

અત્યાર સુધી સોશિયલ મીડિયા પર સ્વાસ્થ્ય સંબંધિત ગેરમાર્ગે દોરતી પોસ્ટ પ્રમોટ કરતા ઇન્ફ્લ્યુએન્સર્સ સામે મોટા ભાગે તેમની પોસ્ટ પરત ખેંચવા જેવાં હળવાં પગલાં લેવામાં આવતાં હતાં. હવે રૂપિયા દસ લાખ સુધીનો દંડ પણ થશે. સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુએન્સર્સ કોઈ બ્રાન્ડ પાસેથી પ્રમોશન માટે રૂપિયા લઈને એ બ્રાન્ડ જે કંઈ કહે તે પોતાની સોશિયલ પોસ્ટમાં બોલી નાખે એવું હવે ચાલશે નહીં. આવી પોસ્ટ માટે ઇન્ફ્લ્યુએન્સર્સ પોતે જવાબદાર બનશે.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

નિતેશ તિવારીની મેગાબ્લોકબસ્ટર રામાયણ ફિલ્મમાં વીએફએક્સથી આગળ આ અનોખી વાતો તમે જોઈ?

સ્પેક્ટ્રોમીટર

જય વસાવડા

૧૯ ૬૩માં રહસ્યકથાઓના એક ફિરંગી લેખક ફિલિપ મેકડોનાલ્ડે એક નવો શબ્દ આપ્યો. 'હાઉકેચેમ'. આ શબ્દ ક્રાઈમ થ્રીલરના જાણીતા પ્રકાર 'હુ ડન ઈટ'થી અવળો હતો. હુ ડન ઈટ મતલબ 'એ અપરાધ કોણે કર્યો?'. ટિપિકલ ડિટેકટીવ સ્ટોરી આજે પણ આ જ ટાઈપની હોય. છેલ્લે ગુનાખોરની ઓળખ છતી થાય. પણ આગાથા ક્રિસ્ટી અને જેમ્સ હેડલી ચેઝ સુધીના ધુરંધરો ક્યારેક એવી કથા પણ રચતા જે ઈન્વર્ટેડ ડિટેકટીવ સ્ટોરી હોય. મતલબ ખૂની કે અપરાધી કોણ છે એ પહેલા જ કહેવાઈ ગયું હોય. સસ્પેન્સ એ વાતનું હોય કે એને કેવી રીતે ઉકેલીને નાયક પકડશે ! જેમ કે, આપણી દ્રશ્યમ કે એ જેના પરથી બનેલી એ કિગો હિગાશીનોની જાપાનીઝ નોવેલ 'ડિવોશન ઓફ સસ્પેક્ટ એક્સ'. અથવા રામાયણ ફિલ્મની સ્ક્રિપ્ટ ડાયલોગ ડાયરેક્ટર નીતિશ તિવારી સાથે મળીને લખનાર શ્રીધર રાઘવનના ભાઈ શ્રીરામ રાઘવને બનાવેલી 'જોની ગદ્દાર'.

આ રામાયણની વાતમાં પરદેશી રહસ્યકથા ક્યાંથી આવી ગઈ એવું લાગતું હોય તો અહીં પણ મુદ્દો તો આ જ છે. રામાયણ તો ભારતના લોહીમાં રકતકણની જેમ વહે છે. જેના રોલ ભજવીને એન.ટી. રામારાવ જેવા જેવા દાયકાઓ પહેલા સીએમ થઈ ગયા. જેની દૂરદર્શનની સીરીયલ હજુ પણ લોકો ભૂલ્યા નથી, ને કોવિડમાં ફરી ટોચ પર આવી ગઈ. જેના પરથી ફિલ્મો સિરીયલો તો ઠીક રામલીલાઓ ગામેગામ ભજવતી રહે છે, જેના પાત્ર હનુમાનજીના ગામેગામ મંદિર છે, જેનું નામ ભજન તો ઠીક કોઈ ગુજરી જાય ત્યારે પણ અચૂક લેવાય ને બે ત્રણ પેઢી પહેલા તો હેલો હાઈ ને બદલે રામ રામ બોલાતું, જેને માટે ઓલમોસ્ટ હજાર જેટલી રામકથાઓ તો દેશ પરદેશમાં એકલા મોરારિબાપુએ કરી છે, જેના ઉદાહરણો રોજ અપાય છે, જેના મંદિરે ભારતનો રાજકીય સત્તાપલટો લાવી દીધો, જેના દરબારનાં ચિત્ર બંધારણમાં પણ છે અને જેની અવનવી કથાઓ ભારતની સરહદ પાર મુસ્લિમ દેશો સહિત હજુ જીવંત છે, જેના કારણે થાઈલેન્ડની જુની રાજધાનીનું નામ અયુધ્યા હતું. કમ્બોડિયાના મંદિરની દીવાલો પર એના શિલ્પો છે. જેના ગીત હજુ હનુમાન અંશ કે જય હનુમાન જેવી ફિલ્મોમાં ગવાય છે, જેના પરથી જાપાનમાં પણ એનિમેશન સિરીઝ યુગો સાકોએ દાયકાઓ પહેલા બનાવી....



આવી રામકથાને જુના જેવી નહિ, પણ જુનું સાચવીને નવા જેવી ગ્લોબલ કન્ટેન્ટ જીટીએ સિક્સ જેવો કન્ઝયુમ કરતી જનરેશન માટે બનાવવી ને સફળ કરવી એ જેવોતેવો પડકાર નથી. નિતેશ તિવારીની હવે તો રેકોર્ડતોડ બ્લોકબસ્ટર ફિલ્મ રામાયણ ધારેલું ને લખેલું એમ જંગી લોકપ્રિયતા સાથે આપણા પુરાતન વારસાના નૂતન પેકેજીંગનો ધ્વજ લહેરાવી રહી છે. ધુરંધર ફિલ્મમાં ડાયલોગ હતો કે ભારતના સૌથી મોટા દુશ્મન ભારતીયો છે, પાકિસ્તાનનો નંબર તો બીજો છે ! જી હા, ભારતમાં તો ફિલ્મ જોયા વગર જ એને વામાયણ ને રાવણાયણ કહીને હવનમાં હાડકા નાખતા અસુરો જામી પડ્યા હતા.



બાકી આથી પણ મોટા રેકોર્ડ સાથે ફિલ્મે દુનિયાનું ધ્યાન ખેંચ્યું હોત. પણ છતાં એટલી સુંદર ને સ્ટ્રોંગ ફિલ્મ હતી કે સામા પ્રવાહે તરી ગઈ અને પીએમ નરેન્દ્ર મોદીએ પણ નેપાળના વડાપ્રધાન સામે ભારતની રામાયણની કથા વિશ્વસ્તરે પહોંચવા માટે આનંદ પ્રગટ કર્યો ! હવે જે ખરા રસિયા છે એમણે જોઈ લીધી હશે ને બોલીવુડ બોયકોટિયા છે એમની પાસે તો કાવડિયા હોતા નથી જોવાના એટલે થોડીક માંડીને વાત કરીએ આ ફિલ્મ સિનેમા તરીકે આ વખતની ફેવરિટ ઓડિસી સામે કેમ સારી લાગી એની ! વીએફએક્સનું પિક ડિટેલિંગ ઘણાએ કર્યું. પણ આપણે પાત્રાલેખન ને વાર્તાની રજૂઆત તરફ ધ્યાન આપીએ.

■ ■ ■

'યે કૈસા ભાગ્ય હૈ લક્ષ્મણ? ક્યોં ચુના ગયા હૈ મુઝે, અપની માઁ કે હાથોં વનવાસ ભુગતને કે લિયે, અપને પિતાજી કે અંતિમ સમય મેં ઉનસે દૂર રહને કે લિયે, અપની પ્રિય સીતા કા હરણ દેખને કે લિયે ! અગર યહી મેરા ભાગ્ય હૈ, તો મુઝે યહ સ્વીકાર્ય નહીં હૈ। મેં આજ સે અપના ભાગ્ય સ્વયં લિખૂંગા। ધરાતલ પર, રસાતલ પર, જહાં કહી ભી લંકા હૈ, મેં ઉસે ઢૂંઢ નિકાલૂંગા. રાવણ તીનોં લોકોં કા સ્વામી હૈ, તો તીનોં લોકોં કે સમક્ષ ઉસકા વધ કરૂંગા। ઉસકે ભાઈ, ઉસકે પુત્ર ઔર ઉસકી સેના કિસી ને ભી મુઝે રોકને કા પ્રયાસ કિયા તો ઉન્હેં મારને મેં, મેં એક ક્ષણ ભી સંકોચ નહીં કરૂંગા। મેં અપની સીતા કો વાપસ લાઊંગા.'

રામાયણના આખરમાં આ દ્રશ્ય છે, એમાં જટાયુવાળા એક્શન સીનની જેમ માત્ર ચંદ સેકન્ડમાં જે રીતે રણબીર કપૂર પોતાના ચહેરાના ભાવ બદલે છે અને ભાવુક થતાં થતાં પોતાના ભીતરથી ક્રોધને બહાર લાવે છે, તે જોવા જેવું છે ! નવી રામાયણ પાર્ટ વનની

રાવણ કેમ વધુ હાઈલાઈટ થાય એવું લાગે છે? રામનાં સીનમાં કેવી બારીકી છે? જૂની જાણીતી ફિલ્મ ખામોશ રહીને શું નવું કહી દે છે?

સિનેમેટિક મજા એ પણ છે કે એ કમિંગ ઓફ ધ એજ સ્ટોરી તરીકે ઉઘડે છે. મતલબ મુખ્ય પાત્રો ટીનએજથી મેચ્યોર બને એનો માનસિક વિકાસ એમાં ઝીલાય છે. રાવણની બેકસ્ટોરી એટલે જ છે, પછી રામ આ સંવાદ બોલે ત્યારે એમનું પૂર્ણ ટ્રાન્સફોર્મેશન એક પૌરુષથી છલકતા વીર હીરોમાં થઈ ચૂક્યું છે, જેની વધુ ગાથા બીજા ભાગમાં આવશે. સીતાહરણ પછીના સિક્વન્સમાં જ્યારે રણબીર ખાલી આશ્રમમાં ઊભો રહે છે અને સીતા જ્યાં હતાં એ જગ્યાએ માત્ર લાગણીઓને ખુલ્લી રીતે વ્યક્ત કરવાની છૂટ મળે છે. ગુસ્સો, ક્રોધ, આક્રમકતા, જોરદાર અટ્ટહાસ્ય અને એક ખતરનાક અંદાજ, બધું જ બતાવવાની તક હોય છે. રામના પાત્રમાં એવું નથી. અહીં ઘણું બધું ચહેરાથી વ્યક્ત કરવાનું હોય છે. સૌથી પહેલાં એક એવો ચહેરો જોઈએ જેમાં નિર્દોષતા પણ હોય. પછી એવું વ્યક્તિત્વ જેમાં ગરિમા અને સૌમ્ય સ્થિરતા દેખાય. ચહેરા પર દયા હોય, કરુણા હોય, જરૂર પડવા પર ક્રોધ હોય અને સાથે જ સાહસ પણ દેખાય. રામના કિરદારમાં સંવાદો કરતાં વધુ ભાવોનું મહત્વ છે. બહુ બોલ્યા વિના પોતાના ચહેરા અને આંખોથી અભિનય કરવો કેટલો મુશ્કેલ છે, તે જાણવા સિનેમાની થોડી ઊંડી સમજ જોઈએ !

વિલન કે એન્ટાગોનિસ્ટનો કિરદાર હંમેશા વર્સેટાઈલ હોય છે કારણ કે એમાં એક્સપ્લોર કરવાની પૂરી ગુંજાઈશ રહે છે અને કેરેક્ટર બિલ્ડ અપથી લઈને રિડિમ્પશન કે રિવેન્જ આર્ક ડેવલપ કરવાનો પણ. હીરો મર્યાદા અને સામાજિક નિયમ-કાયદાથી બંધાયેલો હોય છે. પણ હીરોને વધુ મહાન બતાવવા માટે પહેલા વિલન એસ્ટાબ્લિશ કરવો પડે એ રાઈટિંગની બેઝિક ખૂબી છે. જસકિરતની દેશભક્તિ બીજા ભાગમાં આવી બાકી 'ધુરંધર'ના પહેલા ભાગમાં તો પાકિસ્તાની ત્રાસવાદી તરીકે અક્ષય ખન્નાનો રહેમાન ડકૈત જ હાઈલાઈટ થયેલો ને ! 'છાવા'નો આરંભ ઔરંગઝેબથી થયેલો ને !

આમે રાવણ સંસારનો સર્વપ્રથમ વિરાટ વિલન, લાર્જર ધેન લાઈફ ખલનાયક છે, જેનું સર્જન પણ ભારતના મહાકવિએ કર્યું છે, એ રેકોર્ડ કલેઈમ કરવાનો તો આપણે ભૂલી જ જઈએ છીએ ! રાવણનું પાત્ર અસીમ શક્તિશાળી અને પરમ વિદ્વાન શિવભક્તનું છે, એટલે તો દંતકથાઓમાં એને રામને શિવપૂજન કરાવતા પુજારી તરીકે સ્વીકૃત કરવામાં આવ્યો છે ને જે વાલ્મીકિ કે તુલસીદાસજીના રામાયણમાં ક્યાંય નથી એવું શિવતાંડવ સ્તોત્ર એના નામે એટલી હદે ઠસી ગયું છે કે આ ફિલ્મમાં પણ એ મુદ્દે કોઈ વિરોધ નથી કરતું ! જસ્ટ થિંક, દરેક રામકથામાં રાવણનું પાત્ર ભજવતો અભિનેતા વધુ હાઈલાઈટ થયો જ છે.

અરુણ ગોવિલના સૌમ્ય રામ સામે પણ લંકેશ તરીકે અરવિંદ ત્રિવેદી દેશભરમાં છવાઈ ગયેલા. 'હમારે રામ' નાટકમાં પણ બધી વાહવાહી દશાનન તરીકે આશુતોષ રાણા જ લૂંટી જાય છે. આદિપુરુષમાં સૈફ કે ભારત એક ખોજમાં ઓમ પૂરી પણ જામ્યા હતા. એટલે યશને જડબેસલાક જમાવટ કરે એમાં કોઈ કાવતરું નથી. રામ નિયમબદ્ધ છે એટલે એ મર્યાદાથી બંધાયેલા રહે. ને લોકોને આવા કેરેક્ટર પૂજનીય લાગે પણ પ્રિય તો દોષો લાગતા હોય છે અંદરથી ! એક મૂદુભાષી, જ્ઞાની, વિદ્વાન પુરુષ, જેને પોતાની તાકાત સાબિત કરવા માટે કોઈ આક્રમકતાની જરૂર નથી હોતી. તે 'મર્યાદા'નું પાલન કરે છે, 'સંયમ' રાખે છે, બીજાઓનું સન્માન કરે છે અને જરૂર પડ્યે જવાબદારી સ્વીકારે છે... હિંસા એની ઓળખ બન્યા વિના કે અહંકાર એનો ગુણ બન્યા વિના. તે સમાજને વિભાજિત કરવાના બદલે જોડવાનો પ્રયાસ કરે છે, અને એ સવાલ ઉઠાવે છે કે આખરે સમાજે આટલા બધા ભેદભાવોમાં વહેંચાયેલા શા માટે રહેવું જોઈએ!

હવે સાઉથથી પ્રેરિત ભારતીય સિનેમાના હીરોથી સતત સ્ટેરોઈડ્સ પર હાઈ હોય એવા લાગે છે. આક્રમક હિંસક. છુટા વાળ દાઢીવાળા. ઈમોશનલી પોલિટીકલ, જ્યાં મર્દાનગીનો અર્થ જ ક્રોધ અને ગુસ્સો માની લેવાયો છે. ધર્મના નામે આવી ખલનાયકી સ્વીકારી લેતી પબ્લિકને અસલી રામ સરખા હજમ થાય એમ નથી ! સાચા રામ તો એ જ વિચારધારાને પડકારે છે જે એમના નામે ચાલી નીકળી છે. રામમાં છે : ક્રોધ સામે સંયમ. પ્રભુત્વ સામે જવાબદારી. વિભાજન સામે એકતા. આક્રમકતા સામે ગરિમા. દ્વેષ સામે કરુણા. કદાચ રામ વિશે સૌથી શક્તિશાળી વાત એ જ છે કે એમને મજબૂત દેખાવા માટે લાઉડ થવાની, સિક્સ પેક એબ શો કરવાની, બીજાઓ પ્રત્યે નફરત ફેલાવવાની કે પોતાની બહાદુરીની ધમકી આપતી ગર્જના કરવાની જરૂર નથી હોતી! એમની તાકાત એમના ચરિત્રમાં છે, મર્દાનગીના નાટકીય દેખાડામાં નહીં. નેતૃત્વ સાબિત કરવા માટે તેઓ દુશ્મનો ઊભા નથી કરતા, એ ભેદભાવો પર સવાલ ઉઠાવે છે અને લોકોને એકસાથે લાવવાનો પ્રયત્ન કરે છે. 'મર્યાદા પુરુષોત્તમ' હોવું એ પેલી હાઈપર-મેસ્ક્યુલિન સુપરહીરોની ઈમેજ કરતા અલગ છે જે આ ફિલ્મમાં ગજબ શાંતિ અને માસૂમિયતથી રણબીરે યશનાં ગેલેરી ફેન્ડલી રોલથી અલગ ઉપસાવ્યું છે!



રામના ચરિત્રમાં સૌથી મોટો પડકાર એ જ છે કે તમે ઓવરએક્ટ ના કરી શકો. તમે દરેક સંવાદમાં પોતાની હાજરીનો અહેસાસ ના કરાવી શકો. તમારે પોતાના ભીતરના અભિનેતાને નિયંત્રિત કરવો પડે. આનાથી સાવ ઊલટું રાવણનું ચરિત્ર છે. રાવણ વિદ્વાન છે, શક્તિશાળી છે, મહાપરાક્રમી છે, પણ એના વ્યક્તિત્વમાં અહંકાર, આક્રમકતા અને સત્તાનો દંભ પણ છે. એના સંવાદોમાં બુલંદી છે, આંખોમાં અને મિજાજમાં તૂટવું પણ ઝૂકવું નહિ વાળા ગુરુરનો પડકાર છે એમાં દર્શકો ઈમ્પ્રેસ થઈ જાય. રાવણ બનવા અભિનેતાએ પોતાના અભિનયનો વિસ્તાર કરવો પડે, જયારે રામ બનવા એણે અભિનયને અંકુશિત કરવો પડે !

પણ ફિલ્મમાં રામ રાવણના પાત્રોનો એક નવો સમાંતર પ્રવાહ રામાનંદ સાગરની લાઉડ મેલોડ્રામેટિક સિરિયલથી વિરુદ્ધ

અનુસંધાન પાનાનં ૦૬ પર

'આવારા' : ટ્રુલી ઈન્ટરનેશનલ ફિલ્મ!

બાયોસ્કોપવાલા

મન્નુ શેખચલ્લી

આ જે નિતેશ તિવારીની 'રામાયણ'ને એક ઈન્ટરનેશનલ મુવી ગણવામાં આવે છે. પરંતુ ભારતની જો કોઈ સાચા અર્થમાં પહેલી ઈન્ટરનેશનલ ફિલ્મ હોય તો તે રાજકપૂરની 'આવારા' હતી.

મજાની વાત તો એ છે કે રાજ કપૂરે બનાવતી વખતે કદી વિદેશી ઓડિયન્સ વિશે વિચાર્યું પણ નહોતું! એમણે તો હાડોહાડ ભારતીય ઈમોશનલ ઓડિયન્સ માટે જ ફિલ્મ બનાવી હતી.

જેમાં કડક ડ્રામા, ભરપૂર લાગણીઓ, મસ્ત મજાનાં ગાયનો, દિલફેંક રોમાન્સ, રૂપાળું ગ્લેમર અને ચકાચૌંધ કરી દેનારા સેટ પણ હોય ! પરંતુ વિદેશી પ્રેક્ષકોને એ બધામાં જ જલસો પડી ગયો!

આજે તો સાંભળીને પણ નવાઈ લાગે કે 'આવારા'ની માત્ર રશિયામાં ૧૦૦ મિલીયન (એટલે ૧૦ કરોડ) ટિકીટો વેચાઈ હતી ! એ જ રીતે ચીનમાં પણ એ જમાનામાં ૧૦ કરોડ ચીનાઓએ થિયેટરોમાં જઈને 'આવારા' જોયું હતું ! આજે ભલભલી બ્લોક બસ્ટર હિન્દી ફિલ્મો ભલે ૧૦૦૦ કરોડનો વકરો બતાડે પણ થિયેટરમાં જઈને ફિલ્મ જોનારાની સંખ્યા માંડ ૩ કે ૪ કરોડે પહોંચી હોય. (એ પણ ૧૪૦ કરોડના દેશમાં !)

'આવારા'ની ઈન્ટરનેશનલ લોકપ્રિયતા તો ગજબની હતી. રશિયામાં સુપરહિટ થવા ઉપરાંત તે યુરોપના બલ્ગેરીયા, રોમાનિયા, તાઝિકીસ્તાન, અજરબૈજાન (તે વખતે સોવિયેત સંઘમાં હતાં) ઉપરાંત તૂર્કિયે અને હંગેરી જેવા દેશોમાં પણ હિટ થઈ ગઈ હતી.

૧૯૫૧માં બનેલી 'આવારા' રશિયામાં ૧૯૫૪માં રિલીઝ થતાંની સાથે ચાર જ દિવસમાં ૧૫ લાખ લોકોએ જોઈ કાઢી હતી ! અને સાંભળો, 'આવારા'ની ટોટલ કમાણીનો એ રેકોર્ડ છેક ૧૯૬૪ની એક 'એમ્ફિબિયન મેન' નામની રશિયન ફિલ્મથી જ તૂટ્યો હતો! દસ દસ વરસ સુધી ટોપ પર, બોસ!

ચીનમાં પણ 'આવારા' ૧૯૫૫માં રિલીઝ થઈ ત્યારે પહેલા જ વીકમાં ચાર લાખ લોકોએ જોઈ હતી ! એ તો ઠીક, ૧૯૭૮માં એ ફરી રિલીઝ થયેલી. તે વખતે પણ કુલ ચાર કરોડ ટિકીટો વેચાયેલી!



અભી તો રૂકો.... 'આવારા'ના તો વિદેશમાં રિ-મેક પણ થયા છે ! (રાજ સાહેબને રોયલ્ટી આપ્યા વિના જ ને !) તૂર્કીયેમાં ૧૯૬૪માં પહેલીવાર એનો રિમેક બન્યા પછી ૧૯૭૭ સુધીમાં એના ને એના આઠ વાર રિ-મેક બની ચૂકયા છે ! (આ તુર્કી ફિલ્મ મેકરોને બીજી વારતાઓ જ નહીં મળતી હોય ?)

અને હા, સોશિયલ મિડીયામાં તમે કદાચ 'આવારા હું'... ગાયન કોઈ વિદેશી એકટરના મોઢે ગવાતું જોયું હશે. એમાં તો સીન બાય સીન સરખાપણું છે કે હીરો પેલી ટ્રકમાં ચડી જાય છે, જ્યાં મજુરણ ટાઈપની સુંદર યુવતીઓ હિરોને બહુ ભાવ આપે છે..

આ વિડીયો સાથે એવી કોમેન્ટ આવતી હતી કે 'જુઓ! રાજ કપૂરે ઉઠાંતરી કરી છે!' પરંતુ હકીકત એ છે કે તૂર્કીવાળાએ જ બિન્દાસ નકલ મારી હતી ! (પણ આપણું તો ગુલામી માનસ રહ્યું ને? એટલે ફટ લેતાંકના માની લઈએ કે રાજ કપૂર જ ચોર છે!)

એમ તો ૧૯૬૭માં ઈરાની ફિલ્મ 'વ્હીલ ઓફ ધ યુનિવર્સ'ને તુર્કી ફિલ્મ 'એવરે'ની નકલ માનવામાં આવે છે, જે 'આવારા'ની હિટ થયેલી રિ-મેક હતી! મતલબ કે ઝેરોક્સની પણ ઝેરોક્સ! બોલો.

'આવારા'નું મ્યુઝિક તો આજે પણ એવરગ્રીન છે. તો સાથે સાથે એ પણ જાણી લો કે 'આવારા હું' ગાયન તો લગભગ દરેક ભાષાની રિ-મેકમાં વપરાયું છે. આ ગીતની લોકપ્રિયતાનો આંખે દેખ્યો પરચો અમે એનઆઈડીમાં ૧૯૭૯માં જોયો હતો. એક ઈન્ટરનેશનલ ડિઝાઈન કોન્ફરન્સમાં આવેલા એક ઝેકોસ્લોવેકિયન સજ્જને રીતસર જીદ કરી હતી કે મારે તમારા સ્ટેજના માઈકમાં 'આવારા હું..' ગાવું છે! એમણે પોતાની સંગત માટે જાતે જ હાર્મોનિયમ પણ વગાડ્યું હતું! (પેલું 'ટૅ...ણેણેણે...' વાગે છે ને, એ!)

અચ્છા, આફ્રિકન દેશો, વેસ્ટ ઈન્ડીઝના દેશો અને અફઘાનિસ્તાનમાં તો 'આવારા' હિટ હતી જ, પણ ગ્રીસમાં એક લોકગાયકે તો 'તેરે બિના આગ યે ચાંદની..' ગાયનની ધૂન પરથી પોતાનું નવું ગીત બનાવ્યું હતું. (એ પણ હિટ, હોં!)

અચ્છા, આટલા બધા ઈન્ટરનેશનલ વ્યાપનું કારણ શું? શું રાજ કપૂરે પોતાના જોખમે તેને રશિયામાં રિલીઝ કરેલી? ના. કહાણી કંઈ અલગ છે...

વાત એમ હતી કે તે વખતે નહેરુજીના યુગમાં ભારત રશિયાની ઘણું નજીક હતું. નહેરૂજી ભારતને અમેરિકન કેપિટાલિસ્ટ માર્ગે નહીં પણ રશિયાના 'સોશિયાલિસ્ટ' મોડેલ તરફ લઈ જવા માગતા હતા. આ દરમ્યાન ભારતના અનેક બુધ્ધિજીવીઓ, લેખકો, વિદ્વાનો પત્રકારો તથા પ્રોફેસરોને સોવિયેત સંઘના સાંસ્કૃતિક પ્રવાસે લઈ જવામાં આવતા હતા. આવામાં કોઈ રાજદ્વારીની નજરમાં 'આવારા' આવી ગયું ! એમને થયું કે ભારત અને સોવિયેત સંઘને જોડવા માટે આ બેસ્ટ મુવી છે.

એટલે 'આવારા'ને 'સોશિયાલિસ્ટ' થિમવાળી ફિલ્મ તરીકે રશિયામાં પ્રોજેકટ કરવામાં આવી. (આજે પણ ભારતના અમુક વિવેચકોને એમાં 'સમાજવાદ' દેખાય છે !) ખરેખર જોવા જાવ તો 'આવારા'માં સમાજવાદનાં ના તો કોઈ ગુણગાન હતાં કે ના તેનાં કોઈ ભાષણ હતાં. બલ્કે જો કોઈ 'સંદેશ' જેવું હોય તો એ હતું કે 'માણસ જન્મથી નહીં, સંજોગોથી ગુનેગાર બને છે.'

પરંતુ એકવાર સોશિયાલિસ્ટ થિમનું લેબલ ચાલ્યું એટલે ચીને પણ 'આવારા'ને ખભે ઉપાડી લીધી. બીજી તરફ યુરોપના જે દેશોમાં સામ્યવાદનો પ્રભાવ હતો તેમણે રશિયાનું જોઈને 'આવારા'ને આવકાર આપ્યો.

ખેર, જે હોય તે, આપણે તો એમ જ માનવાનું કે બોસ, રાજ કપૂરની સ્ટોરીમાં અને એની માવજતમાં જે તાકાત હતી એનાથી જ ત્યાંની આમજનતા મેસ્મેરાઈઝ થઈ ગઈ હતી.

રાજ કપૂરે બનાવતી વખતે કદી વિદેશી ઓડિયન્સ વિશે વિચાર્યું પણ નહોતું! એમણે તો હાડોહાડ ભારતીય ઇમોશનલ ઓડિયન્સ માટે જ ફિલ્મ બનાવી હતી

- **લેખક કે. એ.અબ્બાસે આ સ્ટોરી પહેલાં મહેબૂબ ખાનને સંભળાવી હતી. તે અશોક કુમાર અને દિલીપ કુમારને લઈને 'આવારા' બનાવવા માગતા હતા પણ કે.એ. અબ્બાસને આ વાત જામી નહીં.**
- **જ્યારે 'આવારા'નું શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે પૈસાના અભાવે આરકે સ્ટુડિયોની દીવાલો અધૂરી રહી હતી અને છત તો બની જ નહોતી. એટલે ત્યાં માત્ર રાતના ટાઈમે જ શૂટીંગ થતું હતું.**
- **'આવારા'ની ડ્રિમ સિકવન્સનાં ગાયનમાં જે જમીન પર ફેલાતું આટલું બધું ધૂમ્મસ (કે વાદળ) શી રીતે બનાવ્યું હશે તેનું આજે પણ લોકોને તાજ્જુબ છે !**
- **તે વખતે ડ્રાય આઈસ વડે કેમિકલ રિએકશનથી ગોટેગોટા બનતા હતા. પરંતુ આટલી મોટી માત્રામાં સફેદ ધૂમાડો પેદા થવાથી ડાન્સરોને વારંવાર શ્વાસની તકલીફ થતી હતી.**
- **આ ડ્રિમ સિકવન્સનાં ત્રણ ગીતોનું શૂટિંગ સેટ્સના નિર્માણ સાથે ત્રણ મહિના જેટલું ચાલ્યું હતું જેનું બજેટ એટલું મોટું હતું કે એ જમાનાની એકાદ આખી ફિલ્મ બની શકે!**

આવી રહી છે આંધી... માઈક્રો ડ્રામાની!

સિનેમા એક્સપ્રેસ

શિશિર રામાવત

સૌ થી પહેલાં તો થોડી સિચ્યુએશન્સ સાંભળો:

એક સ્ત્રી છે. એને એક દિવસ અચાનક ખબર પડે છે કે જેને પોતે લલ્લુરામ સમજતી હતી એ મારો પતિ હકીકતમાં અબજોપતિ છે. પછી?

એક યુવતીનાં ગણતરીના દિવસોમાં લગ્ન થવાનાં છે ને એક દિવસ અચાનક એને ખબર પડે છે કે મારા ભાવિ ભરથારનું મારી સગી બહેન સાથે ચક્કર ચાલે છે. ફિર ક્યા હુઆ?

એક સજ્જન માણસ છે, જેને એક દિવસ અચાનક ખબર પડે છે કે મારો દિલનો ટુકડો, મારો દેવનો દીધેલો, મારો સુપુત્ર ખરેખર મારું સંતાન છે જ નહીં, એનો અસલી બાયોલોજિકલ બાપ તો કોઈ બીજો છે. ઓહ નો! વ્હોટ નેક્સ્ટ?



આ સવાલના જવાબ મેળવવા માટે તમારે ઝાઝું કંઈ કરવાનું નથી. તમારે નેક્સ્ટ એપિસોડ જોઈ લેવાનો છે. આ કામ તમે લિફ્ટ માટે રાહ જોતા હશો ત્યારે પણ કતારમાં ઊભા ઊભા આસાનીથી કરી શકશો, કેમ કે એપિસોડ ફક્ત ત્રણ મિનિટ લાંબો છે.

વાત થઈ છે મનોરંજનની દુનિયામાં આવી રહેલા, ના, આવી ચૂકેલા નવા તોફાનની. આ નવતર આંધીનું નામ છે, માઈક્રો ડ્રામા. નામ એવા જ ગુણ છે. આ એવી સિરીઝ છે, જે તમારે મોબાઈલ પર જોવાની છે. ત્રણ-ત્રણ મિનિટના એપિસોડ છે. અરે, ક્યારેક તો આખો એપિસોડ માત્ર ત્રીસ-પાંત્રીસ સેકન્ડમાં પૂરો થઈ જાય એવો ખરેખર 'માઈક્રો' હોય છે. આમ છતાંય આ ટચુકડા એપિસોડમાં એ બધું જ હોય જે વીસ-પચીસ-પચાસ મિનિટના ઓટીટી શો કે ટીવી સિરીયલમાં જોવા મળે છે - સ્પષ્ટ શરૂઆત-મધ્ય-અંત, સડસડાટ વહેતી ધારાવાહિક વાર્તા, દરેક એપિસોડની અંતે 'હવે શું થશે?' એવો સવાલ પેદા કરતો ટ્વિસ્ટ, અને ખાસ તો, જોરદાર ઘટનાઓ અને લાગણીની ધમાચકડી. એક માઈક્રો ડ્રામામાં ૯૦ સેકન્ડના ૬૦ એપિસોડ હોઈ શકે છે. એટલે કે કુલ ૯૦ મિનિટની વાર્તા. બીજા શબ્દોમાં કહીએ તો, તમે એક આખી ફીચર ફિલ્મ ૬૦ હપ્તામાં વહેંચાયેલી જોઈ શકો છો. એપિસોડની સંખ્યા અને મિનિટો વત્તી-ઓછી હોઈ શકે છે. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરતા હો ત્યારે અચાનક સ્ક્રીન પર 'લાંબી રીલ' જેવો લાગતો માઈક્રો ડ્રામાના એપિસોડનો રસિક ટુકડો આવી જતો હોય એવું તમારે પણ થયું હશે.

સમજી લો કે માઈક્રો ડ્રામા એ માત્ર સોશિયલ મીડિયાનો નવો ટ્રેન્ડ નથી. તે મનોરંજનનું એક નવું ફોર્મેટ છે, વાર્તા કહેવાની નવી શૈલી છે અને ફિલ્મ તથા ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીનું સંભવિત નવું, આંતરરાષ્ટ્રીય કક્ષાનું બિઝનેસ મોડલ છે. ભારતની વાત કરીએ તો યશરાજ ફિલ્મ્સ, કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ, શાહરૂખ ખાનનું રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ, આમિર ખાનનું બેનર, ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીનું એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ, ટી-સિરીઝ, હંગામા વગેરે જેવાં મોટાં નામોએ માઈક્રો ડ્રામાની ઉઘડી રહેલી મહામાર્કેટમાં એન્ટ્રી મારી છે. મોટાં મોટાં પ્રોડક્શન હાઉસીસ ઉપરાંત ઈન્વેસ્ટરો, સ્ટ્રીમિંગ એપ્સ અને વિજ્ઞાપનદાતાઓ પણ માઈક્રો ડ્રામામાં પ્રવેશી રહ્યા છે, કેમ કે સૌને એમાં મલાઈ દેખાય છે.

આંકડાબાજી કરતાં પહેલાં એ જાણીએ કે માઈક્રો ડ્રામાની શરૂઆત ક્યાં અને કેવી રીતે થઈ? જવાબ છે, માઈક્રો ડ્રામાનો પ્રારંભ ૨૦૧૮ની આસપાસ ચીનમાં થયો હતો. માઈક્રો ડ્રામા માટે ચાઈનીઝ શબ્દ છે 'ડુઆન્જુ', જેનો અર્થ 'શોર્ટ ડ્રામા' થાય છે. આ ફોર્મેટ ચીનની ઝડપથી વિસ્તરી રહેલી મોબાઈલ-વીડિયો ઈકોસિસ્ટમમાંથી ઉભરી આવ્યું હતું. ખાસ કરીને વીચેટ પ્રકારનાં પ્લેટફોર્મ્સ દ્વારા.

એવું તે શું છે કે યશરાજ ફિલ્મ્સ, કરણ જોહર, શાહરૂખ ખાન, આમિર ખાન ઉપરાંત ઇન્વેસ્ટરો, સ્ટ્રીમિંગ એપ્સ અને વિજ્ઞાપનદાતાઓએ માઇક્રો ડ્રામા તરફ દોટ મૂકી છે?

અનુસંધાન પાનાનં ૦૬ પર